સૌરાષ્ટ્ર આવૃત્તિ

દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 246 ■ વિક્રમ સંવત ૨૦૮૧


આશ્વિન વદ-૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 17 October 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

શુક્રવાર, ૧૭ ઑક્ટોબર ૨૦૨૫, (૧૨ પાનાં,) કિંમત ₹ ૧૦.૦૦ મેટિની પૂર્તિ

LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ગુજરાતમાં જૂના ૧૬માંના ડઝન પ્રધાનનું પત્તું કપાશે, ડેપ્યુટી સીએમ મળશે



**સૌરાષ્ટ્રમાં આમ આદમી પાર્ટીના વધતા જોરને ધ્યાનમાં રાખીને પાર્ટી સૌરાષ્ટ્રના પાટીદાર નેતાઓનો સમાવેશ નવા પ્રધાનમંડળમાં કરી શકે છે**


**ગાંધીનગરના મહાત્મા મંદિરમાં આજે સવારે ૧૧.30 વાગ્યે શપથવિધિ**

**ભૂપેન્દ્ર પટેલ સિવાય તમામ પ્રધાનોનાં રાજીનામાં**

**અર્જુન મોઢવાડિયા,જયેશ રાદડિયા, મહેશ કસવાલા, જીતુ વાઘાણી, રિવાબા જાડેજાનાં બોલાતાં નામ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના પ્રધાનમંડળનું આજે વિસ્તરણ થશે અને ભાજપ ૨૦૨૧ની નો-રિપીટ થિયરીને અપનાવી શકે છે. વર્તમાન ૧૬ સભ્યોના પ્રધાનમંડળમાંથી લગભગ એક ડઝન પ્રધાનને દૂર કરીને, અંદાજે ૧૪થી ૧૫ નવા પ્રધાનોનો સમાવેશ થાય તેવી શક્યતા છે. ગઈ કાલે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સિવાય તમામ પ્રધાનોએ રાજીનામાં આપી દીધા હતા. આ ઉપરાંત નાયબ મુખ્ય પ્રધાન (ડેપ્યુટી સીએમ) બનાવવાની પણ ચર્ચાઓ ચાલી રહી છે. વિસ્તરણમાં નવા પ્રધાનોની શપથવિધિ આજે સવારે ૧૧.૩૦ કલાકે ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે યોજવામાં આવશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી રાજ્ય પ્રધાનમંડળના આ વિસ્તરણમા (જુઓ પાનું ૨) ▸▸



**જ્યોતિર્લિંગની શરણેઃ** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે આંધ્ર પ્રદેશમાં નંદયાલ જિલ્લામાં શ્રી ભ્રમરમ્બા મલ્લિકાર્જુન સ્વામી વરલા દેવસ્થાનમમાં પૂજા-અર્ચન અને દર્શન કર્યા હતા. ભાજપ સૂત્રોના જણાવ્યા અનુસાર વડા પ્રધાન મોદીએ પંચમુરલુ(ગાયના દૂધ, ગાયના દહીં, ગાયના ઘી, મધ અને ખાંડથી બનેલું પવિત્ર મિશ્રણ)થી રુદ્રાભિષેક કર્યો હતો. આ દરમિયાન મુખ્ય પ્રધાન એન. ચંદ્રબાબુ નાયડુ અને નાયબ મુખ્ય પ્રધાન પવન કલ્યાણ તેમની સાથે હતા. મલ્લિકાર્જુન સ્વામી મંદિર ૧૨ જ્યોતિર્લિંગો પૈકીનું એક અને બાવન શક્તિપીઠો પૈકીનું એક છે. આ મંદિરની એક અનોખી વિશેષતા એ છે કે એક જ સંકુલમાં એક જ્યોતિર્લિંગ અને એક શક્તિપીઠનું સહઅસ્તિત્વ છે. જે સમગ્ર દેશમાં આ પ્રકારનું એકમાત્ર મંદિર છે. (એજન્સી)

**રશિયા પાસેથી ઑઇલ નહીં ખરીદવાની ખાતરી મોદીએ આપી હોવાના અમેરિકન પ્રમુખના વિધાન પર ભારતનો જવાબ...**

## ‘ટ્રમ્પ સાથે કોઈ વાત થઈ નથી’

નવી દિલ્હીઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રશિયા પાસેથી ખનિજ તેલ (ક્રૂડ ઑઇલ) નહીં ખરીદવાની બાંયધરી અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને ફોન પર આપી હોવાના દાવાને નવી દિલ્હીએ ખોટો ગણાવ્યો હતો અને સ્પષ્ટતા કરી હતી કે મોદી અને ટ્રમ્પની વચ્ચે ફોન પર આવી કોઇ વાત જ નથી થઇ.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સાપ્તાહિક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે મોદી અને ટ્રમ્પની વચ્ચે ગઇ કાલે (બુધવારે) ફોન પર આવી કોઇ વાત થઇ હોવાની મને ખબર નથી.

અગાઉ, ભારતે રશિયાનું ખનિજ તેલ ખરીદવાનું બંધ કરવાની બાંયધરી આપી હોવાનું કહેતા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના દાવાના સંદર્ભે નવી દિલ્હીએ ગુરુવારે સ્પષ્ટતા કરી હતી કે ભારત પોતાની જરૂરિયાતને ધ્યાનમાં (જુઓ પાનું ૨) ▸▸

## અમદાવાદ પ્લેન ક્રૅશની અદાલતી તપાસ કરાવોઃ પાઈલટના પિતા સુપ્રીમ કૉર્ટમાં

નવી દિલ્હીઃ ૧૨મી જૂને અમદાવાદથી ઉડ્ડયન ભર્યાના તુરંત બાદ દુર્ઘટનાગ્રસ્ત થયેલા ઍર ઈન્ડિયાના બૉઈંગ ૭૮૭ ડ્રીમલાઈનરનું સુકાન સંભાળનાર દિવંગત કેપ્ટન સુમિત સભરવાલના પિતાએ ફેડરેશન ઑફ ઈન્ડિયન પાઈલટ્સ (એફઆઈપી) સાથે મળીને ઘટનાને મામલે ન્યાયતંત્રની દેખરેખ હેઠળ તપાસ યોજવાની માગણી સાથે સુપ્રીમ કોર્ટના દ્વાર ખટખટાવ્યા છે. ઍરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરો (એએઆઈબી) દ્વારા હાલ ઘટનાને મામલે ચાલી રહેલી તપાસ બંધ કરવાની પણ તેમણે માગણી કરી છે. બંધારણની કલમ ૩૨ અંતર્ગત ૧૦ ઑક્ટબરે દાખલ કરવામાં આવેલી અરજીમાં ઘટનાને મામલે યોગ્ય, ન્યાયી અને પારદર્શક તપાસ યોજવા (જુઓ પાનું ૨) ▸▸

## કર્ણાટકમાં આરએસએસની પ્રવૃત્તિ પર ‘નજર રખાશે’

**કૅબિનેટનો નિર્ણયઃ નિગરાની રાખવા નિયમો ઘડાશે**

બેંગલૂરુઃ કર્ણાટક કૅબિનેટે રાજ્યમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની સાર્વજનિક કે સરકારી સ્થળે કરાતી પ્રવૃત્તિ પર ‘બારીકાઇ’થી નજર રાખવા નિયમ ઘડવાનો ગુરુવારે નિર્ણય લીધો હતો. કર્ણાટકના માહિતી તંત્રજ્ઞાન અને બાયોટૅક્નોલૉજી વિભાગના પ્રધાન પ્રિયાંક ખડગેએ મુખ્ય પ્રધાન સિદ્ધરમૈયાને આરએસએસ તેમ જ તેની સાથે સંકળાયેલા સંગઠનોની પ્રવૃત્તિ બંધ કરવા પગલાં લેવાની વિનંતિ કરતો પત્ર લખતા પ્રધાનમંડળે સંબંધિત નિર્ણય લીધો હતો. રાજ્યના કેબિનેટની બેઠક બાદ પ્રિયાંક ખડગેએ પત્રકારોને જણાવ્યું હતું કે સાર્વજનિક સ્થળ, સરકારી શાળાઓ, કૉલેજો, સરકારી ઇમારતો, સરકારી સંસ્થાઓ અને સરકારી (જુઓ પાનું ૨) ▸▸

## કપિલ શર્માની કૅફે પર બિશ્નોઈ ગૅંગ દ્વારા ગોળીબાર કરાયો

ઓન્ટેરિયોઃ ભારતના કૉમેડિયન કપિલ શર્માની કૅનેડાના સરેમાં આવેલી કેપ્સ કૅફેની બહાર ગોળીબાર થવાનો બનાવ ફરી બન્યો છે. અહેવાલ પ્રમાણે કૅફેના પરિસરમાં ત્રણ રાઉન્ડ ફાયર કરાયા હતા. આમાં કોઈને ઈજા થવાના અહેવાલ નથી. આ બનાવનો વીડિયો પણ વાયરલ થયો છે, જેમાં ગોળીબાર બાદ કૅફેની બહારની ક્ષણો દેખાય છે. લોરેન્સ બિશ્નોઈ ગેંગના ગૅંગસ્ટર ગોલ્ડી ધિલ્લોં અને કુલવિર સિધુ (નેપાળી)એ હુમલાની જવાબદારી લીધી છે. આ ગૅંગે ફાયરિંગ પછી સોશ્યલ મીડિયા પર સંદેશો મૂક્યો હતો. સ્થાનિક પોલીસે આ (જુઓ પાનું ૨) ▸▸




ગ્રીન ફટાકડાઃ દિલ્હીમાં ગુરુવારે દિવાળીના તહેવાર અગાઉ જામા મસ્જિદ નજીક ગ્રીન ફટાકડાની ખરીદી કરી રહેલા લોકો. સુપ્રીમ કોર્ટે બુધવારે દિલ્હી અને એનસીઆર વિસ્તારમાં પરંપરા, પર્યાવરણ અને આરોગ્યનું સંતુલન જળવાય એ શરતે ગ્રીન ફટાકડા વેચવાની અને ફોડવાની બુધવારે પરવાનગી આપી હતી. (એજન્સી)

## બિહારમાં મતદારયાદીની સમીક્ષા સચોટઃ સુપ્રીમ કૉર્ટમાં ચૂંટણી પંચે કહ્યું

નવી દિલ્હીઃ ચૂંટણી પંચે ગુરુવારે બિહાર એસઆઈઆર કવાયતને ‘સચોટ’ ગણાવી હતી અને સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે અરજદાર રાજકીય પક્ષો અને એનજીઓ આ કવાયતને બદનામ કરવા માટે ફક્ત ‘‘ખોટા આરોપો‘‘ લગાવીને સંતોષ માની રહ્યા છે.

ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટને એમ પણ કહ્યું હતું કે અંતિમ મતદાર યાદી જાહેર થયા પછી કોઈ પણ મતદાર દ્વારા નામ હટાવવાની વિરુદ્ધમાં એક પણ અરજી દાખલ કરવામાં આવી નથી.

જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની ખંડપીઠે ચૂંટણી રાજ્યમાં રેલીઓને કારણે સુનાવણીમાં રાજકીય પક્ષોની ગેરહાજરીની નોંધ લીધી હતી અને જણાવ્યું હતું કે તે અપેક્ષા રાખે છે કે ચૂંટણી પંચ સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) પ્રક્રિયા પછી તૈયાર કરાયેલ બિહાર મતદાર યાદીની અંતિમ યાદીમાં ટાઇપિંગ ભૂલો અને અન્ય ભૂલોની તપાસ કરશે અને સુધારાત્મક પગલાં લેશે.

બિહાર એસઆઈઆર કરાવવાના ચૂંટણી પંચના ૨૪ જૂનના નિર્ણયને પડકારતી અરજીઓને ફગાવી દેવાની માંગ કરતા ચૂંટણી પંચે જણાવ્યું હતું કે અરજદારોના ‘‘છૂપાયેલા હેતુઓ‘‘ છે અને તેઓ રાજકીય પક્ષોના ચૂંટણી હિત માટે એસઆઈઆર પ્રક્રિયા, અંતિમ મતદાર યાદી અને ચૂંટણી પંચને બદનામ કરવા માટે ફક્ત ‘‘ખોટા આરોપો’’ લગાવીને સંતોષ માને છે.

ચૂંટણી પંચે પોતાના સોગંદનામામાં જણાવ્યું હતું કે બૂથ લેવલ એજન્ટો (બીએલએ) ની નિમણૂક સિવાય રાજકીય પક્ષો અને જાહેર ભાવના ધરાવતા વ્યક્તિઓ અને સંગઠનોએ એ સુનિશ્ચિત કરવામાં કોઈ નોંધપાત્ર યોગદાન આપ્યું નથી કે તમામ લાયક મતદારોને અંતિમ મતદાર યાદીમાં સામેલ કરી શકાય. રાજકીય પક્ષો અને અરજદારોનો અભિગમ ચૂંટણી પંચ પર આરોપ લગાવવાનો અને એસઆઈઆર પ્રક્રિયામાં ભૂલો શોધવાનો રહ્યો છે. તેનાથી વિપરીત ચૂંટણી પંચે માત્ર ૯૦,૦૦૦ થી વધુ બીએલઓની નિમણૂક કરી હતી. સાથે સાથે રાજકીય પક્ષોને પણ સામેલ કર્યા છે અને બીએલએની નિમણૂક કરાવી છે. આ કવાયત એચટુએચ આધાર પર આયોજીત કરવામાં આવી હતી જેમાં એકથી વધુ વખત મુલાકાતો લેવામાં આવી. તમામ સંબંધિત ડેટા વેબસાઇટ્સ પર અપલોડ કરવામાં આવ્યા હતા,‘‘

## કૂચિપૂડી નૃત્યાંગનાં અરુણિમા કુમારને યુકેના રાજાનો ચંદ્રક

લંડનઃ કૂચિપૂડી નૃત્યાંગનાં અરુણિમા કુમાર યુકેના રાજા ચાર્લ્સ ત્રીજાના ચંદ્રક (માનદ્ બ્રિટિશ એમ્પાયર મેડલ) માટે પસંદ થયેલા સૌપ્રથમ કૂચિપૂડી ડાન્સર બન્યાં છે.

અરુણિમા કુમારે ભારતીય લોકનૃત્ય, કૂચિપૂડી અને સમાજ માટે આપેલા યોગદાનને કારણે તેમને આ ચંદ્રક માટે પસંદ કરાયાં હતાં. તેમણે વિવિધ વૈશ્વિક મંચ પર કૂચિપૂડી નૃત્યના કાર્યક્રમ રજૂ કર્યા હતા. તેમણે બકિંગહેમ પેલેસમાં, રાણી એલિઝાબેથ બીજાના જૂબિલી સેલિબ્રેશનમાં અને લંડનના ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ ખાતે દિવાળીની ઉજવણી વખતે ડાન્સ કર્યો હતો.

અરુણિમા કુમારે આ ચંદ્રક માટે પસંદ થયા બાદ ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે યુકેના રાજા દ્વારા આ આંતરરાષ્ટ્રીય સન્માન મળવાથી બહુ ખુશી થઇ છે. મારા માટે આ ચંદ્રક માત્ર અંગત સન્માન નથી, પરંતુ ભારતીય લોકનૃત્યને વૈશ્વિક સ્તરે મળેલી પ્રતિષ્ઠાની ઉજવણી છે. (એજન્સી)

## ૨૧મી સદી ભારતની, વિકસિત ભારત ૨૦૪૭ સુધી બનશેઃ મોદી

કુર્નુલ (આંધ્ર પ્રદેશ) : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરવારે કહ્યું હતું કે એકવીસમી સદી ૧૪૦ કરોડ ભારતીયોની છે અને દેશ ૨૦૪૭ સુધી ‘વિકસિત ભારત’ બનશે.

દેશની મેક ઈન ઈન્ડિયા ઈકોસિસ્ટમને બિરદાવતાં મોદીએ કહ્યું હતું કે ૨૨ એપ્રિલના પહલગામ આતંકવાદી હુમલા પછી કરવામાં આવેલા ઑપરેશન સિંદૂરમાં પાકિસ્તાનના સરહદપારના આતંકી અડ્ડા પર કરેલા લશ્કરી હુમલામાં દેશી બનાવટની વસ્તુઓની તાકાત જોવા મળે છે. આઝાદીની શતાબ્દી ૨૦૪૭ સુધી દેશ વિકસિત ભારત બની જશે. હું આત્મવિશ્વાસ સાથે કહી રહ્યો છું કે ૨૧મી સદી ભારતની છે.

વડા પ્રધાને વધુમાં કહ્યું હતું કે આંધ્ર પ્રદેશમાં હવે મુખ્ય પ્રધાન એન. ચંદ્રબાબુ નાયડુ અને તેમના નાયબ મુખ્ય પ્રધાન પવન કલ્યાણની દુરંદેશી નેતાગીરી છે. રાજ્યને કેન્દ્ર સરકારનો સંપૂર્ણ સહકાર મળે છે. તેમણે કહ્યું હતું કે ગૂગલના એઆઈ હબ ઈન્વેસ્ટમેન્ટને લીધે નવો આંતરરાષ્ટ્રીય સબ-સી ગેટવે ખોલવામાં આવશે જેમાં અનેક દેશની સમુદ્ર નીચેની કેબલ સિસ્ટમને જોડવામાં આવશે. તેઓ પૂર્વના કાંઠે વિશાખાપટ્ટનમ આવશે. છેલ્લા ૧૬ મહિનાથી આંધ્ર પ્રદેશમાં વિકાસનું વાહન અતિ ઝડપથી ચાલી રહ્યું છે અને ડબલ એન્જિન સરકારના રાજમાં અભૂતપૂર્વ પ્રગતિ થઈ રહી છે. (એજન્સી)

## બિહારમાં બુરખાધારી મતદારની ઓળખ ચકાસવાના નિર્ણયનો બચાવ કર્યો ચૂંટણી પંચે

નવી દિલ્હીઃ બિહાર વિધાનસભાની ચૂંટણી દરમિયાન મતદાન કરવા મતદાન મથક પર પહોંચેલી બુરખાધારી મહિલાઓની ઓળખની ચકાસણી કરવાનાં ચૂંટણી પંચે આપેલા આદેશને પાછો ખેંચવાની વિપક્ષે માગણી કરી હોવા વચ્ચે ચૂંટણી પંચે આ નિર્ણયનો અમલ કરવાનો એમ કહીને બચાવ કર્યો હતો કે ટી. એન. શેષન જ્યારે ચૂંટણી પંચના વડા હતા ત્યારે એટલે કે વર્ષ ૧૯૯૪માં લેવાયેલા નિર્ણયનો જ અમે અમલ કરી રહ્યા છીએ.

બિહાર વિધાનસભાની ચૂંટણી દરમિયાન મતદાન કરવા મતદાન મથક પર પહોંચેલી બુરખાધારી મહિલાઓની ઓળખની ચકાસણી કરવાનો ચૂંટણી પંચે લીધેલો નિર્ણય પાછો ખેંચી લેવાની સમાજવાદી પક્ષે મગણી કરી છે.

ચૂંટણી પંચના પ્રવક્તાના જણાવ્યાનુસાર ઑક્ટોબર ૧૯૯૪માં ચૂંટણી પંચે મતદાન કરવા મતદાન મથકે પહોંચેલી બુરખાધારી મહિલાની ઓળખની ગૌરવપૂર્ણ રીતે ચકાસણી કરવાનો આદેશ આપ્યો હતો. (એજન્સી)

## જૂથ વિવાદઃ ઇન્દોરમાં ૨૪ ટ્રાન્સજેન્ડરે ફિનાઇલ પી લીધું

ઇન્દોરઃ અધિકારીઓએ જણાવ્યું હતું કે જૂથ વિવાદ દરમિયાન સમુદાયના હરીફ જૂથના ૨૪ સભ્યોએ કથિત રીતે ફિનાઇલ પીધા બાદ મધ્ય પ્રદેશના ઇન્દોર શહેરમાં પોલીસે ગુરુવારે એક ટ્રાન્સજેન્ડર જૂથના નેતાની અટકાયત કરી હતી.

શાસક ભારતીય જનતા પાર્ટી (ભાજપ)નું એક પ્રતિનિધિમંડળે સ્થાનિક પોલીસ અધિકારીઓને મળ્યું હતું અને ટ્રાન્સજેન્ડર જૂથો વચ્ચેના જૂથ વિવાદથી શહેરની છબી ખરડાઈ રહી છે એમ કહીને ઊંડાણપૂર્વક તપાસ અને દોષિતો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

બુધવારે રાત્રે ઇન્દોરના નંદલાલપુરા વિસ્તારમાં આ ઘટના બની હતી, જેના પગલે કથિત રીતે ફિનાઇલ પીધેલા ટ્રાન્સજેન્ડરોને અહીં સરકાર સંચાલિત મહારાજા યશવંતરાવ હોસ્પિટલ (એમવાયએચ)માં દાખલ કરવામાં આવ્યા હતા.

એડિસી રાજેશ દંડોટિયાએ જણાવ્યું હતું કે સ્થાનિક તૃતીય પંથી જૂથના નેતા સપના ગુરુ, ઉર્ફે સપના હાજીની પંઢરીનાથ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કેસના આધારે ધરપકડ કરવામાં આવી હતી.

તેમણે જણાવ્યું હતું કે બીજા ટ્રાન્સજેન્ડર જૂથના સભ્યોએ આરોપ લગાવ્યો હતો કે સપના હાજી અને તેના ત્રણ સહયોગીએ સમુદાયની એક પરિષદ માટે એકત્રિત કરેલી સુરક્ષા ડિપોઝિટ પરત કરવાનો ઇનકાર કર્યો હતો, અને તેમના પર હુમલો કર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

આ ટ્રાન્સજેડર જૂથે એવો પણ આરોપ લગાવ્યો હતો કે સપના હાજી અને તેના સહયોગીઓ દ્વારા કરવામાં આવતી હેરાનગતિથી કંટાળી ગયેલા તેના ૨૪ સભ્યએ બુધવારે રાત્રે નંદલાલપુરામાં એક કેમ્પમાં આત્મહત્યા કરવાના પ્રયાસમાં ફિનાઇલ પીધું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું.



બચાવ કામગીરીઃ કોલકાતામાં ગુરુવારે એક ફૉર વ્હીલર વાહન હૂગલી નદીમાં ખાબક્યા બાદ નિમતાલા સ્મશાન ઘાટ ખાતે ચાલી રહેલી બચાવ અને રાહત કામગીરી. (એજન્સી)

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ટ્રમ્પ ક્યાં સુધી મોદીના નામે જૂઠાણાં ચલાવશે?

**ભારતની** મેથી મારવામાં અભૂતપૂર્વ ઉત્સાહ બતાવી રહેલા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે નવો દાવો કર્યો છે કે, ભારત હવે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ નહીં ખરીદે એવું ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મને વચન આપ્યું છે. ટ્રમ્પે બુધવારે વાઇટ હાઉસ ખાતે પ્રેસ કોન્ફરન્સને સંબોધતાં એમ પણ કહ્યું કે, ભારત રશિયા પાસેથી ક્રૂડવાનું રાતોરાત બંધ ના કરી શકે કેમ કે પહેલાંથી ઓર્ડર અપાયા હોય તેનાં શિપમેન્ટ રવાના થયાં ને હોય હમણાં ઓર્ડર અપાયાં હોય એ ક્રૂડ પણ આવશે જ તેથી રશિયા અને ભારત વચ્ચે ક્રૂડનો વ્યાપાર બંધ થવામાં સમય લાગશે, પણ ભારત હવે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા માટે નવા ઓર્ડર નહીં આપે.

ટ્રમ્પે એ સ્પષ્ટતા પણ કરી કે, ભારત રશિયા પાસેથી ઓઈલ ખરીદે છે તેનાથી હું ખુશ નહોતો પણ આજે એટલે કે બુધવારે મોદીએ મને ખાતરી આપી કે તેઓ રશિયા પાસેથી ઓઈલ ખરીદશે નહીં. ટ્રમ્પે મોદીનો હવાલો આપીને ભારત રશિયા પાસેથી ક્રૂડ નહીં ખરીદે એવું તો કહી દીધું, પણ ટ્રમ્પની વાત કેટલી સાચી તેમાં ખરેખર શંકા છે. કેમ કે, ટ્રમ્પ ગમે તેના નામે જૂઠાણાં ચલાવી દેવામાં માહિર છે.

ભારત-પાકિસ્તાનનું યુદ્ધ રોકવાથી માંડીને ભારત અમેરિકાના માલ પર કોઈ જ ટેરિફ નહીં લગાવવા તૈયાર થઈ ગયું છે સહિતનાં જૂઠાણાં ટ્રમ્પ બહુ સફાઈથી ચલાવી ચૂક્યા છે. આ તો બે ઉદાહરણ આપ્યાં પણ ટ્રમ્પનાં જૂઠાણાંની વાત માંડીએ તો આખો ચોપડો ભરાય એટલાં નિકળે. મોદીનું કહેવાતું વચન પણ એવું જૂઠાણું હોઈ શકે કેમ કે ભારત સરકારે સત્તાવાર રીતે હવે પછી રશિયા પાસેથી ક્રૂડ નહીં ખરીદીએ એવું કહ્યું નથી.

સર્જિયો ગોરની ભારત યાત્રા પછી બહાર પડાયેલાં સત્તાવાર નિવેદનોમાં આ વાતનો ઉલ્લેખ નથી. ટ્રમ્પની પ્રેસ કોન્ફરન્સ પછી વિદેશી મીડિયાએ વોશિંગ્ટનમાં ભારતના દૂતાવાસને સવાલ કર્યા તો તેમણે મૌન સેવ્યું છે એ જોતાં મોદી સરકારે આ મામલે સ્પષ્ટતા કરવી જોઈએ અને એ કરી પણ છે. રશિયા પાસેથી ક્રૂડની ખરીદી બંધ કરાય તો ભારતની વિદેશી નીતિમાં બહુ મોટો ફેરફાર થયો ગણાય.

સ્વાભાવિક રીતે જ મોદી ટ્રમ્પ સાથેની વાતચીતમાં કુલડીમાં ગોળ ભાંગીને એવો નિર્ણય ના જ લે, પણ ટ્રમ્પ ૧૫૦ કરોડની વસતી ધરાવતા ભારતના વડા પ્રધાનના નામે જૂઠાણું ચલાવે એ પણ ના ચલાવી લેવાય. મોદી સરકારે ટ્રમ્પ જૂઠાણું ચલાવતા હોય તો ટ્રમ્પને મોંઢા પર જૂઠા કહેવાની હિંમત બતાવવી પડે કેમ કે સવાલ દેશના હિતનો છે, દેશના આત્મગૌરવનો છે.

ટ્રમ્પે ભારત-પાકિસ્તાન યુદ્ધવિરામ વખતે પણ એવું ચિત્ર ઉભું કરવા પ્રયત્ન કરેલો કે, અમેરિકાના દબાણથી ભારતે પાકિસ્તાન પર હુમલા બંધ કર્યા છે. મોદી સરકારે ત્યારે ટ્રમ્પની વાતને ખોટી ગણાવીને ચોખવટ કરેલી ને અત્યારે પણ એવી ચોખવટ જરૂરી છે. મોદીએ ખરેખર હવેથી ભારત રશિયા પાસેથી ક્રૂડ નહીં ખરીદે એવી ખાતરી આપી હોય તો એ અત્યંત શરમજનક કહેવાય કેમ કે દેશનાં હિત અંગે લેવાતા કોઈ પણ નિર્ણય અંગે તેમણે સૌથી પહેલાં લોકોને જાણ કરવાની હોય. મોદી પોતે દેશનાં લોકોને અંધારામાં રાખે ને ટ્રમ્પ આ વાતની જાહેરાત કરે એ દેશનાં લોકો સાથેનો દ્રોહ કહેવાય. આશા રાખીએ કે, મોદીએ દેશનાં લોકો સાથે દ્રોહ ના કર્યો હોય.

માનો કે, મોદીએ એવી ખાતરી આપી હોય તો પણ તેના બદલામાં ભારતને અમેરિકા શું આપશે તેની સ્પષ્ટતા પણ સરકારે કરવી જોઈએ. અમેરિકાએ ઑગસ્ટ ૨૦૨૫માં રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા બદલ ભારત પર ૨૫ ટકા વધારાનો ટૅરિફ લાદ્યો છે.

અમેરિકાએ પહેલાં ભારત બહુ ટૅરિફ લગાવે છે એવું કહીને ૨૫ ટકા ટિટ-ફોર-ટેટ લાદ્યો હતો. આ વધારાના ટૅરિફ સાથે અમેરિકા મોકલાતા ભારતના માલ પર કુલ ટૅરિફ ૫૦ ટકા થઈ ગયો છે. ટ્રમ્પે એચ-વન બી વિઝા માટે વાર્ષિક ૧ લાખ ડૉલર ફી લેવા સહિતના બીજા પણ નિર્ણયો લઈને ભારતની બજાવવામાં કોઈ કસર છોડી નથી. ભારત રશિયા પાસેથી ક્રૂડ ના ખરીદે તેના બદલામાં અમેરિકા એ બધાં પગલાં પાછાં લેવાનું છે કે નહીં તેની સ્પષ્ટતા પણ જરૂરી છે.

અત્યારે રશિયા ભારતનો સૌથી મોટો ક્રૂડ ઓઈલ સપ્લાયર દેશ છે. રશિયા દરરોજ સરેરાશ ૧૬.૭૦ લાખ બેરલ ક્રૂડ ભારતને આપે છે. ભારતની કુલ ઓઈલ જરૂરિયાતોના આશરે ૩૭ ટકા ક્રૂડ રશિયામાંથી આવે છે. વૈશ્વિક ભાવો કરતાં ભારતને રશિયાનું ક્રૂડ પહેલાં ૩૦ ડોલર સસ્તું પડતું એ જોતાં ભારતને રોજના ૫ કરોડ ડોલરનો ફાયદો છે. મતલબ કે, વરસે લગભગ ૧૮૦૦ કરોડ ડોલર એટલે કે લગભગ ૧.૬૦ લાખ કરોડ રૂપિયાનો ફાયદો છે. ભારત રશિયા પાસેથી ક્રૂડ ખરીદે તેના કારણે ક્રૂડના ભાવ પણ નથી વધતા તેથી ભારતે ક્રૂડની વધઘટના કારણે વેઠવું પડતું નુકસાન પણ સહન કરવું પડતું નથી. ભારત રશિયા પાસેથી ક્રૂડ ના ખરીદે તો અમેરિકા આ બધા ફાયદા ભારતને આપશે ખરું ? આ સવાલોના જવાબ જાણવાનો પણ આ દેશનાં લોકોને અધિકાર છે.

ટ્રમ્પે મોદીને પોતાના સારા મિત્ર ગણાવ્યા છે ને તેમના ગાઢ સંબંધોની દુહાઈ પણ આપી છે પણ ભારત કે ભારતીયો માટે એ વાત મહત્વની નથી. ટ્રમ્પ કે મોદી ગોઠિયા હોય તેનાથી ભારતને શું ફાયદો થાય છે એ મહત્ત્વનું છે ને અત્યાર લગીનો અનુભવ કહે છે કે, મોદી-ટ્રમ્પની કહેવાતી દોસ્તી ભારત માટે નુકસાનીનો સોદો છે.

એક તરફ, ટ્રમ્પ અને મોદી એકબીજાને ડિયર ફ્રેન્ડ ને બેસ્ટ ફ્રેન્ડ ગણાવીને ઓવરણાં લીધા કરે છે ને બીજી બાજુ ટ્રમ્પ ભારતને પરેશાન કરવાની એક તક છોડતા નથી એ જોતાં બંનેની દોસ્તીની વાતો હાસ્યાસ્પદ લાગે છે. મોદીને આવી દોસ્તીની જરૂર હશે પણ ભારતને આવી દોસ્તીની જરૂર નથી. ટ્રમ્પ મોદીને ડીયર ફ્રેન્ડ ના ગણાવે કે ગ્રેટ મેન ના ગણાવે તો ચાલશે પણ ભારતનાં આર્થિક હિતોને નુકસાન ના કરે એ જ બહુ છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર શરદઋતુ, શુક્રવાર, તા. ૧૭–૧૦–૨૦૨૫, વાઘબારસ, રમા એકાદશી (કેળા),

- ભારતીય દિનાંક ૨૫, માહે આશ્વિન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, આશ્વિન વદ–૧૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે આશ્વિન, તિથિ વદ–૧૧
- પારસી શહેનશાહી રોજ ૪થો શહેરેવર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૪થો શહેરેવર, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨જો બેહમન, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૪મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૫મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર મઘા બપોરે ક. ૧૩–૫૭ સુધી, પછી પૂર્વાફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૨, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૦૯–૨૭ રાત્રે ક. ૨૧–૫૯
- ઓટઃ બપોરે ક. ૧૫–૫૭, મધ્યરાત્રે ક. ૦૩–૫૭ (તા. ૧૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ – એકાદશી. રમા એકાદશી (કેળા), વાઘબારસ, ગોવત્સદ્વાદશી, સૂર્ય તુલામાં બપોરે ક. ૧૩–૪૭, મું. ૩૦. સામ્યાર્ઘ સંક્રાંતિ પુણ્યકાળ સવારે ક. ૦૯–૪૬થી સાંજે ક. ૧૭–૪૭. કાવેરી સંક્રમણ. સૂર્ય મહાનક્ષત્ર, ચિત્રામાં, વાહન હાથી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ મઘા જન્મનક્ષત્રશાંતિ પૂજા, કેતુ ગ્રહદેવતાનું પૂજન, પિતૃપૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, બી વાવવું, સ્થાવર લેવડદેવડ, શ્રી ગણેશપૂજા, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, ભગવાન સૂર્યનારાયણનું પૂજન, વડનું પૂજન.
- આચમનઃ સૂર્ય–ગુરુ ચતુષ્કોણ ઉડાઉ સ્વભાવ, બુધ–રાહુ ત્રિકોણ વિચારશીલ
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય–ગુરુ ચતુષ્કોણ, બુધ–રાહુ ત્રિકોણ,
- ગ્રહગોચરઃ સૂર્ય કન્યા/તુલા, મંગળ–તુલા, માર્ગી બુધ–તુલા, ગુરુ–મિથુન, શુક્ર–કન્યા, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, વક્રી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

## 'અનિયંત્રિત' સોશ્યલ મીડિયા જોખમીઃ સુપ્રીમ કોર્ટ

### 'કોઇના સન્માનને ઠેસ પહોંચાડવા વિચારની અભિવ્યક્તિની સ્વતંત્રતાનો દુરુપયોગ થવા ન દો'

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે 'અનિયંત્રિત' સોશ્યલ મીડિયાને જોખમી ગણાવ્યું હતું અને જણાવ્યું હતું કે કોઇના સન્માન અને નિષ્ઠાને ઠેસ પહોંચાડવા માટે વાણી અને વિચારની અભિવ્યક્તિની સ્વતંત્રતાનો દુરુપયોગ થવા દેવો ન જોઇએ.

સોલિસિટર જનરલ તુષાર મહેતા અને વરિષ્ઠ વકીલ તેમ જ સુપ્રીમ કોર્ટ બાર એસોસિયેશનના પ્રમુખ વિકાસ સિંહે દેશના મુખ્ય ન્યાયાધીશ પર છ ઑક્ટોબરે ચાલુ અદાલતમાં શૂ ફેંકનારા ૭૧ વર્ષીય વકીલ રાકેશ કિશોરને સંબંધિત અદાલતના તિરસ્કારની અરજીની વહેલી સુનાવણી માટે વિનંતિ કરી ત્યારે ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલા બાગચીએ 'અનિયંત્રિત' સોશ્યલ મીડિયાને જોખમી ગણાવ્યું હતું.

ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા (સીજેઆઈ) બી. આર. ગવઈ પર જૂતું ફેંકનાર વકીલ વિરુદ્ધ કોર્ટના અનાદરની કાર્યવાહી કરવા ઍટર્ની જનરલે સહમતી દર્શાવી હોવાની માહિતી ગુરુવારે સુપ્રીમ કોર્ટને આપવામાં આવી હતી.

સોલિસિટર જનરલ તુષાર મહેતા તેમ જ સુપ્રીમ કોર્ટ બાર એસોસિયેશન (એસસીબીએ)ના વડા અને વરિષ્ઠ વકીલ વિકાસ સિંહે સીજેઆઈ પર જૂતું ફેંકનાર વકીલ રાકેશ કિશોર વિરુદ્ધ કોર્ટના અનાદરની કાર્યવાહી કરવાની ન્યાયાધીશ સૂર્યકાન્ત અને જોયમાલા બાગચીની બનેલી ખંડપીઠને વિનંતી કરી હતી.

## નીતીશની પચાસ ટકા ટિકિટ એસસી-એસટીના ઉમેદવારોને

### જેડી (યુ)એ જાહેર કરેલા તમામ ૧૦૧ કૅન્ડિડેટમાં ચાર મુસ્લિમ

પટણાઃ વિધાનસભા ચૂંટણીનાં પડઘમ વાગી રહ્યા હોવા વચ્ચે બિહારના મુખ્ય પ્રધાન નીતીશકુમારના જનતા દળ (યુ)એ ગુરુવારે તમામ ૧૦૧ બેઠકના ઉમેદવારના નામની યાદી જાહેર કરી હતી.

આ યાદીમાં પચાસ ટકા કરતાં વધુ ઉમેદવાર પછાત અને અતિ પછાત જાતિના હોવા ઉપરાંત મુસ્લિમ સમુદાયના ચાર ઉમેદવારનો પણ સમાવેશ થાય છે.

પ્રથમ યાદી જાહેર કર્યાના એક દિવસ બાદ પક્ષે ૪૪ ઉમેદવારની બીજી અને અંતિમ યાદીની જાહેરાત કરી હતી.

ઉમેદવારોની આ યાદીમાં અન્ય પછાત જાતિ-ઓબીસી (૩૭) અને ઈબીસી (૨૨)નો હિસ્સો મોટો છે. કોમની કુલ વસતિને ધ્યાન પર લેતાં સવર્ણ ઉમેદવારો (૨૨)ને પણ આ યાદીમાં સારું પ્રતિનિધિત્વ મળ્યું છે.

જોકે બેઠકોની ફાળવણીમાં મુસ્લિમ સમુદાયના ઉમેદવારોને ઓછું પ્રતિધિત્વ આપી જે રીતે અવગણના કરવામાં આવી છે અને ભાજપ સાથેના લાંબા સમયના જોડાણને કારણે વકફને મામલે સ્વતંત્ર નિર્ણય લેવાની પક્ષની અક્ષમતાને કારણે જેડી (યુ)એ લઘુમતી કોમના મતને ઓછું મહત્ત્વ આપ્યું હોવાનું જણાઈ રહ્યું છે.

વિધાન પરિષદના સભ્ય ન હોય તેવા નીતીશકુમાર સરકારના લગભગ તમામ પ્રધાનોને બેઠક જાળવી રાખવાની બીજી તક આપવામાં આવી છે.

બિહાર વિધાનસભા ચૂંટણી છ અને ૧૧ નવેમ્બર એમ બે તબક્કામાં યોજાવાની છે. (એજન્સી)

## યમનમાં ભારતીય નર્સની ફાંસી હાલ તો અટકાવાઇ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટને ગુરુવારે જાણ કરાઈ હતી કે યમનમાં હત્યાના ગુનામાં મૃત્યુદંડની સજા ભોગવી રહેલી ભારતીય નર્સ નિમિષા પ્રિયાની ફાંસી પર રોક લગાવવામાં આવી છે અને કોઈ પ્રતિકૂળ કાર્યવાહી કરવામાં આવી રહી નથી.આ કેસની સુનાવણી જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચ કરી રહી છે. કેન્દ્ર સરકાર તરફથી એટોર્ની જનરલ આર. વેંકટરમણીએ દલીલ કરી હતી કે આ કેસમાં એક નવા મધ્યસ્થીની નિમણૂક થઇ છે. ખંડપીઠે સવાલ કર્યો હતો કે ફાંસીનું શું થયું? અરજદાર સંગઠન 'સેવ નિમિષા પ્રિયા ઇન્ટરનેશનલ એક્શન કાઉન્સિલ', જે પ્રિયાને કાનૂની સહાય પૂરી પાડી રહી છે, તેના વકીલે કહ્યું હતું કે ફાંસી પર હાલ પૂરતી રોક લગાવવામાં આવી છે.

વેંકટરમણીએ કહ્યું હતું કે, એક નવો મધ્યસ્થી આગળ આવ્યો છે. વધુમાં તેમણે કહ્યું હતું કે, એકમાત્ર સારી વાત એ છે કે કંઈ પ્રતિકૂળ થઈ રહ્યું નથી. અરજદારના વકીલે બેન્ચને કેસ મુલતવી રાખવા વિનંતી કરી હતી. ખંડપીઠે કહ્યું હતું કે જાન્યુઆરી ૨૦૨૬માં સૂચિબદ્ધ કરો. જો પરિસ્થિતિની માગ હશે તો પક્ષકારો માટે વહેલી સૂચિબદ્ધ કરવા માટે અરજી કરવાની છૂટ રાખવી જોઈએ.

## સાળીને શંકા જતા છ મહિને પર્દાફાશ થયો કે ડૉક્ટર પત્નીની હત્યા પતિએ કરી હતી

બેંગલૂરુઃ અહીંના ૩૧ વર્ષીય જનરલ સર્જને પોતાની ૨૯ વર્ષીય ડૉક્ટર પત્નીની હત્યા કરી હોવાની છ મહિને ખબર પડી હતી.ફોરેન્સિક સાયન્સ લેબૉરેટરીને મરનારી મહિલા ડૉક્ટરની આંતરેન્દ્રિયોમાંથી એટલે કે શરીરમાંથી એનેસ્થેટિક સબસ્ટન્સ મળતા હત્યા થઇ હોવાના આરોપને સમર્થન મળ્યું હતું.

મહિલા ડૉક્ટરનું મૃત્યુ કુદરતી હોવાનું શરૂઆતમાં મનાતું હતું, પરંતુ તેની બહેનને શંકા જતાં તપાસ કરાવાઇ હતી.

ચામડીનાં ૨૯ વર્ષીય ડૉક્ટર કૃતિકા એમ. રેડ્ડીને છ મહિના પહેલા કાવેરી હૉસ્પિટલમાં લઇ જવાઇ હતી અને તેનું નિધન થયું હોવાની ત્યાં જાહેરાત કરાઇ હતી. તેના પરિવારના સભ્યો અને અન્ય ડૉક્ટરોને લાગ્યું કે આ મહિલા ડૉક્ટરનું મૃત્યુ કુદરતી થયું છે, પરંતુ તેની બહેન રેડિયોલોજિસ્ટ ડૉ. નિકિતા એમ. રેડ્ડી આ કારણ માનવા તૈયાર નહોતી. તેના આગ્રહને લીધે હૉસ્પિટલે મારતાહલ્લી પોલીસમાં મેડિકો લીગલ કેસની ફરિયાદ નોંધાવી હતી.

## ગોરેગાવ-મુલુંડ લિન્ક રોડ માટે વધુ વૃક્ષો કાપવાની બીએમસીની અરજી સુપ્રીમ કૉર્ટ સાંભળશે

નવી દિલ્હી : સર્વોચ્ચ અદાલત ગુરુવારે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની ગોરેગાંવ-મુલુન્ડ લિન્ક રોડ (જીએમએલઆર) પ્રોજેક્ટ માટે વધુ ઝાડ કાપવાની અરજી સાંભળવા સંમત થઈ છે. આ પરવાનગી વળતરરૂપ વૃક્ષારોપણની શરતને આધીન માગવામાં આવી છે. સર્વોચ્ચ અદાલતે ૧૪ ઑગસ્ટે આ પ્રોજેક્ટ માટે ૯૫ વૃક્ષો કાપવાં પાલિકાને પરવાનગી આપી હતી.

ગુરવારે પાલિકાના વકીલે મુખ્ય ન્યાયમૂર્તિ બી. આર. ગવઈ અને જસ્ટિસ કે. વિનોદ ચંદરનની બનેલી બેન્ચને માહિતી આપી હતી કે વધુ વૃક્ષ કાપવાની જરૂર છે અને આ બાબત વળતરરૂપ વૃક્ષારોપણની શરતને આધારે ઝડપથી સાંભળવામાં આવે. બેન્ચે અરજી સાંભળવાની તૈયારી બતાડી હતી.

જીએમએલઆર પ્રોજેક્ટમાં વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેને જોડવા માગે છે જેથી મુલુંડ અને ગોરેગાંવનો મુસાફરી સમય એક કલાક ઓછો થઈ જાય. આ મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પ માટે જવાબદાર પાલિકાએ પ્રકલપના પ્રથમ તબક્કા માટે ઝાડ કાપવાની પરવાનગી માગી છે. પાલિકાએ અગાઉ બેન્ચને ખાતરી આપી હતી કે કાપેલાં વૃક્ષોના બદલામાં એટલાં જ વૃક્ષો વાવવામાં આવશે. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

### ગુજરાતના જૂના

સમાવિષ્ટ થનારા નવા પ્રધાનોને હોદ્દો અને ગોપનીયતાના શપથ લેવરાવશે. ડેપ્યુટી સીએમના હોદ્દા પર આદિવાસી પ્રધાનની નિમણૂક થશે તેવી અટકળો હાલ ચાલી રહી છે. રાજ્ય સરકારના વહીવટમાં વધુ કાર્યક્ષમતા અને સંતુલન લાવવાના હેતુથી આ પ્રધાનમંડળનું વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે. શપથવિધિ સમારોહમાં રાજ્યના અગ્રણી નેતાઓ, ધારાસભ્યો અને મહાનુભાવો ઉપસ્થિત રહેશે. શપથવિધિ પૂર્ણ થયા બાદ નવા પ્રધાનમંડળની સંપૂર્ણ યાદી અને તેમના વિભાગોની વહેંચણી અંગેની વિગતો જાહેર કરવામાં આવશે.

સૌરાષ્ટ્રમાં આમ આદમી પાર્ટીના વધતા જોરને ધ્યાનમાં રાખીને પાર્ટી સૌરાષ્ટ્રના પાટીદાર નેતાઓનો સમાવેશ નવા પ્રધાનમંડળમાં કરી શકે છે. આમાં જયેશ રાદડીયા, મહેશ કસવાલા, જીતુ વાઘાણીનું નામ મોખરે છે જ્યારે અન્ય નેતાઓમાં અર્જુન મોઢવાડિયા તથા રિવાબા જાડેજા તેમજ ઉદય કાનગડને પણ સૌરાષ્ટ્રમાંથી સ્થાન મળી શકે છે. નવું પ્રધાનમંડળ પૂર્ણ કદનું ૨૭ સભ્યોનું હોય એવી શક્યતા છે અને વિધાનમંડળની બેઠકમાં નાયબ મુખ્ય પ્રધાનની પસંદગી કરવામાં આવે એવી પણ સંભાવના છે. આ દરમ્યાન પ્રધાનોની કચેરી જ્યાં આવેલી છે એ સ્વર્ણિમ સંકુલના બન્ને વિભાગની તમામ ચેમ્બરોની સફાઇ કરી દેવામાં આવી છે.

મુખ્ય પ્રધાન દ્વારા પ્રધાનમંડળમાં અનુભવની સાથે યુવા અને મહિલા ધારાસભ્યોને વિશેષ મહત્ત્વ આપવામાં આવે તેવી સંભાવના છે. પ્રધાનમંડળમાં તમામ જાતિઓ અને પ્રદેશોને સંતુલિત પ્રતિનિધિત્વ આપવામાં આવી શકે છે. સૂત્રોના જણાવ્યા મુજબ, પાટીદાર સમાજમાં ચાર લેઉવા પટેલ અને બે કડવા પટેલ સહિત કુલ છ પાટીદાર ચહેરાને સ્થાન મળી શકે છે. અન્ય પછાત વર્ગ ચાર ઠાકોર-કોળી સમાજના ધારાસભ્યોને પ્રધાનપદ મળી શકે છે. બે અનુસૂચિત જાતિ, અને બે અનુસૂચિત જનજાતિ ચહેરાઓને પ્રધાનમંડળમાં સમાવવામાં આવી શકે છે. બે બ્રાહ્મણ અને બે ક્ષત્રિય ચહેરાઓને પણ પ્રધાન પદની તક મળી શકે છે. આ ઉપરાંત યુવા અને અનુભવી મહિલા ધારાસભ્યોને મહત્ત્વ આપતાં ચાર જેટલા મહિલા ધારાસભ્યો પણ પ્રધાન બની શકે છે. રાજ્યમાં છેલ્લે, વિજય રૂપાણીના મુખ્ય પ્રધાનપદ દરમિયાન નીતિન પટેલ નાયબ મુખ્ય પ્રધાન હતા.ભાજપને ગુજરાતના આદિવાસી પટ્ટા અને સૌરાષ્ટ્રમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. તેનું મુખ્ય કારણ આમ આદમી પાર્ટી આપનું ગ્રાઉન્ડ વર્ક છે. આ સાથે પાટીદાર અને ઓબીસી સમીકરણોને પણ સંતુલિત કરવાનો પડકાર છે. જેના કારણે નાયબ મુખ્ય પ્રધાનની જાહેરાત કરવામાં આવે તેવી ચર્ચા છે. ભાજપ ૨૦૨૭ની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને પ્રધાન મંડળમાં ફેરબદલ કરી રહી છે, ત્યારે તે વિપક્ષને કોઈ તક આપવાના મૂડમાં નથી. આથી જ નવા પ્રધાનમંડળમાં લોકોને આકર્ષિત કરી શકે તેવા ઊર્જાવાન નેતાઓને સ્થાન આપવામાં આવી શકે છે. ■

### ટ્રમ્પ સાથે

રાખીને ઊર્જાનાં સ્રોતોની પ્રાપ્તિમાં વૈવિધ્ય લાવી રહ્યું છે.

ટ્રમ્પે દાવો કર્યો હતો કે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મને બાંયધરી આપી હતી કે નવી દિલ્હી રશિયા પાસેથી ખનિજ તેલની ખરીદી બંધ કરશે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ટ્રમ્પના સંબંધિત નિવેદન સંદર્ભે સ્પષ્ટતા કરી હતી કે ઊર્જાનાં સ્રોતોની પ્રાપ્તિને લગતા 'અનિશ્ચિત' સમયમાં દેશના ગ્રાહકોના હિતની સુરક્ષાને નવી દિલ્હી પ્રાધાન્ય આપી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે દેશની આયાત નીતિ રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં રાખીને નક્કી કરાય છે. ભારત ઊર્જા ક્ષેત્રે અમેરિકાની સાથે પણ સહકાર સાધવા ઉત્સુક છે.

રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે દેશની ઊર્જાને લગતી નીતિના બે લક્ષ્ય છે. એક, ઈંધણના સ્થિર વાજબી ભાવ અને બીજું, ઈંધણનો પૂરતો પુરવઠો મેળવવો. અમે ઊર્જા ક્ષેત્રની સ્થિતિને ધ્યાનમાં રાખીને ઊર્જાનાં સ્રોતો વધારી રહ્યા છીએ.

પશ્ચિમના દેશોએ રશિયા પાસેથી પેટ્રોલિયમ ઉત્પાદનોની ખરીદી પર પ્રતિબંધ મૂક્યો હોવા છતાં ભારત દ્વારા તેની કરાતી ખરીદીને લીધે નવી દિલ્હી અને વૉશિંગ્ટનની વચ્ચે તંગદિલી ઊભી થઇ છે.

ટ્રમ્પે વૉશિંગ્ટનમાં પત્રકારોને જણાવ્યું હતું કે મોદીએ મને ખાતરી આપી છે કે ભારત હવે રશિયા પાસેથી ખનિજ તેલ નહીં ખરીદે. ભારત રશિયા પાસેથી ખનિજ તેલની ખરીદી તાત્કાલિક સાવ બંધ કરી નહીં શકે, પરંતુ તે ધીરે ધીરે બંધ કરશે.

#### રશિયન ઑઇલ ભારત માટે ફાયદાકારકઃ મૉસ્કો

રશિયાએ પણ ટ્રમ્પના દાવા અંગે પ્રતિક્રિયા આપી છે. રશિયાએ કહ્યું કે રશિયન ઑઇલ ભારતીય અર્થતંત્ર માટે ફાયદાકારક છે, પરંતુ મોસ્કો અમેરિકા અને ભારત વચ્ચે દખલ કરશે નહીં.

ભારતમાં રશિયાના રાજદૂત ડેનિસ અલીપોવે કહ્યું, ભારત અને યુએસ તેમના નિર્ણયોમાં સ્વતંત્ર છે, અમે તેમના મુદ્દાઓમાં દખલ નહીં કરીએ. અમારો પેટ્રોલિયમ પુરવઠો ભારતીય અર્થતંત્ર અને ભારતીય લોકોના કલ્યાણ માટે ખૂબ ફાયદાકારક છે.

એક કાર્યક્રમમાં તેમના સંબોધનમાં અલીપોવે જણાવ્યું કે ભારતની કુલ હાઇડ્રોકાર્બન આયાતમાં રશિયન ક્રૂડ ઓઇલનો હિસ્સો લગભગ એક તૃતીયાંશ છે. રશિયન રાજદૂતે રશિયાને ભારતનું સૌથી વિશ્વસનીય ઊર્જા ભાગીદાર ગણાવ્યું હતું. તેમજ કહ્યું કે સંરક્ષણ, વેપાર, કનેક્ટિવિટી અને ટેક્નોલોજી સહિતના ક્ષેત્રોમાં એકંદર સંબંધોને વધારવાનો અવકાશ છે.

#### ચીને અમેરિકાની 'ગુંડાગીરી'ને વખોડી

ચીને રશિયન તેલની ખરીદી ચાલુ રાખવાનો બચાવ કરતાં તેને 'કાયદેસર' ગણાવી હતી. તેમજ અમેરિકાની ગુંડાગીરીને વખોડી કાઢી હતી. ચીનની આ ટિપ્પણી અમેરિકન રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા બુધવારે આપવામાં આવેલા એ નિવેદન બાદ આવી છે જેમાં તેમણે કહ્યું હતું કે વડા પ્રધાન મોદીએ તેમને ખાતરી આપી છે કે ભારત રશિયન તેલ ખરીદવાનું બંધ કરશે. તેમજ ચીન પર પણ સમાન પ્રકારનું દબાણ લાવવાનો તેમનો ઇરાદો વ્યક્ત કર્યો છે.

### અમદાવાદ પ્લૅન

સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશના વડપણ હેઠળ ઉડ્ડયન ક્ષેત્રના સ્વતંત્ર નિષ્ણાતોની કમિટીની રચના કરવાની વિનંતી કરવામાં આવી હતી. અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે એએઆઈબી દ્વારા તૈયાર કરવામાં આવેલો પ્રાથમિક અહેવાલ ખામીયુક્તઅને પૂર્વગ્રહયુક્ત હોવા ઉપરાંત અધુરો છે કેમ કે તેમાં દુર્ઘટનાનું કારણ પાયલટની ભૂલ હોવાનું જણાવવામાં આવ્યું છે. આ અહેવાલમાં સ્વતંત્ર તપાસ માગી લે તેવી ગંભીર ટૅક્નિકલ ખામી અને અન્ય પરિબળોની અવગણના કરવામાં આવી હોવાનો પણ અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. કૅપ્ટન સભરવાલના પિતા અને ૬,૦૦૦ કરતાં પણ વધુ પાઈલટ ધરાવતા ફેડરેશન ઑફ ઈન્ડિયન પાઈલટ્સ (એફઆઈપી)એ સંયુક્ત રીતે કરેલી અરજીમાં વર્તમાન તપાસ બંધ કરવાની અને તમામ રેકોર્ડ ન્યાયંતંત્રની દેખરેખ હેઠળની સમિતિને સુપરત કરવાની માગણી કરી છે. અરજીમાં જણાવ્યાનુસાર માત્ર સ્વતંત્ર, નિષ્ણાતોના વડપણ હેઠળની તપાસ જ દુર્ઘટના માટે જવાબદાર કારણોની ખાતરી અને જનતાનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરી શકે તેમ જ આ પ્રકારની ઘટનાનું પુનરાવર્તન થતાં રોકી શકે. પ્રાથમિક અહેવાલમાં સાતત્યતાનો અભાવ હોવાનો પણ અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. (એજન્સી)

### કર્ણાટકમાં

સહાય મેળવતી સંસ્થાઓમાંની આરએસએસની પ્રવૃત્તિ પર નજર રાખવા માટે નિયમ ઘડાશે. ગૃહ મંત્રાલય, કાયદા મંત્રાલય અને શિક્ષણ વિભાગ દ્વારા અગાઉ અપાયેલા સંબંધિત આદેશને સ્થાને નવા નિયમ ઘડાશે. આગામી બેથી ત્રણ દિવસમાં નવા નિયમનો અમલ શરૂ થશે. તેમણે જણાવ્યું હતું કે અમે કોઇ સંગઠન પર અંકુશ મૂકી ન શકીએ, પરંતુ હવે સાર્વજનિક સ્થળે અને રસ્તા પર કોઇ પોતાની મરજી મુજબ પ્રવૃત્તિ કરી નહિ શકે. તેના માટે સરકારી પરવાનગી લેવી જરૂરી છે. કોઇ પણ સંગઠન માત્ર સત્તાવાળાને જાણ કરીને 'પથ સંચાલન' (કૂચ)માં રસ્તા પર લાકડી ફેરવી (લાઠીદાવ રમી) ન શકે. (એજન્સી)

### કપિલ શર્માની

ગોળીબારની તપાસ શરૂ કરી છે. તાજેતરના મહિનામાં શર્માની કાફે પર શ્રેણીબદ્ધ હુમલા કરવામાં આવ્યા હતા. અગાઉ સાત ઑગસ્ટે શર્માની કાફે પર બીજી વાર ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ કૅફે કપિલ અને તેની વાઈફ ગન્ની ચતરથની માલિકીની છે. પચીસ રાઉન્ડ ગોળીબાર કરવામા આવ્યો હતો. વીડિયોમાં કૅફેની બહાર અનેક ફાયરિંગના અવાજ સંભળાય છે. પહેલો હુમલો ૧૦ જુલાઈએ આ જ રીતે કરવામાં આવ્યો હતો. સ્થાનિક સત્તાવાળાઓને લડ્ડી ગૅંગની સંડોવણીની શંકા છે જે પ્રતિબંધિત સંગઠન બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ સાથે નાતો ધરાવે છે. દરમિયાન કપિલ શર્માને લોરેન્સ બિશ્નોઈ ગૅંગે તરફથી મળેલી ધમકી બાદ પોલીસ રક્ષણ આપશે. અગાઉ આ ગૅંગે કપિલની પંજાબની મિલકત પર હુમલો કરવાનો દાવો કયો હતો.

## ખેડા પાસે પામ તેલ ભરેલું ટેન્કર પલટી જતાં લોકો ડોલ-કેરબામાં ઓઈલ લઈ ગયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખેડા નજીક પામોલિન ઓઇલ ભરેલું એક ટેન્કર પલટી જતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ટેન્કરમાં ભરેલા ૩૨ ટન પામોલિન ઓઇલની હાઇવે પર રેલમછેલ થતાં, આજુબાજુના ગ્રામજનો ડોલ, કેરબામાં તેલ ભરવા માટે મોટી સંખ્યામાં દોડી આવ્યા હતા. કચ્છના ગાંધીધામથી પામોલિન ઓઇલ ભરીને ટેન્કર નડિયાદ તરફ જઈ રહ્યું હતું. આ દરમિયાન ખેડા પાસે અચાનક કોઈ પશુ આડે આવી જતાં ડ્રાઇવરે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો અને ટેન્કર પલટી મારી ગયું હતું. સદનસીબે, આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી. ટેન્કર પલટાયાની જાણ થતાં જ આજુબાજુના લોકોનું ટોળું ઘટનાસ્થળે ઊમટી પડ્યું હતું અને જોતજોતાંમાં હજારો લિટર ઢોળાયેલું પામોલિન ઓઇલ લોકોએ ભરી લીધું હતું.

આ ઘટનાને પગલે હાઇવે પર ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ટીમે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની સાથે સાથે હાઇવે પર ટ્રાફિકનું વ્યવસ્થાપન કરીને માર્ગને પૂર્વવત કરાવવાની કામગીરી શરૂ કરી હતી.

## દક્ષિણ ગુજરાતમાં ફરી વરસાદ, દિવાળી પર માવઠાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં હાલ દિવાળીના તહેવારની રોનક જામી રહી છે. આ દરમિયાન રાજ્યમાં દક્ષિણ ગુજરાતમાં ફરી વરસાદ વરસ્યો હતો. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના આંકડા પ્રમાણે, ડાંગમાં ૦.૯૪ ઇંચ, વાંસદામાં ૦.૮૩ ઇંચ, ધરમપુરમાં ૦.૨૦ ઇંચ, કપરાડામાં ૦.૧૨ ઇંચ અને પારડીમાં ૦.૦૪ ઇંચ વરસાદ પડ્યો હતો. રાજ્યમાં દિવસ અને રાતનું તાપમાન સામાન્યથી નીચે નોંધાયું હતું, જેના કારણે સવાર-સાંજ ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની સંભાવના નથી. જોકે, લઘુતમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો વધારો થવાની સંભાવના છે. રાજ્યમાં દિવાળી અને નવા વર્ષના તહેવારના દિવસો દરમિયાન ગીર સોમનાથ, દીવ. દક્ષિણ ગુજરાતના ડાંગ, નવસારી, વલસાડ તેમજ દમણ, દાદરા અને નગર હવેલીમાં હલવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી હતી. ગુજરાતમાં આ વર્ષે સરેરાશ ૧૧૮.૧૨ ટકા વરસાદ વરસ્યો છે. કચ્છ ઝોનમાં સૌથી વધુ ૧૪૮.૧૪ ટકા વરસાદ વરસ્યો છે. જ્યારે ઉત્તર ગુજરાતમાં ૧૨૧.૫૧ ટકા, મધ્ય ગુજરાતમાં ૧૧૭.૦૯ ટકા સરેરાશ વરસાદ ખાબક્યો છે. સૌરાષ્ટ્રમાં ૧૦૮.૬૦ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ચોમાસાની સિઝનનો સરેરાશ ૧૨૩.૨૬ ટકા વરસાદ પડ્યો છે. ગુજરાતમાં ૧૬ તાલુકામાં ૧૦થી ૨૦ ઇંચ, ૧૩૭ તાલુકામાં ૨૦થી ૪૦ ઇંચ, ૯૮ તાલુકામાં ૪૦ ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે.

રાજ્યની જીવાદોરી સમાન નર્મદા ડેમ ૯૮.૨૦ ટકા ભરાયેલો છે. રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૯૬.૬૮ ટકા જળસંગ્રહ છે. રાજ્યમાં ૧૫૬ ડેમ હાઇ એલર્ટ અને ૧૨૫ ડેમ સો ટકા ભરાયેલા છે. રાજ્યમાં સિઝનનો ૧૦૦ ટકાથી વધુ વરસાદ વરસ્યો હોવા છતાં સાત ડેમમાં ૨૫ ટકાથી ઓછો જળસંગ્રહ છે, જ્યારે નવ ડેમ ૨૫ થી ૫૦ ટકા વચ્ચે ભરાયેલા છે.

## મોડિફાઇડ સાયલન્સરો પર બુલડોઝર

અમદાવાદઃ વડોદરા શહેરના માર્ગો પર બિનજરૂરી ઘોંઘાટ ફેલાવીને લોકોને પરેશાન કરનારા બાઇકચાલકો સામે વડોદરા ટ્રાફિક પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસે જપ્ત કરેલા ૧૦૮ મોડિફાઇડ સાયલન્સરોનો જાહેરમાં નાશ કર્યો હતો. કોર્ટની મંજૂરી મળ્યા બાદ વડોદરા ટ્રાફિક પશ્ચિમ ઝોન ઓફિસ ખાતે ૧૦૮ મોડિફાઇડ સાયલન્સરો પર બુલડોઝર ફેરવીને તેનો જાહેરમાં નાશ કરવામાં આવ્યો હતો.

## સુરત બીઆરટીએસ અને સિટી બસ સેવાઓ મુશ્કેલીમાંઃ લોકો બીજો વિકલ્પ શોધવા મજબૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત બીઆરટીએસ અને સિટી બસ સેવાઓ અત્યારે મુશ્કેલીમાં મુકાઈ છે, કારણ કે એક દિવસમાં ૫૦ હજાર જેટલો મોટો ઘટાડો નોંધાયો છે. સુરત શહેરના માર્ગો, ટ્રાફિક અને ઠેર-ઠેર ખાડીની પડેલા હોવાના કારણે લોકો બસમાં મુસાફરી કરવાનું ટાળી રહ્યાં છે. એટલું જ નહીં પરંતુ બીઆરટીએસ અને સિટી બસ નિર્ધારિત સમય કરતા પણ ૩૦થી ૪૦ મિનિટ લેટ થતી હોવાના કારણે પણ લોકો આ સેવાથી નારાજ છે. જેના કારણે મુસાફરીમાં પ્રતિદિન ઘટાડો નોંધાઈ રહ્યો છે.

શહેરમાં મેટ્રો અને બ્રિજની કામગીરી પણ ચાલી રહી છે, જેના કારણે અનેક માર્ગો પર ભારે ટ્રાફિકજામ સર્જાતો હોય છે. રસ્તા પર ખાડા, વરસાદ અને અન્ય કેટલાક કારણોસર બસની સેવા પર અસર થઈ રહી છે. કેટલાક વિસ્તારોમાં નવા ટ્રાફિક સિગ્નલ પણ લગાવવામાં આવ્યા છે.

બસ સેવા સમયસર ના આવતી હોવાના કારણે લોકોને નિર્ધારિત સ્થાને પહોંચવામાં મોડું થતું હોવાથી મુસાફરોની મુશ્કેલી વધી રહી છે. સુરતમાં જે લોકો નોકરી અને ધંધો કરી રહ્યાં છે તેમને સમયસર નોકરીએ પહોંચવાનું હોય છે, જેથી લોકો હવે બસ સેવાને બદલે અન્ય વિકલ્પો શોધવા માટે મજબૂર બન્યા છે. રોજ ૫૦ હજાર જેટલા મુસાફરોનો ઘટાડો આવ્યો હોવાથી સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને આર્થિક નુકસાન પણ થઈ રહ્યું છે.

## સુરત મહાનગરપાલિકાના સર્ટિફાઇડ મ્યુનિસિપલ ગ્રીન બોન્ડનું મુંબઈ નેશનલ સ્ટોક એકસચેન્જ ખાતે લિસ્ટિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે મુંબઇ નેશનલ સ્ટોક એક્સચેજ ખાતે સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ ગ્રીન બોન્ડનું બેલ રીંગિંગ કરીને મેયર દક્ષેશ માવાણીની ઉપસ્થિતિમાં લિસ્ટિંગ કરાવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય પ્રધાને જણાવ્યું કે, સુરત મહાનગરપાલિકાએ જારી કરેલા રૂ.૨૦૦ કરોડના ગ્રીન મ્યુનિસિપલ બોન્ડ થકી ગ્રીન અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે લોકોને ભાગીદાર બનાવ્યા છે. સુરત મહાનગરપાલિકાના ગ્રીન બોન્ડનું આઠ ગણું સબસ્ક્રિપ્શન દર્શાવે છે કે રોકાણકારોએ ગ્રીન બોન્ડમાં રોકાણમાં અસાધારણ ઉત્સાહ બતાવ્યો છે. સુરત મહાનગરપાલિકાના દીર્ઘદ્રષ્ટિયુક્ત આયોજન સુરતનો વિકાસ વધુ તેજ બનશે.

વર્ષ ૨૦૭૦ સુધીમાં વડા પ્રધાનના નેટ ઝીરો કાર્બન ફૂટપ્રિન્ટના લક્ષ્યને હાંસલ કરવાની દિશામાં રાજ્ય સરકારે ગ્રીન ગ્રોથ અને ગ્રીન મોબિલિટી પર વિશેષ ભાર મૂક્યો હોવાનું જણાવી મુખ્ય પ્રધાને કહ્યું કે, વડા પ્રધાનના નેતૃત્વમાં ભારતે ઇકોલોજી અને ઈકોનોમી વચ્ચે ઉમદા સંતુલન જાળવ્યું છે.

સુરત શહેર અને મહાનગરપાલિકા સ્વચ્છતા અને ગ્રીન મોબિલિટી ક્ષેત્રે દેશભરમાં આદર્શ બન્યા છે એમ જણાવી મુખ્ય પ્રધાને સુરત મનપાના તંત્રવાહકોને અભિનંદન પાઠવ્યા હતા. આ સંદર્ભે તેમણે વધુમાં કહ્યું કે, દેશમાં સૌપ્રથમ વાર ઈન્ટરનેશનલ ગ્રીન સર્ટિફિકેશન સાથે મ્યુનિસિપલ ગ્રીન બોન્ડ પબ્લિક ઈસ્યુથી બહાર પાડવામાં આવ્યા છે, ત્યારે સુરત મનપાના 'મ્યુનિસિપલ ગ્રીન બોન્ડ ઈસ્યુ'માં વૈશ્વિક રોકાણકારો થકી આંતરરાષ્ટ્રીય રૂચિ વધી છે. મનપાએ વિકાસના ઉત્તમ આયોજન સાથે જનભાગીદારીને જોડી છે. ગ્રીન પીપલ્સ ફાયનાન્સિંગે ગ્રીન ગ્રોથનું ઉત્તમ ઉદાહરણ બનશે એમ જણાવતા આ પહેલ શહેર માટે ન માત્ર નાણાકીય રીતે ફાયદાકારક સાબિત થશે, પરંતુ પર્યાવરણીય સ્તર પર પણ સકારાત્મક અસર કરશે. સુરત મહાનગરપાલિકાની આ યોજના હવે અન્ય શહેરો માટે પણ પ્રેરણાદાયી બનશે એવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો.

આ અવસરે મેયર દક્ષેશ માવાણીએ જણાવ્યું હતું કે, વડા પ્રધાનના ૨૦૪૭ ના વિકાસ વિઝનને સાકાર કરવા સસ્ટેનેબલ એનર્જી પ્રેરક ઉદાહરણ બનશે. સુરત એ મિની ભારત છે, સૌએ સુરતના વિકાસને સાથસહકાર આપ્યો છે. સુરત શહેરને અત્યાર સુધીમાં ૧૪ જેટલા વિવિધ એવોર્ડ મળ્યા છે. સુરતને ગ્રીન એનર્જી સાથે વિશ્વનું બેસ્ટ સિટી બનાવાશે.

## બોટાદના હડદડ વિવાદમાં આપ નેતાઓ અમદાવાદમાં ઉપવાસ પર બેસે પહેલા જ ધરપકડ કરવામાં આવી

અમદાવાદઃ બોટાદ માર્કેટિંગ યાર્ડમાં 'કડદા પ્રથા'ના વિરોધમાં શરૂ થયેલો વિવાદ વધુને વધુ ઉગ્ર બની રહ્યો છે. કડદા પ્રથાના વિરોધમાં બોટાદ નજીકના હડદડ ગામે આમ આદમી પાર્ટી દ્વારા 'કિસાન મહાપંચાયત'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પોલીસ અને ખેડૂતો વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું અને પોલીસ વાન પર પથ્થરમારો અને તોડફોડ કરવામાં આવી હતી. આ મામલે આમ આદમી પાર્ટી અને સ્થાનિક લોકો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે.

બોટાદના હડદડ ગામના સંઘર્ષ બાદ આપના નેતાઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી હતી. ત્યારે તેના વિરોધમાં આપ નેતા પ્રવીણ રામે મોટી જાહેરાત કરી હતી. આપ નેતા પ્રવીણ રામ અને રાજૂ કરપડા ખેડૂતોની મુખ્ય માગ સાથે ૧૬ ઓક્ટોબરના રોજ સવારે ૧૧:૦૦ કલાકે આમ આદમી પાર્ટી ગુજરાતના પ્રદેશ કાર્યાલય અમદાવાદ ખાતે અનશન પર બેસવાના હતા. જો કે તેના પગલે આમ આદમી પાર્ટીના કાર્યાલય પર પોલીસનો કાફલો તહેનાત કરી દેવામાં આવ્યો હતો. આમ આદમી પાર્ટીના નેતાઓ પહોંચતાની સાથે જ તેમની ધરપકડ કરવામાં આવી હતી.

આપના પ્રદેશ પ્રમુખ ઇસુદાન ગઢવીએ હતું કે, હડદડ ગામમાં ખેડૂતો સાથે જે થયું એનાથી ગુજરાતના ૫૪ લાખ ખેડૂતોને ખબર પડી ગઈ કે ભારતીય જનતા પાર્ટીને માત્ર કડદો કરવામાં રસ છે. ખેડૂતો સૌપ્રથમ ભાજપના નેતાઓ પાસે ગયા, તત્કાલીન કૉંગ્રેસના નેતાઓ પાસે ગયા પરંતુ આ પ્રથા બંધ થઈ નહિ. જ્યારે આ મુદ્દો અમારી પાસે આવ્યો ત્યારે આપના નેતાએ મુલાકાત લઈને જોયું ત્યારે ખબર પડી કે અનેક ખેડૂતોએ જોયું કે કોઈ અમારો અવાજ ઉઠાવવા આવ્યા છે.

વધુમાં તેમણે આક્ષેપ કર્યો હતો કે, ભાજપ સામે જ્યારે આ પ્રશ્ન આવ્યો ત્યારે આ પ્રથા બંધ કરાવવાની જરૂર હતી અને એપીએમસીને બરખાસ્ત કરી દેવાની જરૂર હતી પરંતુ વિનાશકાળે વિપરીત બુદ્ધિની જેમ ભાજપે ખેડૂતોને કચડી નાખવાનો આદેશ આપ્યો. આથી મહાપંચાયતની મંજૂરી ન આપવામાં આવી, પોલીસને તપાસ પડતી મુકાવી મહાપંચાયતમાં, આપના નેતાઓ અને ખડૂતોની પાછળ લગાવી દેવામાં આવી. આથી અમે હડદડ ગામે મહાપંચાયત ભરવાનું નક્કી કર્યું ત્યારે ખેડૂતોની ભીડ જોઈને સરકારે પોલીસ તમામ તૈયારીઓ સાથે આવી હતી.

## વડોદરામાં બૅન્કના નિવૃત્ત અધિકારીને ડિજિટલ એરેસ્ટ કરી ₹ ૬૪.૪૧ લાખ રૂપિયા પડાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાં એક નિવૃત્ત બૅન્ક અધિકારી ડિજિટલ એરેસ્ટનો શિકાર બન્યાં હતાં. ઠગ ટોળકીએ મકરપુરા રોડ વિસ્તારમાં રહેતા ૬૭ વર્ષીય વિવેકાનંદને સતત વીડિયો કોલ ઉપર ડિજિટલ એરેસ્ટ રાખી રૂપિયા ૬૪.૪૧ લાખ પડાવી લીધા હતાં. આ સમગ્ર મામલે સાયબર સેલ દ્વારા ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આરોપીઓએ ફરિયાદીને ફોન કરીને કહ્યું કે, તમારા આધાર કાર્ડ પર કેટલાક સીમ કાર્ડ એક્ટિવ થયા છે, જેનો મની લોન્ડરિંગ માટે ઉપયોગ કરવામાં આવ્યો છે, જેના કારણે તમારે મુંબઈ સાયબર ક્રાઈમમાં ઓનલાઈન તપાસમાં ડિજિટલ એરેસ્ટ રહેવું પડશે.

આરોપીઓએ ફરિયાદીને એવું પણ કહ્યું હતું કે, તમારા નામે હરિયાણા, પંજાબ અને તમિળનાડુ સહિત અનેક રાજ્યોમાં બૅન્ક એકાઉન્ટ પણ ખોલવામાં આવ્યાં છે. સાદા કોલમાં આટલું કહ્યા બાદ તેમને વીડિયો કોલ પર લઈ લેવામાં આવ્યાં હતાં. એટલું જ નહીં પરંતુ કેનરા બૅન્કના નામે ફ્રોડમાં ફરિયાદીનું નામ આવ્યું હોવાનું જણાવ્યું હતું. આ માહિતીના કારણે ફરિયાદી ગભરાઈ ગયાં હતા.

ફરિયાદીને ધમકીઓ પણ આપી હતી કે, જો તમે અમારી સાથે ઓનલાઈન ઇન્કવાયરી ચાલુ નહીં રાખો તો તેમની ધરપકડ કરવામાં આવશે. ત્યાર બાદ તેમના બૅન્ક ખાતાની માહિતી, પાન કાર્ડ અને આધાર કાર્ડના ફોટા પણ મગાવી લીધા હતા.

આરોપીઓએ સતત ૧૮ દિવસથી ફરિયાદીને ડિજિટલ એરેસ્ટમાં રાખ્યાં હતાં. આ દરમિયાન ફેક આરબીઆઈનો લેટર પણ મોકલ્યો હતો, જેમાં ૧૪.૯૮ લાખ રૂપિયાની રકમ લખેલી હતી. નિવૃત્ત અધિકારી પાસેથી ઠગોએ કુલ ૬૪.૪૧ લાખ રૂપિયા પડાવી લીધા હતા, જ્યારે આરોપીઓ હજી વધારે ૧૪.૩૮ લાખ ટ્રાન્સફર કરવાનું કહ્યું ત્યારે છેતરપિંડી થયાની ખબર પડી અને સાયબર સેલમાં ફરિયાદ નોંધાવી હતી.

## દિવાળી દરમિયાન અમદાવાદ ઍરપોર્ટ પર મુસાફરોની સંખ્યામાં ૨૦ ટકાનો વધારો થવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તહેવારોની મોસમ શરૂ થવા સાથે સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર મુસાફરોની સંખ્યામાં ૧૫-૨૦ ટકાનો વધારો થવાની અપેક્ષા છે. હાલમાં આ એરપોર્ટ દરરોજ ૨૩૦થી વધુ ફ્લાઇટ મૂવમેન્ટનું સંચાલન કરે છે અને આશરે ૩૮,૦૦૦ મુસાફરોને સેવા આપે છે. જોકે, સૂત્રોના જણાવ્યા અનુસાર, દિવાળીના તહેવાર દરમિયાન એનઆરઆઈ અને ઘરેલુ મુસાફરોની દોડધામને કારણે દૈનિક પેસેન્જર સંખ્યા ૪૫,૦૦૦ના આંકડાને સ્પર્શે તેવી સંભાવના છે. આ અપેક્ષિત વધારાને વ્યવસ્થિત રીતે સંચાલિત કરવા માટે, મુસાફરોને વધેલી સુવિધાઓ અને વધુ સરળ મુસાફરીનો અનુભવ મળે તે સુનિશ્ચિત કરવા માટે એરપોર્ટ પર વધુ સ્ટાફ તહેનાત કરવામાં આવશે.

અમદાવાદ એરપોર્ટને હાયપર-સેન્સિટિવ એરપોર્ટ તરીકે વર્ગિકૃત કરવામાં આવ્યું હોવાથી, સુરક્ષા વ્યવસ્થાને પણ નોંધપાત્ર રીતે સઘન બનાવવામાં આવી રહી છે. કોઈ પણ અનિચ્છનીય ઘટનાને રોકવા માટે સીઆઈએસએફ અને કસ્ટમ્સ વિભાગ દ્વારા વિજિલન્સ વધારવામાં આવશે. અમદાવાદ એરપોર્ટને બોમ્બની ધમકી મળ્યા બાદ સુરક્ષા સઘન બનાવવામાં આવી છે.

## વડોદરાની મહિલા જૂથે બનાવેલા ત્રણ લાખ દીવાઓથી દેવદિવાળીએ વારાણસી ઝળહળી ઊઠશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આ વર્ષે દેવદિવાળી પર વારાણસીમાં ગંગાના ઝળહળતા પ્રવાહમાં વડોદરા નજીક ડભોઈની ઝૂંપડપટ્ટીની મહિલાઓ દ્વારા ભક્તિભાવપૂર્વક તૈયાર કરાયેલા ત્રણ લાખ ગાયના છાણમાંથી બનેલા માટીના દીવાઓથી એક અદ્ભુત નજારો જોવા મળશે. આ દીવાઓ જ્યારે પ્રગટીને તેની રોશની પૂર્ણ કરશે ત્યારે તેમાંથી માત્ર રાખ બાકી રહેશે. પ્રાચીન શહેરને દીવાઓથી પ્રકાશિત કરવાના સંકલ્પ સાથે મહિલાઓના આ જૂથ દ્વારા ૧૭ દિવસથી કામ કરવામાં આવી રહ્યું છે. રોજ ૬૦-૭૦ મહિલા એકસાથે મળીને ગાયના છાણમાંથી નાના દીવાઓને આકાર આપે છે. દરેક મહિલા દરરોજ ૩૦૦-૩૫૦ દીવાઓ બનાવે છે, જેના બદલામાં તેમને પ્રતિ દીવા રૂ. ૧ થી રૂ. ૧.૫૦ મળે છે. આ વર્ષે ૫ નવેમ્બરે આવતી દેવ દિવાળીનું ધાર્મિક નગરીમાં ઘણું મહત્ત્વ છે, જ્યાં આ દિવસે ઘાટ તેમ જ અન્ય સ્થળોને દીવાઓથી સજાવવામાં આવે છે. કાશી તરીકે ઓળખાતા વારાણસીમાં આ દિવસ ભગવાન શિવ દ્વારા ત્રિપુરાસુર રાક્ષસ પર વિજય મેળવવાની યાદમાં ઉજવવામાં આવે છે. એવી પણ માન્યતા છે કે આ દિવસે દેવી-દેવતાઓ પવિત્ર નદીમાં સ્નાન કરવા આવે છે. શહેરના રહેવાસીઓ અને યાત્રાળુઓ દ્વારા લાખો દીવાઓ પ્રગટાવવામાં આવે છે. આ પ્રોજેક્ટ સખાવત અને દાનથી હાથ ધરવામાં આવ્યો છે. ગૌશાળાઓમાંથી ગાયનું છાણ ખરીદવામાં આવે છે અને મહિલાઓને મહેનતાણું ચૂકવવામાં આવે છે. દીવા તૈયાર કરવા માટે ગાયનું છાણ રિફાઇન્ડ લોટની સળીઓ સાથે મિશ્રિત કરવામાં આવે છે. ગાયના છાણના દર ૧ કિલો દીઠ, અમે ૨૦ ગ્રામ સળીઓ ભેળવીને મિશ્રણ તૈયાર કરવામાં આવે છે. આ મિશ્રણને ખૂબ જ બારીક દળીને પછી મશીનોનો ઉપયોગ કરીને દીવાઓમાં ઢાળવામાં આવે છે. આ દીવા સૂર્યપ્રકાશમાં સરળતાથી સૂકાઈ જાય છે અને વજનમાં હલકા હોય છે.

## ડાંગ જિલ્લામાં ભાજપને મોટો ફટકોઃ પૂર્વ ધારાસભ્ય મંગળ ગાવિત સમર્થકો સાથે કૉંગ્રેસમાં સામેલ થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પ્રધાનમંડળ વિસ્તરણની તૈયારીઓ વચ્ચે ડાંગ જિલ્લામાં ભાજપને મોટો ફટકો લાગ્યો હતો. પૂર્વ ધારાસભ્ય મંગળ ગાવિત સમર્થકો સાથે કૉંગ્રેસમાં સામેલ થયા હતા. અમિત ચાવડાના હાથે ખેસ પહેરી તેમણે ઘર વાપસી કરી હતી. તેમની સાથે તાલુકા પંચાયત આહવા ભાજપ સદસ્ય દિપક પીપળે, જિલ્લા પંચાયત સભ્ય લાલભાઈ પણ કૉંગ્રેસમાં સામેલ થયા હતા. મંગળ ગાવિત કૉંગ્રેસમાં જોડાતા કાર્યકરોમાં નવો ઉત્સાહ જોવા મળ્યો હતો. પાંચ વર્ષ પહેલાં જ કૉંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયેલા મંગળ ગાવિતે ભાજપ સાથે છેડો ફાડી રાજીનામું આપી દીધુ હતું. ડાંગના ભાજપ નેતા મંગળ ગાવિત વર્ષ ૨૦૨૦માં કૉંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા હતા અને હવે કૉંગ્રેસમાં ઘરવાપસી કરી હતી. મંગળ ગાવિત કૉંગ્રેસના ધારાસભ્ય પદેથી રાજીનામું આપીને ભાજપમાં જોડાયા હતા અને પેટા-ચૂંટણી માટે ટિકિટની માગણી કરી હતી. જોકે, ભાજપે ત્યારે મંગળ ગાવિતને ટિકિટ આપી નહોતી. હવે પાંચ વર્ષ બાદ તેમણે ભાજપમાંથી છેડો ફાડીને ફરી કૉંગ્રેસમાં સામેલ થયા હતા.

## વડોદરામાં માનસિક અને શારીરિક ત્રાસથી કંટાળી પરિણીતાએ પતિ સહિત સાસરિયા સામે ફરિયાદ નોંધાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના ગોરવા વિસ્તારમાં રહેતી ૨૯ વર્ષીય પરિણીતાએ તેના પતિ અને સાસરિયા વિરુદ્ધ ગંભીર આરોપો સાથે ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. મહિલાની ફરિયાદ પ્રમાણે પાર્થ રોહિત નામના યુવકે પ્રેમમાં ફસાવી મહિલાથી લગ્ન કર્યા પછી વિદેશ જવાની વાત કહીને ૧૫ લાખ રૂપિયા પડાવ્યા હતાં. હતી. ૨૭ મે, ૨૦૨૫ના રોજ તેઓએ લવ-મેરેજ કર્યા અને લગ્ન નોંધણી કરાવી હતી. ત્યારબાદ તેણે મહિલાને તેના ન્યૂડ ફોટા અને વીડિયો વાઇરલ કરવાની ધમકી આપીને શારીરિક તથા માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું.

લગ્ન પછી સાસરીમાં શરૂઆતના દિવસો સારા ગયા હતા, પરંતુ થોડા સમય પછી સાસુએ ઝઘડા શરૂ કર્યા અને પતિએ પણ તેમની તરફેણ લઈને પરિણીતાને ત્રાસ આપ્યો હતો. સસરાએ પણ મહિલાને તાંત્રિકવિધિ કરીને વશમાં રાખવાનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ લગાવ્યો હતો. પાર્થ રોહિતે સંબંધ તોડવાની ધમકી આપી હતી તથા વિદેશ જવાના બહાને લાખો રૂપિયા પડાવ્યા હતાં, જ્યારે પણ આ બાબતે મહિલાએ સવાલ કર્યો ત્યારે તેણે વાતને વાળી દીધી અને ફોટા વાયરલ કરવાની ધમકી આપી હતી. પતિ, સસરા, સાસુ અને જેઠ દ્વારા વારંવાર મહિલાને ત્રાસ આપવામાં આવતો હતો, જેથી આ ત્રાસથી કંટાળીને પરિણીતાએ અંતે પોતાના પીયર જઈ માતાને આખી વાત જણાવી હતી. ત્યારબાદ મહિલાએ ગોરવા પોલીસ સ્ટેશનમાં પતિ પાર્થ રોહિત, સાસુ, સસરા અને જેઠ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે પણ આ મામલે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી દીધી હતી.

## સૌરાષ્ટ્ર-કચ્છ રિજિયનની વાઈબ્રન્ટ સમિટ રાજકોટમાં યોજાશેઃ સ્થળ નક્કી કરવા માટે ઈન્સ્પેક્શન શરૂ

અમદાવાદઃ સૌરાષ્ટ્ર-કચ્છ રિજિયન માટેની વાઈબ્રન્ટ સમિટ રાજકોટમાં યોજાવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. રાજ્ય સરકારે ૮ અને ૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ આ સમિટનું આયોજન કરવાનો નિર્ણય કર્યો હતો. સમિટના સ્થળની પસંદગી માટે રેસકોર્સ મેદાન, અટલ સરોવર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને મારવાડી યુનિવર્સિટીના ઈન્સ્પેક્શન હાથ ધરવામાં આવ્યું હતું. ઉપલબ્ધ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓને ધ્યાનમાં લેતાં મારવાડી યુનિવર્સિટીમાં સમિટ યોજવાનો અંતિમ નિર્ણય થવાની શક્યતા છે. રાજકોટમાં યોજાનારી આ રિજનલ સમિટ સૌરાષ્ટ્ર અને કચ્છના ઉદ્યોગકારો માટે મોટા અવસર લાવશે. રાજ્ય સરકારે જાપાન, કૅનેડા અને યુરોપિયન દેશોને પાર્ટનર કન્ટ્રી તરીકે બોલાવ્યાં છે, જેના કારણે વિદેશી રોકાણ વધવાની આશા વ્યક્ત થઈ રહી છે. સૂત્રોએ જણાવ્યું કે, આ સમિટથી એન્જિનિયરિંગ, ઑટોમોબાઇલ, સોના-ચાંદી, સિરામિક, કૃષિ અને પોર્ટ ક્ષેત્રના ઉદ્યોગોને મોટી ગતિ મળશે.

## સુરતના મોટા વરાછાના કેપિટલ લોન્સમાં નવરાત્રિનો ડોમ ધરાશાયીઃ એક ઘાયલ

અમદાવાદઃ સુરતના મોટા વરાછા વિસ્તારમાં આવેલ કેપિટલ લોન્સ ખાતે નવરાત્રિ ઉત્સવ બાદ ડોમ ઉતારવાની કામગીરી દરમિયાન અચાનક ડોમ તૂટી પડતા એક કામદાર ઈજાગ્રસ્ત થયો હતો. 'રંગતાળી નવરાત્રિ' માટે બનાવાયેલા આ વિશાળ ડોમમાં દસ હજારથી વધુ ખેલૈયા સમાઈ શકે એવી વ્યવસ્થા હતી. ઘટના સમયે અન્ય કામદારો જમવા માટે જતા રહેલ હોવાથી મોટી જાનહાનિ ટળી હતી, જ્યારે એક કામદાર ડોમના ભાગ નીચે દબાઈ જતા તેને ઈજા પહોંચી હતી. ડોમ ધરાશાયી થતાં નજીક પાર્ક કરેલી બે ટ્રક અને એક કારને પણ ભારે નુકસાન પહોંચ્યું હતું. જોકે, આયોજકોએ આ અકસ્માતને દબાવી રાખવાનો પ્રયાસ કર્યો હતો.

## દિવાળી ટાણે જ મહેસાણામાંથી ૯૬ લાખનું શંકાસ્પદ ઘી ઝડપાયુંઃ ફેક્ટરી માલિક સામે કાર્યવાહી

અમદાવાદઃ દિવાળીના તહેવારોની આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ખાદ્ય પદાર્થોમાં ભેળસેળનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. આ દરમિયાન પોલીસ અને ફૂડ વિભાગ પણ સક્રિય બન્યો છે. અગાઉ મહેસાણા તાલુકાના ગિલોસણ ગામે શંકાસ્પદ ઘી બનાવતી મે.શિવાન ફૂડ પ્રોડક્ટ્સ નામની ફેક્ટરીમાં દરોડો પાડી પોલીસે રૂ.૯૬ લાખનો ઘીનો જથ્થો ઝડપી લઈ સ્થાનિક ફૂડ તંત્રને જાણ કરી હતી. ફૂડ અધિકારીઓએ તાલુકા પોલીસને સાથે રાખીને ફેક્ટરી પર તપાસ કરી પોલીસે પકડેલાં રૂ.૯૫,૫૯,૭૧૮ નો કુલ ૧૬૮૧૨ લિટર જથ્થો સીઝ કરી તેમાંના ઘીના ૧૮ સેમ્પલ લઈને ટેસ્ટિંગ માટે સરકારી લેબોરેટરીમાં મોકલી આપ્યાં હતા. ફૂડ વિભાગની ટીમે ફેક્ટરી માલિક પટેલ હિતેશભાઈ ગોવિંદભાઈ સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, મહેસાણા તાલુકા પોલીસની ટીમ નાઈટ પેટ્રોલિંગમાં હતા. ત્યારે ગિલોસણ ગામે પટેલ હિતેશભાઈ ગોવિંદભાઈની માલિકીની મે. શિવાન ફૂડ પ્રોડક્ટ્સ નામની ફેક્ટરીમાં નકલી ઘી બનાવવામાં આવતું હોવાની પૂર્વ બાતમીના આધારે પોલીસે છાપો મારી શંકાસ્પદ ઘીનો રૂ.૯૫,૫૯,૭૧૮ નો જથ્થો ઝડપી લીધો હતો. પોલીસે ત્યાર બાદ ફેક્ટરીને સીલ મારી દીધું હતું.

## પાલનપુર પાલિકાની સાધારણ સભામાં હોબાળો

અમદાવાદઃ પાલનપુર નગરપાલિકાની સાધારણ સભામાં કૉંગ્રેસના કોર્પોરેટરે હંગામો કર્યો હતો. સાધારણ સભામાં કૉંગ્રેસ કોર્પોરેટર અબરાર શેખે મહિલા કોર્પોરેટરોની હાજરીમાં ઉગ્ર રજૂઆત કરતા અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો હતો. જેથી સભામાં ભારે હંગામો થયો હતો. અબરાર શેખે વિવિધ મુદ્દાઓ પર વિરોધ કર્યો અને નગરપાલિકાના ચીફ ઓફિસર અને પ્રમુખ સામે એજન્ડાની નકલો પણ ફાડી નાખી હતી. આ સમગ્ર ઘટનાનો વીડિયો વાયરલ સોશ્યલ મીડિયામાં વાઇરલ પણ થયો હતો.

કોર્પોરેટર અબરાર શેખે આ આરોપોનો ઇનકાર કરતા કહ્યું હતું કે, તેઓ આવું કંઇ બોલ્યા જ નથી. જો કે, આ ઘટના મામલે પાલનપુર નગરપાલિકા પ્રમુખ ચીમનલાલ સોલંકીએ હકીકત જણાવી હતી. નગરપાલિકા પ્રમુખે કહ્યું કે, શહેરના વિકાસના કામો અને કર્મચારીઓના પડતર પ્રશ્નો પર ચર્ચા ચાલી રહી હતી ત્યારે કૉંગ્રેસના કોર્પોરેટરે અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો હતો. આ સભામાં અનેક મહિલા કોર્પોરેટરોની હાજરીમાં આવા શબ્દોનો પ્રયોગ નિંદનીય છે અને તે તેમના સંસ્કાર દર્શાવે છે. પાલનપુર નગરપાલિકાની સાધારણ સભામાં જે હોબાળો થયોનો દરેક કોર્પોરેટરે પણ વિરોધ કર્યો હતો.

# સંસ્થા સમાચાર

## શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ

સમાજનું વાર્ષિક સંમેલન રવિવાર, તા. ૯-૧૧-૨૫ના દિને સવારે ૧૦ વાગે સમાજ ભવનમાં યોજવા નિર્ધારિત છે. આ સંમેલનમાં સમાજ પરિવારના તેજસ્વી વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ સારા માર્ક સાથે કોઈ પણ પરીક્ષા પાસ કરી હશે તેનું પારિતોષિક આપી સન્માન કરવામાં આવશે. જેમણે પોતાની માર્કશીટ સમાજને ના પહોંચાડી હોય તો તેઓને ૩૦.૧૦.૨૦૨૫ સુધીમાં સમાજના કાર્યાલયમાં પહોંચાડવામાં આવે. તેમ જ સમાજના સદસ્યો જેમણે ૭૦થી વધુ વયના હોય અને જેમનું સમાજ દ્વારા વયસ્ક વડીલ સન્માન થયું ના હોય તેઓને પોતાના નામ સમાજ કાર્યાલયમાં નોંધાવી લેવા વિનંતી છે. આ કાર્યક્રમ દરમિયાન તેઓનું યોગ્ય રીતે સન્માન કરવામાં આવશે. સમાજ દ્વારા યાત્રા પ્રવાસનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે. ઓમકારેશ્વર અને મહાકાલેશ્વર (ઈંદોર- ઉજ્જૈન) ટ્રેન/એસી બસ દ્વારા પ્રવાસ તેમ જ સારી હોટલમાં નિવાસ અને ભોજન વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. જેમણે પણ આ પ્રવાસમાં જોડાવું હોય, સમાજ કાર્યાલયમાં સંપર્ક કરી વધુ વિગતો મેળવી નામ નોંધાવા વિનંતી છે.

સમાજ દ્વારા સમૂહ યજ્ઞોપવિત અને લગ્નનું આયોજન પ્રતિવર્ષ મુજબ રવિવાર, તા. ૦૮-૦૩-૨૦૨૬ના રોજ નિર્ધારિત છે. ધાર્મિક વિધિવિધાનપૂર્વક ઉપનયન સંસ્કાર અને લગ્ન વિધિ કરવામાં આવે છે. જે તદ્દન નિઃશુલ્ક રહેશે. લાભ લેવા ઈચ્છતા હોય તેમને વધુ વિગતો માટે સમાજ કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી.

# બિહારમાં બેઠકોની વહેંચણી અંગે મહાગઠબંધનમાં વિવાદથી એનડીએને ફાયદો થશેઃ આઠવલે

નાગપુર : કેન્દ્રીય પ્રધાન રામદાસ આઠવલેએ ગુરુવારે અહીં એક પત્રકાર પરિષદમાં દાવો કર્યો હતો કે બિહારમાં વિપક્ષી ‘મહાગઠબંધન’ માં બેઠકોની વહેંચણી અંગે વિવાદ છે અને ઉમેર્યું હતું કે જો તેના ઘટકો આગામી મહિને યોજાનારી વિધાનસભાની ચૂંટણી સ્વતંત્ર રીતે લડવાનું નક્કી કરે છે, તો તે એનડીએ ને વધુ બેઠકો જીતવામાં મદદ કરશે અને નીતિશ કુમાર ફરીથી મુખ્ય મંત્રી બનશે.

૨૪૩ સભ્યોની બિહાર વિધાનસભાની ચૂંટણી ૬ અને ૧૧ નવેમ્બર એમ બે તબક્કામાં યોજાશે, જ્યારે મતોની ગણતરી ૧૪ નવેમ્બરના રોજ થશે. મહાગઠબંધનમાં હજુ સુધી બેઠકોની વહેંચણી થઈ નથી તેવા પ્રશ્નના જવાબમાં, આઠવલેએ દાવો કર્યો હતો કે બેઠકો પર ગઠબંધનમાં વિવાદ છે. મહાગઠબંધનમાં રાષ્ટ્રીય જનતા દળ, કોંગ્રેસ અને ડાબેરી પક્ષોનો સમાવેશ થાય છે. સામાજિક ન્યાય રાજ્યપ્રધાને એમ પણ કહ્યું કે તેમની પાર્ટી રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા-આઠવલે બિહારમાં ચૂંટણી નહીં લડે પરંતુ એનડીએ ને ટેકો આપશે અને તેમના માટે પ્રચાર કરશે.

રાજ ઠાકરેની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના વિપક્ષી મહા વિકાસ આઘાડી (એમવીએ) સાથે જોડાણ કરે તો તેમાં કંઈ ખોટું નથી તેવી એનસીપી (એસપી) નેતા સુપ્રિયા સુળેની ટિપ્પણી અંગેના પ્રશ્નના જવાબમાં, આઠવલેએ કહ્યું કે તેમનું માનવું છે કે એમએનએસ ના મુદ્દા પર વિપક્ષી ગઠબંધનમાં કોઈ સર્વસંમતિ નહીં થાય. તેથી એમવીએમાં વિભાજન નિશ્ચિત છે.

છઠ્ઠા પાનાનું ચાલુ

## મહાયુતિમાં ભાજપ

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંગે ચર્ચા કરતી વખતે પક્ષના નેતાઓ અને કાર્યકરોને સાથી પક્ષો વિરુદ્ધ ન બોલવાનો સંદેશ આપ્યો હતો.

મુંબઈ, થાણે અને નાગપુર સહિત ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનો અને મહારાષ્ટ્રમાં અન્ય શહેરી અને ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ યોજાવાની છે. ગયા મહિને, સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચને ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ કરાવવા કહ્યું હતું. (પીટીઆઈ)

## પાલિકાની ચૂંટણી

કારણ એમ પણ હોઈ શકે તે પણ મુંબઈના ગેરકાયદે બાંધકામ હટાવશે, પરંતુ તેઓ સીએમ તરીકે પણ હટાવી શકે છે.

થોડા સમય પહેલા આઈ લવ મોહંમદ પોસ્ટરનો વિવાદ જાગ્યો હતો, જે હિંસક પણ બન્યો હતો અને આને હિન્દુ-મુસ્લિમ મુદ્દો બનાવવામાં આવ્યો હતો.

## દિવાળી પહેલા

નૈઋત્ય ચોમાસું સમગ્ર દેશમાંથી પાછું ખેંચાયું હતું.

આઈએમડીએ જણાવ્યું હતું કે, ઈશાન ચોમાસું તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલ, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, રાયલસીમા, કર્ણાટકના દક્ષિણ આંતરિક ભાગો અને કેરળમાં પ્રવેશ્યું છે.

આ વર્ષે, ચોમાસુ ૨૪ મેના રોજ કેરળ પહોંચ્યું હતું, જે ૨૦૦૯ પછી ભારતીય મુખ્ય ભૂમિ પર તેની સૌથી વહેલી શરૂઆત હતી, જ્યારે તે ૨૩મેના રોજ પહોંચ્યું હતું.

તેણે ૮ જુલાઈની સામાન્ય તારીખથી નવ દિવસ પહેલા સમગ્ર દેશને આવરી લીધો હતો. ૨૦૨૦ પછી આ સૌથી પહેલું ચોમાસુ હતું જેણે ૨૬ જૂન સુધીમાં આખા દેશને આવરી લીધું હતું.

પ્રાથમિક વરસાદ પાડતી સિસ્ટમ સામાન્ય રીતે ૧ જૂન સુધીમાં કેરળમાં તેની શરૂઆત કરે છે અને ૮ જુલાઈ સુધીમાં સમગ્ર દેશને આવરી લે છે. તે ૧૭ સપ્ટેમ્બરની આસપાસ વાયવ્ય ભારતમાંથી પીછેહઠ કરવાનું શરૂ કરે છે અને ૧૫ ઓક્ટોબર સુધીમાં સંપૂર્ણપણે પીછેહઠ કરે છે.

## આજે રાજનાથ સિંહ

૨૪માં ૧૬ એન્જિન સપ્લાય કરવાના હતા. જોકે, સમયસર એન્જિન ડિલિવરી ન થવાને કારણે તેજસનું ઉત્પાદન ખોરવાઈ ગયું હતું. આનાથી ઇંઅક માટે મૂંઝવણ ઊભી થઈ હતી , તો બીજી તરફ, વાયુસેનાની ક્ષમતાઓ પર પણ અસર પડી રહી છે. વાયુસેનાના વડાએ વિલંબ પર પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો હતો. હવે, એચએએલ ડિસેમ્બરના અંત સુધીમાં તેજસ ખસ-૧અ ની પ્રથમ બેચ પુરી પાડશે.

શરૂઆતના ઓર્ડર મુજબ, એચએએલએ વાયુસેનાને ૮૩ તેજસ ખસ-૧અ વિમાન પૂરા પાડવાના છે. બીજા ૯૭ ખસ-૧અ ખરીદવાના છે. તેજસ -એમકે-૧એ તૈયાર થઈ રહ્યા છે, ત્યારે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ નાશિકની બે દિવસની મુલાકાતે આવી રહ્યા છે.

તેઓ ગુરુવારે સાંજે ઓઝર એરપોર્ટ પર પહોંચશે. સાંજે, તેઓ ઓઝર ખાતે મીની સ્માર્ટ ટાઉનશીપનું ઉદ્ઘાટન કરશે.

શુક્રવારે સવારે, તેઓ ત્ર્યંબકેશ્વરમાં દર્શન અને પૂજા વિધિ કર્યા પછી, ઇંઅક ખાતે મુખ્ય કાર્યક્રમમાં પાછા ફરશે.

સવારે ૧૧:૩૦ વાગ્યે, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ તેજસ-એમકે-૧એની ત્રીજી ઉત્પાદન લાઇનનું ઉદ્ઘાટન કરશે.

વહીવટીતંત્રે એમ પણ કહ્યું છે કે એચએએલ પ્રોજેક્ટમાં અમલમાં મુકાયેલા એચટીટી-૪૦ ટ્રેનર એરક્રાફ્ટની બીજી પ્રોડક્શન લાઇનનું ઉદ્ઘાટન કરવામાં આવશે.

## વેપારીને ડિજિટલ અરેસ્ટ

પોતાની ઓળખ સરકારી એજન્સીના અધિકારી તરીકે આપે છે અને ઑડિયો/વીડિયો કૉલ દ્વારા પીડિતોને ડરાવે છે. તેઓ પીડિતોને બંધક બનાવે છે અને પૈસા ચૂકવવા તેમના પર દબાણ કરે છે.

તાજેતરના કેસમાં આરોપીઓએ ઇડી અને સીબીઆઇના અધિકારીના સ્વાંગમાં ૧૯ ઑગસ્ટથી ૮ ઑક્ટોબર દરમિયાન વેપારીનો સંપર્ક સાધ્યો હતો અને તેનું નામ મની લોન્ડરિંગના કેસમાં સામે આવ્યું હોવાનો દાવો કર્યો હતો. આરોપીઓએ ૧૯ ઑગસ્ટે વેપારીને પ્રથમ કૉલ કર્યો હતો અને પોતાની ઓળખ સુબ્રમણ્યમ કરણ શર્મા તરીકે આપી હતી.

આરોપીઓએ બાદમાં વીડિયો કૉલ કરી વેપારી અને તેની પત્નીને ‘ડિજિટલ અરેસ્ટ’ હેઠળ રાખ્યાં હતાં, જેને કારણે વેપારી ગભરાયો હતો. આરોપીઓએ બાદમાં જણાવેલા બૅંક ખાતાંમાં વેપારીને રૂપિયા ટ્રાન્સફર કરવા માટે કહ્યું હતું. વેપારીએ બે મહિનામાં ૫૮ કરોડ રૂપિયા આરટીજીએસ દ્વારા અનેક બૅંક ખાતાંઓમાં ટ્રાન્સફર કર્યા હતા.

દરમિયાન પોતે છેતરાયો હોવાનું ધ્યાનમાં આવતાં વેપારીએ સાયબર પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. સાયબર પોલીસે ગયા સપ્તાહે ભારતીય ન્યાય સંહિતા અને આઇટી (ઇન્ફોર્મેશન ટેક્નોલોજી) એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

તપાસ દરમિયાન પોલીસે નાણાંનું પગેરું મેળવતાં તે ૧૮ જેટલા બૅંક ખાતામાં ટ્રાન્સફર થયા હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે બૅંક ખાતાંઓમાં ટ્રાન્સફર થયેલા રૂપિયા ફ્રીઝ કરવા માટે સંબંધિત સત્તાવાળાઓનો સંપર્ક સાધ્યો હતો, એમ અધિકારીએ કહ્યું હતું.

## ફરિયાદી જ

પાછા આવી રહ્યા હતા ત્યારે શિવડી વિસ્તારમાં ઝકેરિયા બંદર રોડ પર મોટરસાઇકલ પર આવેલા બે લૂંટારાએ શામળાભાઇની બાઇકને ધક્કો મારીને રોકી હતી. બાદમાં જગદીશ આલને પિસ્તોલની ધાક દાખવી તેની પાસેની દાગીના ભરેલી બૅગ લૂંટી લૂંટારા ફરાર થઇ ગયા હતા.

આ ઘટના બાદ શામળાભાઇએ આરએકે માર્ગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં ગુનો દાખલ કરીને પોલીસે આરોપીઓની શોધ આદરી હતી. પોલીસે ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. દરમિયાન પોલીસે શંકાને આધારે શામળાભાઇ રબારીની પૂછપરછ કરી હતી, જેમાં ગુનામાં તેની સંડોવણી સામે આવી હતી.

શામળાભાઇએ તેના એક સાથીદાર સાથે મળીને લૂંટની યોજના બનાવી હતી અને તેણે વતનના બે પરિચિત ભાણારામ રબારી તથા લીલારામ દેવાસીને તેમાં સામેલ કર્યા હતા.

ભાનારામ રબારી અને લીલારામે પિસ્તોલની ધાકે લૂંટ ચલાવી હતી. ભાણારામ અને લીલારામને અમદાવાદથી પકડવામાં આવ્યા હતા. ભાણારામ રબારી પુણેમાં, જ્યારે લીલારામ અમદાવાદમાં કામ કરતો હતો. પોલીસે ચારેય આરોપીના મોબાઇલ પણ જપ્ત કર્યા હતા.

## મુંબઈ સિવાયની

છે. થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન (ટીએમસી)નો કાર્યકાળ માર્ચ ૨૦૨૨માં સમાપ્ત થયો હતો, જ્યારે નવી મુંબઈ મ્યુનિસિપલ સંસ્થાનો કાર્યકાળ મે ૨૦૨૦માં સમાપ્ત થયો હતો.

થાણેમાં મેયર પદ છેલ્લે શિવસેનાના નરેશ મ્હસ્કે પાસે હતું, જ્યારે નવી મુંબઈમાં જયંત સુતાર પાસે હતું, જે શરૂઆતમાં અવિભાજિત એનસીપી સાથે હતા, પરંતુ તેમના કાર્યકાળ દરમિયાન પાછળથી ભાજપમાં જોડાયા હતા.

મ્હસ્કે હાલમાં થાણે લોકસભા મતવિસ્તારમાંથી શિવસેનાના સાંસદ છે.

થાણે વિધાનસભા ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરતા ભાજપના વિધાનસભ્ય સંજય કેળકરે તાજેતરમાં સ્પષ્ટ કર્યું હતું કે પાર્ટી શહેરમાં આગામી પાલિકાની ચૂંટણીઓ સ્વતંત્ર રીતે લડવા માટે તૈયાર છે. આવી જ રીતે મીરા-ભાયંદરના નરેન્દ્ર મહેતા, નવી મુંબઈના ગણેશ નાઈકે પણ સ્વબળે ચૂંટણી લડવાનો નારો આપ્યો છે.

‘જો આપણે એકલા ચૂંટણી લડીશું, તો આપણી પાસે આપણા પોતાના મેયરને સ્થાપિત કરવાની તક છે. થાણેના રહેવાસીઓ અમને ટેકો આપશે, અને અમે શહેરમાં ભાજપનો મેયર ઇચ્છીએ છીએ,’ એમ તેમણે થોડા દિવસ પહેલા પાર્ટીના ઉમેદવારોને સંબોધતા કહ્યું હતું.

બીજી તરફ શિવસેનાના મ્હસ્કેએ પણ જણાવ્યું હતું કે સ્થાનિક મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ સ્વબળે લડવા માટે તેમના પક્ષના કાર્યકર્તાઓમાં ભાવના વધી રહી છે.

‘કેટલાક સાથી પક્ષો સતત એમએમઆરમાં આવેલી પાલિકાની ચૂંટણીમાં એકલા લડવાની વાત કરી રહ્યા છે, પછી અમારા શિવસેનાના કાર્યકરોને આશ્ચર્ય થયું કે જ્યારે સાથી પક્ષ બરાબર વિરુદ્ધ કહી રહ્યો છે, ત્યારે સેના ગઠબંધન માટે કેમ ઉત્સુક છે.

જો સાથી પક્ષ એકલા લડવા માંગે છે, તો આપણે ગઠબંધન તરીકે લડવાનો આગ્રહ કેમ રાખવો જોઈએ? શિવસેનાના કેટલાક કાર્યકરોએ આ જ વાત કહી,’ એમ મ્હસ્કેએ ગુરુવારે સ્થાનિક નગરસેવકો અને પદાધિકારીઓ સાથેની બેઠક બાદ પત્રકારોને જણાવ્યું હતું.

થાણેમાં શિવસેનાના પદાધિકારીઓએ નારાજગી વ્યક્ત કરતા આરોપ લગાવ્યો કે ભાજપના કાર્યકરો સેનાના નેતૃત્વ હેઠળના વિકાસ કાર્યોમાં અવરોધ ઉભો કરી રહ્યા છે, ત્યારબાદ આ મતભેદ પ્રકાશમાં આવ્યો.

દરમિયાન, ભાજપે થાણે જિલ્લાની બધી જ મનપામાં એકલા લડવાની તૈયારી માટે સંપૂર્ણ કવાયત શરૂ કરી છે.

૨૦૧૭માં, અવિભાજિત શિવસેના અને ભાજપ બંનેએ સાથે સરકારમાં હોવા છતાં તેમણે પાલિકાની ચૂંટણીઓ અલગ અલગ લડી હતી.

થાણેમાં શિવસેનાએ ૬૭ બેઠકો જીતી હતી જ્યારે થાણેમાં ભાજપ આઠથી વધીને ૨૩ બેઠકો પર પહોંચી હતી.

મુંબઈમાં, ભાજપ શિવસેનાથી નોંધપાત્ર અંતરે આવી ગયો હતો, શિવસેનાની ૮૪ બેઠકો સામે ૮૨ બેઠકો જીતી હતી. પક્ષના નેતાઓ માને છે કે આ રણનીતિનું પુનરાવર્તન થાણેમાં તેમના પક્ષમાં નિયંત્રણ ઝુકાવી શકે છે.

નવી મુંબઈમાં પણ, ભાજપના નેતાઓએ પોતાના મેયર સ્થાપિત કરવાની ઇચ્છા વ્યક્ત કરી છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને રાજ્ય ભાજપ પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણની હાજરીમાં યોજાયેલી રણનીતિ બેઠકમાં, ઉપસ્થિતોએ મેયરનું પદ ભાજપને મળે તે માટે સ્પષ્ટ યોજના પર ભાર મૂક્યો.

સ્થાનિક એકમોને સલાહ-સૂચન કરવા અને તેઓ સંયુક્ત કે એકલા ચૂંટણી લડવાનું પસંદ કરે છે કે નહીં તે અંગે વાતચીત કરવા સૂચના આપવામાં આવી છે.

ફડણવીસે સ્થાનિક સ્તરે ગઠબંધનની ફોર્મ્યુલા અપનાવતા પહેલા ભાજપ અને શિવસેના બંનેના કાર્યકરોને તાકાતનું મૂલ્યાંકન કરવા જણાવ્યું હોવાનું કહેવાય છે.

જોકે, રાજ્યના પ્રધાન અને ભાજપ નેતા ગણેશ નાઈક અને એકનાથ શિંદેની છાવણી વચ્ચે વધતા તણાવ, તેમજ બંને પક્ષો દ્વારા સ્વતંત્ર રીતે ચૂંટણી લડવાના વારંવારના દાવાઓ, સૂચવે છે કે થાણે અને પાલઘર જિલ્લા અને નવી મુંબઈમાં મહાયુતિ ગઠબંધન સીધા મુકાબલાનો સામનો કરી શકે છે.

સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ આગામી બે મહિનામાં અથવા આવતા વર્ષની શરૂઆતમાં યોજાવાની શક્યતા છે.

# જૈન મરણ

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

વઢવાણ શહેર નિવાસી હાલ ચેમ્બુર સ્વ. ઝલુબા મોહનલાલ ઝુંઝાભાઈ શાહના દીકરા અમૃતલાલ શાહ (ઉં.વ. ૯૩) તા. ૧૫-૧૦-૨૫ના બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કુસુમબેનના પતિ. સ્વ. મણીભાઈ, સ્વ. સૂરજબેન, સ્વ. ચંપાબેન, સ્વ. ગુણીબેનના નાનાભાઈ. પાળીયાદ નિવાસી સ્વ. મરઘાબેન નંદલાલ દેવચંદ શાહના જમાઈ. રૂપલ તથા રાજુના પિતાશ્રી. અતુલભાઈ તથા ભાવનાબેનના સસરા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ધનવંતરાય શાહ (તળાજાકર) (ઉં.વ. ૮૧) તળાજા નિવાસી હાલ બોરીવલી, તે વસંતબેન રમણીકલાલ વિઠ્ઠલદાસના પુત્ર. કલ્પનાબેનના પતિ. નીખીલ, મોહિત, કુંજલના પિતાશ્રી. સ્વ. હસમુખભાઈ, સ્વ. નિરંજનભાઈ, ભરતભાઈ, સ્વ. કુમારભાઈ તથા સ્વ. શરદબેન દિનેશકુમાર શાહ, કિરણબેન રમેશભાઈ પટણીના ભાઈ. સ્વ. ભોગીલાલ મોહનલાલ દોશી (શિહોર)ના જમાઈ. તા. ૧૫-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

મોટી કુંકાવાવ નિવાસી હાલ અંધેરી, ગં. સ્વ.ધનલક્ષ્મીબેન કામદાર (ઉં. વ. ૮૬) તા. ૧૨/૧૦/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.મનસુખલાલ બાપાલાલ કામદારના પત્ની. હિતેશ, મનોજ, લીના અને મયુરીના માતુશ્રી. નીતા, અલ્પેશકુમાર દોશી અને દિલીપભાઈ ઘેલાણીના સાસુ. વૃજકુંવરબેન મેઘજીભાઈ બદ્યાણીના દીકરી. સ્વ. છોટાલાલભાઈ, સ્વ. જયંતીલાલ, સ્વ. કિશોરભાઈ, સ્વ. મંજુલાબેન ઘેલાણી અને સ્વ.વીલાસબેનના ભાભી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહારની પ્રથા બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

કાંદિવલી નિવાસી, મેહુલ મેઘાણી (ઉં. વ. ૫૦) તા. ૧૫/૧૦/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.શારદાબેન ગુણવંતલાલ મેઘાણીના પુત્ર. ભાવિશાના પતિ. સ્મિત અને રાશિના પિતાશ્રી. અતુલભાઈ, દિપ્તીબેન, જયેશભાઇ મહેતા, હિનાબેન હિમાંશુભાઈ શેઠના નાનાભાઈ. ભરતભાઈ ચંદુભાઇ મહેતાના જમાઈ. કાજલના દિયર. પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૧૭/૧૦/૨૫ના ૪ થી ૬. વર્ધમાન સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, એલ. ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રામાણીયાના રમેશ વિશનજી રાંભીયા (ઉં. વ. ૬૮) તા.૧૪-૧૦ના અવસાન પામેલ છે. મઠાબેન વિસનજીના પુત્ર. મીનાના પતિ. ધર્માંગ, કેજલના પિતા. સં.પ.પૂ. કુમુદપ્રભાશ્રીજી મ.સ., અમૃત, લક્ષ્મીચંદ, ચંદ્રકાંત, મહેન્દ્રના ભાઈ. દેશલપુર (કંઠી) દિવાળીબેન રાઘવજી સાવલાના જમાઈ. પ્રા. શ્રી માટુંગા ક.મૂ.શ્વે.જૈન સંઘની નારાણજી શામજી વાડી. ટા. ૧.૩૦ થી ૩.

નરેડીના તેજબાઇ ખેરાજ નાગડા (ઉં. વ. ૯૦) તા. ૧૫-૧૦-૨૫નાં અવસાન પામેલ છે. લક્ષ્મીબાઇ ખીંયશી ભુલાના પુત્રવધૂ. ખેરાજના પત્ની. રમેશ, કાંતી, નરેશ, પુષ્પા, પ્રેમીલાના માતા. કોટડા (રોહા) રતનબેન/પાનબાઇ મુરજી મણશીના પુત્રી. કેસર દામજી, શાંતા મેઘજી, નવલ તારાચંદ, ગઢશીશા દીપા ધનજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કાંતીલાલ નાગડા, શાંતી નિવાસ, પ્લોટ નં. ૭૫, કાનસાઇ સેક્સન, અંબરનાથ (ઇ.), ૪૨૧૫૦૧. તા. ૧૭-૧૦-૨૦૨૫. (ઘરે મળવાનો સમય ૩ થી ૫).

## ૨૭૦ સ્કેવરફૂટના

કર્યો છે કે નહીં, તેવો સવાલ આ કિંમતો બહાર આવ્યા બાદ થઈ રહ્યો છે.

ઘરોની કિંમતો જે તે વિસ્તારના રેડી રેકનર રેટમાં ૧૦ ટકા વહીવટી ખર્ચ ઉમેરીને નક્કી કરવામાં આવે છે. ભાયખલામાં રેડી રેકનર રેટ ચોરસ ફૂટદીઠ રૂ. ૩૦,૦૦૦ હોવાથી, અહીંના ઘરોની કિંમત રૂ. ૧ કરોડથી વધુ છે. નવાઈની વાત એ છે કે આ ઘર માટે અરજી કરવાની પાત્રતા નક્કી કરવામાં આવી છે, જેમાં જે કુટુંબની વાર્ષિક રૂ. છ લાખ કે તેનાથી ઓછી હોય તેઓ જ અરજી કરી શકે છે. હવે સવાલ એ થાય છે કે આવા પરિવારોને એક કરોડ કે ૯૮ લાખના ઘર કઈ રીતે પોષાવાના અને તેમને લોન કોણ આપશે અને તેઓ લોન પણ કેટલી લેશે જેવા સવાલો ઊભા થઈ રહ્યા છે.

## રોડ રેજની ઘટના

મોડું થતું હોવાથી તે ક્લીનરને બંગલો પર લઇ ગયો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર નવી મુંબઈમાં મુલુંડ-ઐરોલી રોડ પર ૧૩ સપ્ટેમ્બરે આ ઘટના બની હતી અને ત્યારથી ખેડકર ફરાર હતો.

એફઆઇઆર મુજબ મુલુંડ-ઐરોલી રોડ પર દિલીપ ખેડકરની લેન્ડ ક્રૂઝર કાર સાથે સિમેન્ટ-મિક્સર ટ્રક ઘસાતાં ખેડકર અને તેના ડ્રાઇવર-કમ-બોડીગાર્ડ પ્રફૂલ સાળુંખેએ કારને થયેલા નુકસાન માટે પૈસા માગ્યા હતા, જેને કારણે તેમનો ટ્રક ડ્રાઇવર ચંદ્રકુમાર ચવાણ અને ક્લીનર સાથે ઝઘડો થયો હતો.

દરમિયાન ખેડકર અને સાળુંખેએ ટ્રકના ક્લીનરને પોલીસ સ્ટેશનમાં લઇ જવાને બહાને કારમાં તેનું અપહરણ કર્યું હતું. ક્લીનર ફોન રિસિવ કરતો ન હોવાથી ટ્રક ડ્રાઇવરે તેની જાણ માલિકને કરી હતી, જેને પગલે તેણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર ક્લીનરને ખેડકરના પુણેમાં આવેલા બંગલોમાં લઇ જવાયો હતો અને બીજે દિવસે પોલીસે તેને ત્યાંથી છોડાવ્યો હતો. પોલીસે બાદમાં સાળુંખેની ધરપકડ કરી હતી અને તે હાલ જુડિશિયલ કસ્ટડીમાં છે. (પીટીઆઇ)

# હિન્દુ મરણ

જનકકુમારી રાણા (ઉં. વ. ૮૬) તે અજિતસિંહ રાણાનાં પત્ની. તે રાજેન્દ્રસિંહ રાણાનાં માતુશ્રી શ્રીજીચરણ પામેલ છે. તેમની અંતિમવિધિ ગુરુવારે કરવામાં આવી હતી. સ્થળઃ અજિતસિંહ રાણા, રૂમ. નં.૫-૬, હેમા સ્મૃતિ બિલ્ડિંગ, ૧૮-બી ચિત્રરંજન નગર કો. ઓપ હાઉસિંગ સોસાયટી, ઘાટકોપર-પૂર્વ, મુંબઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. લલીતાબેન ભગવાનદાસ હંસરાજ રૂપારેલ (ઠક્કર) કચ્છ ગામ તુણા ખામગાંવ નિવાસી હાલે નાશિક રોડના મોટા પુત્ર જગદીશ રૂપારેલ (ઠક્કર) (ઉં.વ. ૬૯) મંગળવાર, તા. ૧૪-૧૦-૨૫ના રામશરણ પામેલ છે. તે ભાવનાબેનના પતિ. પ્રતિક્ષા અભિષેક ચંદન, હર્ષિકા અશ્વિન શ્રીવાસ્તવના પિતાશ્રી. ચેતન, હર્ષા, સ્વ. રેખાબેન, મીન, સુધા, મીતાના મોટાભાઈ. સ્વ. લિલાવંતીબેન અમૃતલાલ શેઠિયા કચ્છ ગામ અંજારવાળાના નાના જમાઈ. તે સ્વ. બીનાબેન, સ્વ. નરોત્તમભાઈ, મીલન, દીપક, સ્વ. સંજયના બનેવી. બંને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૭-૧૦-૨૫ના ૫.૦૦થી ૭.૦૦. શ્રી. કચ્છી લોહાણા મહાજનવાડી, પવાણી બેન્કવેટ હોલ, ૧લે માળે, આર.આર.ટી. રોડ, મુલુંડ (વેસ્ટ). (લૌકિક વ્યવહાર બંધ છે.)

**કચ્છ વાગડ લોહાણા**

ગામ ત્રંબો હાલે ડોમ્બિવલી, સ્વ. શાંતાબેન વિઠ્ઠલદાસ નાગજીભાઈ સોમેશ્વરના વચેટ પુત્ર દિનેશભાઈ (ઉં.વ. ૬૪) તે તા. ૧૫-૧૦-૨૫ના શ્રીજી મહારાજના ધામમાં સીધાવેલ છે. તે ઈશ્વરભાઈ, અરવિંદભાઈ, તે સ્વ. લતાબેન પ્રભુલાલ ભીંડે, ઉમાબેન દીપકભાઈ રૈયાના ભાઈ, નટવરલાલ ખેતશીના કાકાઈ ભાઈ. અનિતાબેનના પતિ. જય, કેજલ ઉપેન્દ્ર રાજદેના પિતાશ્રી. તે ગામ ચિત્રોડના સ્વ. જગજીવન પોપટલાલ કોટકના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તા. ૧૭-૧૦-૨૫ શુક્રવારે ૩.૩૦થી ૫.૦૦.સ્થળઃ સ્વામિનારાયણ મંદિર રાજાજી રોડ, ડોમ્બિવલી (ઈસ્ટ). (લૌકિક વ્યવહાર બંધ છે.)

**કચ્છી લોહાણા**

ગામ મોટી ધૂફી હાલે આદિપુર, કમળાબેન પ્રફુલ કેશવજી ગણાત્રાના સુપુત્ર ભરત (વિજય) (ઉં.વ. ૪૭) તે સ્વ. સરસ્વતી શંકરલાલ પુંજાણીના દોહિત્ર. જીગનાબેનના પતિ. ભારતીબેન લવજીભાઈ પ્રેમજી આથાના જમાઈ. મિત (ઓમ)ના પિતા. હર્ષા અશ્વિન ચંદે, મનીષા મનોજ કોટકના ભાઈ. તા. ૧૫-૧૦-૨૫ના રામશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૭-૧૦-૨૫, શુક્રવારે ૪.૦૦થી ૫.૦૦ આદિપુર લોહાણા મહાજનવાડીમાં (લૌકિક પ્રથા બંધ છે.)

**કચ્છી લોહાણા**

સ્વ. જયાબેન મોહનલાલ વેલજી રાયચના કચ્છ ગામ મોટા ભાડીયાવાળાના સુપુત્ર દીપક રાયચના (ઉં. વ. ૫૫) સ્વ. મોરારજી માવજી જોબનપુત્રા કચ્છ વડાલાવાળાના નાના જમાઇ. ગં. સ્વ. સપનાબેનના પતિ તા. ૧૫-૧૦-૨૫ના રામશરણ પામેલ છે. તે આતીશ તથા મોનીલના પિતાશ્રી. ભાવેશભાઇ તથા પ્રીતિબેન સુરેશ કેસરિયાના ભાઇ. તે કરણ ને દૃષ્ટિના મોટા બાપા. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૭-૧૦-૨૫ના ૪.૩૦થી ૬. ઠે. કચ્છી લોહાર વાડી ગ્રાઉન્ડ ફ્લોર, લક્ષ્મીનારાયણ લેન માટુંગા (સેન્ટ્રલ). લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાજકોટ નિવાસી હાલ મુંબઇ દિનેશરાય સંઘરાજકા (ઉં. વ. ૮૬) તે સ્વ. શામળજી રાઘવજી સંઘરાજકાના સુપુત્ર. સ્વ. શારદા સંઘરાજકાના પતિ. બિમલ અને લીનાના પિતાશ્રી. કાજલ અને સંજયભાઇના સસરા. નીલ-માનસી, ઇશા-સજીલ શાહ, મનન-રેહા, પ્રાચી-રાજ ગોસલિયા, નાયરા, વેદા, અમાયરા, રીઆનના દાદા-નાના. ભાઇચંદ હરખચંદ વીરાણીના જમાઇ. તા. ૧૫-૧૦-૨૫ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

ઇન્દુલાલ હરિલાલ પારેખ (ઉં. વ. ૮૯) તે પ્રાણકુંવરબેન અને હરિલાલ પારેખ મોટા ઝીંઝુંડા (સાવરકુંડલા) વાળાના જયેષ્ઠ પુત્ર હાલ વિલેપાર્લે તા. ૭-૧૦-૨૫ મંગળવારના રોજ હરિચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા, બેસણું રાખેલ નથી.

**હાલાઇ ભાટીયા**

જામ સલાયા નિવાસી હાલ કાંદિવલી જયેશ તે સ્વ. કુસુમ જયકુમાર પાલેજા (અલાઘીયા)ના પુત્ર (ઉં. વ. ૬૮) તા. ૧૪-૧૦-૨૫ના મંગળવારે શ્રીજીચરણ પામેલ છે. તે મીનાના પતિ. ચી. કિન્નરી, બ્રિન્દ્રાના પિતા. મેઘના સોહિલનાં કાકા. ગં. સ્વ. રંજનબેન શાંતિલાલ મહેતાના જમાઇ. સ્વ. રાજેશ, સ્વ. પંકજ તથા બીના નરેન્દ્ર સંપટના ભાઇ. સર્વે લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

સાવરકુંડલાવાળા હાલ અંધેરી ગં. સ્વ. ગંગાબેન માધવજી હરજીવનદાસ મહેતા (શોરા)ના પુત્રવધૂ ગં. સ્વ. ભાનુમતી ભગવાનદાસ મહેતા તા. ૧૪-૧૦-૨૫ના દેવલોક પામેલ છે (ઉં.વ.૮૮) તે કમલેશ-તૃપ્તિ, હિતેશ-હેમા, તથા ચારુ દિપક જયંતીલાલ મહેતાના માતુશ્રી. ફોરમ સાહિલ મહેતા, ધ્રુવ, ઝીનલ, મનન, ખુશ્બુ તથા પ્રેમના દાદી. સ્વ. રુક્ષ્મણીબેન, સ્વ. વિજયાબેન, સ્વ. લલ્લુભાઇ રમણીકભાઇ તથા કાંતિભાઇના ભાભી. મહુવાવાળા ગુણવંતભાઇ, સ્વ. અંતુભાઇ તુલસીદાસ ચિતલીયા. સ્વ. કંચનબેન, મધુબેન તથા સ્વ. રંજનબેનના બહેન. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઇ ભાટીયા**

જામસલાયા નિવાસી હાલ કાંદિવલી જયેશ પાલેજા તે કુસુમ જયકુમાર પાલેજા (અલાઘીયા)ના પુત્ર (ઉં. વ. ૬૮) તા. ૧૪-૧૦-૨૫ના મંગળવારે શ્રીજીચરણ પામેલ છે. તે મીનાના પતિ. કિન્નરી, બ્રિન્દાનાં પિતા. મેઘના, સોહિલના કાકા. ગં. સ્વ. રંજબેન શાંતિલાલ મહેતાના જમાઇ. સ્વ. રાજેશ, સ્વ. પંકજ તથા બીના નરેન્દ્ર સંપટના ભાઇ. સર્વે લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

સલાયા નિવાસી હાલ કાંદિવલી, ભાનુમતી

# પારસી મરણ

કૂમી સેમ કાસદ (ઉં. વ. ૮૩) તા. ૧૫-૧૦-૨૫ના ગુજરી ગયા છે. તે મરહુમ સેમ દિનશૉજી કાસદનાં પત્ની. તે મરહુમ તેહમુરસ્પ એદલજી મિસ્ત્રી અને મરહુમ સૂનામાઇ તેહમુરસ્પ મિસ્ત્રીનાં દીકરી. તે રેમન્ડ, શેહરિયરનાં માતુશ્રી. તે નિલોફર, અનિતાના સાસુ. તે હૂફરિયા, હૂશ્ના, રોહન, સાયરસના ગ્રાન્ડમધર. તે બોમી, દેઇઝી, ફેની, મરહુમ નોશિરનાં બહેન. ઠે. ૧૭-ઇ. રૂમ. નં.૪૪, રુસ્તમ બાગ, સંત સાવતા માર્ગ, મુંબઇ-૪૦૦૦૨૭.

સાયાણી (ઉં. વ. ૮૮) તા ૧૫/૧૦/૨૫ના બુધવાર શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.ભગવાનદાસ રણછોડદાસ સાયાણીના ધર્મપત્ની. અતુલ, ભાવેશ તથા જયશ્રીના માતુશ્રી. અરુણા, અંજલી તથા દિલેશકુમાર અમલાણીના સાસુ. દેવકુંવરબેન મથુરાદાસ પંચમતીયા (થાણા) ના દીકરી. અંકિત, કૃણાલ, જિનેશ અને રસેશના દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ ભાટિયા (જેરામણી)**

નિકુંજ રમેશભાઈ કાપડિયા (ઉં. વ. ૫૨) તા. ૧૬/૧૦/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. ગોકલદાસ વસનજી અને ગુણવંતી ગોકલદાસના પૌત્ર. સ્વ. માધવદાસ જમનાદાસ દુતિયાના દોહિત્ર. જય અને હિમાંશુના મોટાભાઈ. રક્ષાના ભાઈ અને જશના કાકા. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા સોરઠીયા વૈષ્ણવ વણિક**

બાલવાવાળા તેજસ (ગટી) (ઉં. વ.૫૨) તા. ૧૫/૧૦/૨૫ના બુધવાર શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ચંદ્રકાંતભાઈ નરસિંહદાસ શાહ અને સ્વ.જ્યોતિબેન શાહના પુત્ર. દિપ્તીબેનના પતિ. શ્રેયના પિતા. સ્વ. હેમલભાઈ, સ્વ. દિલીપભાઈ, દિનેશભાઇ, નલીનભાઇ, સ્વ. રમેશભાઈના ભાઈ. રાજકોટવાળા પ્રમીલાબેન પ્રવિણચંદ્ર દેવકરણ શાહના જમાઈ. પ્રાર્થનાસભા ૧૭/૧૦/૨૫ના શુક્રવાર ૫ થી ૭. ઠે : વેલ ટુ ડુ સોસાયટી, અશોકનગર, ક્રોસ રોડ નં- ૨, અશોકનગર, કાંદિવલી ઈસ્ટ.

**ઘોઘારી દશા પોરવાડ**

ચિરાણ તારાપુર હાલ દહિસર, ભગવતભાઈ શાહ (ઉં.વ.૬૮) તા. ૧૪/૧૦/૨૫ના મંગળવાર શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. શ્રીલેખા વૃજલાલ શાહના પુત્ર. શોભનાના પતિ. શુભદ્રાબેન બાબુલાલ શાહના જમાઈ. સુભદ્રા ગાંધી, ચિરંતન શાહ અને ભારતી અંગરના ભાઈ. હેતેશ્રી, વૃજેશ શાહના પિતા. ઉત્સવ, દેવાંશ શાહના નાના. લૌકિક વ્યવહાર બાંહ રાખેલ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ વડાલા મુંબઈ, પ્રેમિલા દેવેન્દ્ર મહેતા (ઉં. વ. ૭૪) તા. ૧૫/૧૦/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. જશવંતીબેન દ્વારકાદાસ ગિરધરદાસ મહેતાના પુત્ર. સ્વ. દેવેન્દ્રના ધર્મપત્ની, અર્ચના તથા જીનલના માતુશ્રી. ઉર્વશી ઘનશ્યામદાસ મહેતાના દેરાણી, રાજુ, મનાલી સચિન મહેતા તથા જાસ્મીન વિપુલ સંઘવીના કાકી. મહુવાવાળા સ્વ. બળવંતરાય છોટાલાલ મહેતાના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દેસાઈ સઈ સુતાર જ્ઞાતિ**

ગામ ઘેટી નિવાસી હાલ માટુંગા, મીનાબેન સોસા (ઉં. વ. ૬૭) તા. ૧૩/૧૦/૨૫ના સોમવારે રામચરણ પામ્યા છે. તે ગં.સ્વ.સવિતાબેન ઉકાભાઇ સોસાના પુત્રવધૂ. કિશોરભાઈ ઉકાભાઇ સોસાના ધર્મપત્ની, દીપેશ, ઉદય, સ્વ. પુનિતના માતુશ્રી. શાંતિભાઈ અને બિપીનભાઈ, પ્રભાબેન અને રૂપલબેનના ભાભી. મનીષાબેન, દક્ષાબેન અને કુંજનબેનના સાસુ. મોટી ખેરાળી નિવાસી સ્વ.કાશીબેન વનમાળીભાઈ હિંગુના દીકરી. પ્રાર્થનાસભા તા. ૧૭/૧૦/૨૫ને શુક્રવારે ૩ થી ૫. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. શ્રી દેસાઈ સઈ સુતાર જ્ઞાતિ ની વાડી, અશોક ચક્રવતી રોડ નં. ૪, સ્વયંભુ ગણેશ મંદિરની સામે, કાંદિવલી ઈસ્ટ.

**ઘોઘારી લોહાણા**

કમી કેરાળાવાળા હાલ ગોરેગામ, સ્વ. ચંપકલાલ બચુભાઈ ચોલેરાના ધર્મપત્ની જયબાલા (ઉં. વ. ૮૧) તા. ૧૫/૧૦/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સંજય, જીતેન્દ્ર, ગૌતમના માતૃશ્રી. અ. સૌ. સ્વ. ક્ષમા, રુપલ, હેનાના સાસુ. તીર્થા, જશ, આર્યન, પ્રથમના દાદીમાં. પિયરપક્ષે સાવરકુંડલાવાળા સ્વ. સંતોકબેન શામજીભાઈ વસાણીના પુત્રી. શારદાબેન, કંચનબેન, ગૌરીબેન, સ્વ. રંજનબેન, તારાબેન, લતાબેન, નીતાબેન તથા દક્ષા રજનીકાંત ચોલેરાના ભાભી. તેમની પ્રાર્થનાસભા તા. ૧૭/૧૦/૨૦૨૫ શુક્રવારના ૪ થી ૬. રાજસ્થાન હોલ, આરે રોડ, ચિંતામણી પાર્શ્વનાથ દેરાસરની બાજુમાં, ગોરેગાંવ પશ્ચિમ.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

કચ્છ ગામ વમોટી મોટી હાલે મુલુન્ડ વેસ્ટ, સ્વ. જશોદાબેન (ઉં. વ. ૭૭) તે સ્વ. ભાનુશંકર લીલાધર સોનપારના ધર્મપત્ની. સ્વ. કેસરબેન લીલાધર ત્રિકમજી સોનપારના પુત્રવધૂ. સ્વ. લક્ષ્મીબેન વિશ્વનાથ ગાવડીયા નલિયાવાળાની પુત્રી. યોગેશ (રાજા), પરિમલ, દર્શના નીતિન ખિંયરા, ધર્મિષ્ઠા વિજય ધરાદેવ, મીના રમેશ સૂર્યવંશીના માતા. ભૂમિકા અને તેજલના સાસુમાં તા. ૧૫.૧૦.૨૫ના અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૭.૧૦.૨૦૨૫ના શુક્રવાર ૫ થી ૭. સારસ્વત વાડી, ગ્રાઉન્ડ ફ્લોર, ઝવેરરોડ, મુલુન્ડ વેસ્ટ.

**કચ્છી લોહાણા**

ગામ તેરાના હાલે માટુંગા, સ્વ. લક્ષ્મીબેન દેવજી ગણાત્રા(સદ્યવ્રતીયા)ના પુત્રવધૂ અ.સૌ. જ્યોતિબેન કિશોર ગણાત્રા(ઠક્કર) (ઉં. વ.૭૫) તે સ્વ. પાર્વતીબેન શામજી પાબારી ગામ અંજારના પુત્રી. તે ગં.સ્વ. સુશીલાબેન પ્રતાપ ગણાત્રાના દેરાણી. નિમિષા ગિરીશ કામત, વિદ્યા ભાવેન કેનિયાના મમ્મી. સરોજ ભરત ગણાત્રા, મૃદુલા દીપક દૈયાના કાકી. ખુશ ને દક્ષના નાની, બને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૭/૧૦/૨૫ના શુક્રવાર ૫:૩૦ થી ૭. શ્રી કચ્છી લુહાર વાડી,૧ લે માળે, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા સે.રે. લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ‘થંગલ્સ દાંડિયા નાઇટ્સ-૨૦૨૫’ યુએઈના ઈતિહાસમાં અત્યાર સુધીનો સૌથી લાંબો નવરાત્રોત્સવ

ભારતની સંસ્કૃતિ, પરંપરા અને કળા આખા વિશ્વમાં પ્રખ્યાત છે. ભારતના તમામ ઉત્સવ આખી દુનિયામાં મનાવવામાં આવે છે પછી નવરાત્રી હોય કે દિવાળી હોય. વિશ્વના અલગ અલગ દેશોમાં રહેતા ભારતીયો પોતાની પરંપરા, સંસ્કૃતિની ઝાંખી પર્વોના માધ્યમે ત્યાના નાગરિકોને પણ દેખાડતા હોય છે.

વાત જયારે નવરાત્રીની આવે ત્યારે ભારતીયો અને ખાસ કરીને ગુજરાતીઓ ક્યાં પાછા પડવાના? માતાજીને રિજવવાનો, ભક્તિ અને આનંદનો પર્વ એટલે જ નવરાત્રી. આવું જ એક યુએઈ ખાતે ‘થંગલ્સ દાંડિયા નાઇટ્સ-૨૦૨૫’ નવરાત્રીનું આયોજન કરવામાં આવ્યું હતું જે ૨૨ સપ્ટેમ્બરથી ચોથી ઑક્ટોબર સુધી કરવામાં આવ્યું હતું. આજે એમ કહી શકાય કે યુએઈની અત્યાર સુધીની સૌથી લાંબી નવરાત્રીનો રેકોર્ડ બનાવ્યો છે. સામાન્ય રીતે નવરાત્રી ઉત્સવ નવ દિવસનો હોય છે, પણ આ નવરાત્રી ઉત્સવ પૂરા ૧૩ દિવસનો રાખવામાં આવ્યો હતો, જેમાં રાતના ૧૦ વાગ્યાથી લઈને બે વાગ્યા સુધી ખેલૈયાઓ સુપર ગાયકો ચેતન રાણા, સમીર ભાનુશાલી અને નીલમ ભાનુશાલી અને ૧૭ સભ્યની ટીમ સાથે પોમલ શાહનાં બેન્ડના તાલે મન મૂકીને રમ્યા હતા. ખેલૈયાઓના ઉત્સાહને બમણો કરવા સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સાથે લાખો રૂપિયાનાં ઈનામોની લહાણીઓ કરવામાં આવી હતી, જેથી રંગરસિયાઓના ઉત્સાહમાં વધારો થયો હતો. એટલું જ નહીં આપણા દેશની યાદો તાજી રાખવા રાજકોટના ગોલા, ગોટી સોડા, ભજિયાનાં ફૂડ સ્ટોલ, ગાંઠિયા, વડાંપાંઉ, દાબેલી જેવી મનગમતી વાનગીઓના સ્ટોલો પણ રાખવામાં આવ્યા હતા.

આ નવરાત્રી ઉત્સવમાં રોજ હજારોની સંખ્યામાં ખેલૈયાઓએ ઉમંગભેર રાસ-ગરબાનો આનંદ માણ્યો હતો. આ આયોજન યુએઈના એતીસાલત સ્પોર્ટ્સ ઍન્ડ લેઝર ક્લબ અને એસી સ્પોર્ટ્સ હોલમાં કરવામાં આવ્યું હતું.

આ નવરાત્રીનું આયોજન બિગ એફએમ, પ્રતીક મેહતા, દુષ્યન્ત સોની, અમિત સોની અને સંજય ચંદારાણા દ્વારા કરવામાં આવ્યું હતું. ખેલૈયાઓની પ્રતિયોગિતાને જજ કરવા બોલિવૂડના પ્રસિદ્ધ કોડીયોગ્રાફર સમિત તન્ના અને અર્શ તન્નાને મુંબઈથી ખાસ સુપર જજ તરીકે બોલવામાં આવ્યા હતા. નવરાત્રીનું સંચાલન કૃષ્ણ ઉદાણી દ્વારા કરવામાં આવ્યું હતું. મુંબઈ સમાચાર આ નવરાત્રિ આયોજનમાં ‘ઈન્ડિયન મિડિયા પાર્ટનર’ હતું.

નવરાત્રીના આયોજન દરમ્યાન રોજે રોજ વિવિધ સમાજોના અગ્રણીઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું, જેમાં જૈન સમાજ, પટેલ સમાજ, શ્રીમાળી સોની સમાજ, લોહાણા સમાજ, પરજીયા સોની સમાજ અને સિંધી સમાજના પ્રમુખ અગ્રણીઓએ હાજરી આપીને કાર્યક્રમની શોભા વધારી હતી. ‘મુંબઈ સમાચાર’ના તંત્રી શ્રી નીલેશ દવે નવરાત્રીના છેલ્લાં દિવસે અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા જેઓ ખાસ આ કાર્યક્રમ માટે મુંબઈથી યુએઈ આવ્યા હતા, ત્યાં તેમનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. ■






































# મુંબઈ સિવાયની એમએમઆરની બધી જ મનપામાં ભાજપ-શિવસેના અલગ અલગ લડશે

## મેયરપદે પોતાના નેતાને બેસાડવા માટે આંતરિક સ્પર્ધા: થાણે, નવી મુંબઈ, મીરા-ભાયંદરમાં સૌથી વધુ સંઘર્ષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રમાં શિવસેના અને એનસીપી સાથે સત્તામાં રહેલી ભાજપે થાણે, નવી મુંબઈ, મીરા-ભાયંદર, કલ્યાણ-ડોંબિવલી સહિત આઠ મનપામાં આગામી ચૂંટણીઓ એકલા હાથે લડવાનો સંકેત આપ્યો છે, જેમાં આ પાલિકાઓમાં પોતાના મેયર સ્થાપિત કરવાના વિઝનનો સમાવેશ થાય છે. ભાજપના ટોચના સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ભાજપ વધુમાં વધુ મનપામાં પોતાના મેયર બેસાડવા માટે પૂરી તાકાત લગાવી રહી છે અને મુંબઈને બાદ કરતાં એમએમઆરની બધી જ મનપામાં ભાજપ સ્વબળે ચૂંટણી લડે એવી શક્યતા છે.

મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં ભાજપ સ્વબળે ચૂંટણી લડવાનો સંકેત આપી રહી છે, બીજી તરફ થાણેમાં નોંધપાત્ર હાજરી ધરાવતા એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેના આવા પ્રતિકૂળ પગલાં તરીકે સમાન યોજનાઓ માટે સામી તૈયારીઓ કરી રહી

(જુઓ પાનું ૪) ▶▶

## મહાયુતિમાં ભાજપ 'મોટો ભાઈ', પક્ષના નેતાઓએ વિવાદ ઊભો કરતી ટિપ્પણીઓ ટાળવી: બાવનકુળે

મુંબઈ: મહારાષ્ટ્રના પ્રધાન અને ભાજપના નેતા ચંદ્રશેખર બાવનકુળેએ ગુરુવારે જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પક્ષના સભ્યોને શાસક મહાયુતિ ગઠબંધનમાં સાથી પક્ષો વચ્ચે ભંગાણ પેદા કરી શકે એવી ટિપ્પણીઓ કરવા સામે ચેતવણી આપી છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભાજપે પક્ષના નેતૃત્વ હેઠળના ગઠબંધન જેમાં નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદે અને અજિત પવારની અનુક્રમે શિવસેના અને એનસીપી પણ છે 'મોટા ભાઈ'ની ભૂમિકા ભજવવી પડશે.

અહીં પત્રકારો સાથે વાત કરતા બાવનકુળેએ નોંધ્યું કે ફડણવીસે ભાજપની છ વિભાગીય બેઠકો યોજી હતી જ્યાં તેમણે મહારાષ્ટ્રમાં

(જુઓ પાનું ૪) ▶▶

# દિવાળી પહેલા મુંબઈ અને થાણેમાં વરસાદ, ઑક્ટોબર હીટથી રાહત

## મહારાષ્ટ્રના અમુક ભાગો પર હજુ સંકટ

આ વર્ષે દિવાળી દરમિયાન ભારે વરસાદની શક્યતા વધુ છે. ભારતીય હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ૬ થી ૭ દિવસમાં મહારાષ્ટ્ર, કેરળ અને તમિળનાડુમાં ભારે વરસાદ પડી શકે છે. દેશના મોટાભાગના ભાગોમાં ૨૦ ઓક્ટોબરે દિવાળી ઉજવવામાં આવશે, તેથી આ વર્ષે આપણે વરસાદમાં ભીંજાઈને દિવાળી ઉજવવી પડી શકે છે. મુંબઈને બાદ કરતા પાલઘર, થાણે, રત્નાગિરીમાં હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે. થાણેમાં પણ વીજળીના કડાકા સાથે વરસાદી માહોલની આગાહી છે.

૧૯ થી ૨૧ ઓક્ટોબર દરમિયાન મુંબઈ મેટ્રોપોલિટન રિજનના ઘણા ભાગોમાં વાદળછાયું વાતાવરણ રહી શકે છે. ક્યારેક ક્યારેક હળવો વરસાદ પડવાની પણ શક્યતા છે. આ સમય દરમિયાન મુંબઈના મોટાભાગના ભાગોમાં તાપમાન ૨૩ ડિગ્રી સેલ્સિયસ અને ૩૬ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેવાની શક્યતા છે. આ સાથે હવામાન વિભાગે આગાહી કરી છે કે કેરળ, તમિળનાડુ અને પુડુચેરીના કેટલાક ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. ■

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દિવાળી પહેલા ગુરુવાર, ૧૬ ઓક્ટોબરે મુંબઈ અને આસપાસના વિસ્તારો જેમ કે થાણે અને રાયગઢ સહિતના વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો, જેને કારણે ઓક્ટોબર હીટમાંથી લોકોને રાહત મળી હતી.

ભારતીય હવામાન વિભાગ (આઈએમડી)એ તેની આગાહીમાં આજે (શુક્રવારે) અને આવતીકાલે (શનિવારે) અનેક પ્રદેશોમાં વાવાઝોડા માટે 'યલો' અલર્ટ જારી કરી છે.

'કેટલાક સ્થળોએ વાવાઝોડા સાથે વીજળી, હળવોથી મધ્યમ વરસાદ અને જોરદાર પવન (૩૦/૪૦ કિલોમીટર),જોવા મળશે,' એમ હવામાન એજન્સીએ જણાવ્યું હતું.

### ક્યા જિલ્લાને યલો અલર્ટ?

થાણે, રાયગઢ, રત્નાગિરી, ધૂળે, જળગાંવ, નાશિક, અહિલ્યાનગર, પુણેના ઘાટ, સાતારા, સાતારાના ઘાટ, છત્રપતિ સંભાજીનગર અને બીડ

આઈએમડીએ આગામી થોડા દિવસોમાં રાયગઢ, રત્નાગિરિ, નાશિક, નાસિકના ઘાટ, અહિલ્યાનગર, પુણે, પુણેના ઘાટ, કોલ્હાપુર, કોલ્હાપુરના ઘાટ, સાતારા અને સાતારાના ઘાટ પર ભારે વરસાદની આગાહી કરી છે.

### મુંબઈ માટે શું આગાહી?

આઈએમડીએ ગુરુવારે મુંબઈમાં વાવાઝોડા અને/અથવા હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી હતી. જોકે, હવામાન એજન્સીએ ૨૦ ઓક્ટોબર, દિવાળી સુધી મુંબઈ શહેરમાં શુષ્ક દિવસોની આગાહી કરી છે.

### નૈર્ઋત્યનું ચોમાસું પાછું ખેંચાયું

આઈએમડીએ જણાવ્યું હતું કે, ૧૫ ઓક્ટોબરની સામાન્ય તારીખ પછી ગુરુવારે,

(જુઓ પાનું ૪) ▶▶

# પાલિકાની ચૂંટણી પહેલા મુંબઈમાં કેમ લાગ્યા યોગી આદિત્યનાથના પોસ્ટર?

મુંબઈ: ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ હિન્દુત્વવાદી વિચારધારાવાળા લોકોમાં પ્રિય છે અને ભાજપ દરેક રાજ્યોની ચૂંટણીમાં તેમની લોકપ્રિયતાનો ઉપયોગ કરે છે. જોકે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી ૨૦૨૪માં થઈ છે અને મહાયુતી સત્તામાં છે ત્યારે મુંબઈમાં લાગેલા યોગી આદિત્યનાથના પોસ્ટરે સૌનુ ધ્યાન ખેંચ્યું છે.

મુંબઈના ઘણા વિસ્તારોમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને આદિત્યનાથના પોસ્ટર લાગ્યા છે. દેવેન્દ્રના પોસ્ટરમાં 'આઈ લવ દેવાભાઉ' અને યોગીના પોસ્ટરમાં આઈ 'લવ બુલડોઝરબાબા'ના પોસ્ટરે ધૂમ મચાવી છે. દેવેન્દ્રના પોસ્ટર સાથે પણ બુલડોઝર છાપવામાં આવ્યું છે. આ પોસ્ટર આવનારી મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે લાગ્યા હોવાનું જણાય છે ત્યારે ફડણવીસ મહારાષ્ટ્ર ભાજપનો ચહેરો છે અને તેમની આગેવાનીમાં જ ચૂંટણી લડાશે તે સમજી શકાય, પરંતુ આદિત્યનાથના પોસ્ટરે કુતુહલ જગાવ્યું છે. ભાજપ મુંબઈ પાલિકાની ચૂંટણી પણ હિન્દુત્વના મુદ્દા પર લડવા માગે છે કે શું તેવો સવાલ થઈ રહ્યો છે. મુંબઈ આંતરરાષ્ટ્રીય શહેર છે ત્યારે અહીં ઘણા મુદ્દાઓ મહત્વના છે. દેવેન્દ્ર સાથે બુલડોઝર છાપવાનું

(જુઓ પાનું ૪) ▶▶



**આંગણે ઝગમગ્યા:**
દિવાળીનો શુભારંભ થઈ ગયો છે. બારણે તોરણિયા બંધાયા છે, આંગણે દીવા ઝમગમવા લાગ્યા છે. દીવાનું વેચાણ વધવાની સાથે તેનું ઉત્પાદન પણ વધારી દેવામાં આવ્યું છે. તેથી ગરીબ કુંભારો માટે દિવાળી નિમિત્તે પારંપારિક દિવડાઓ ખરીદી કરવાની અપીલ કરવામાં આવે છે. (પીટીઆઈ)

# વેપારીને 'ડિજિટલ અરેસ્ટ'નો ડર દેખાડીને ૫૮ કરોડ રૂપિયા પડાવ્યા: ત્રણની ધરપકડ

## ૧૮ અલગ અલગ બૅંક ખાતાંઓમાં રૂપિયા ટ્રાન્સફર થયા હતા: પોલીસ

મુંબઈ: એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી) અને સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ)ના અધિકારીના સ્વાંગમાં ૭૨ વર્ષના વેપારી અને તેની પત્નીને 'ડિજિટલ અરેસ્ટ'નો ડર દેખાડીને ૫૮ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હતી. શેર્સમાં ટ્રેડિંગ કરનારા વેપારીને આરોપીઓએ મની લોન્ડરિંગ માટે કાર્યવાહી કરવાની ધમકી પણ આપી હતી.

ડિજિટલ અરેસ્ટના અત્યાર સુધી નોંધાયેલા કેસોમાં આ ગુનામાં નોંધાયેલો ૫૮ કરોડનો આંકડો સૌથી મોટો હોવાનું માનવામાં આવે છે.

મહારાષ્ટ્ર સાયબર વિભાગે આ પ્રકરણે તપાસ આદરી હતી અને ત્રણ આરોપીની ધરપકડ કરી હતી, જેમની ઓળખ મલાડના અબ્દુલ નાસીર ખુલ્લી (૪૭), મુંબઈ સેન્ટ્રલના જેઠારામ કડવાસરા (૩૫) અને તેના ભાઇ અર્જુન કડવાસરા (૫૫) તરીકે થઇ હતી. પોલીસને તપાસમાં જાણવા મળ્યું હતું કે રૂપિયા મહારાષ્ટ્ર તથા અન્ય રાજ્યોમાં ૧૮ અલગ અલગ બૅંક ખાતાંઓમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આરોપીઓએ તેમના વ્યક્તિગત ખાતાંઓમાં પચીસ લાખ રૂપિયા મેળવ્યા હતા, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

'ડિજિટલ અરેસ્ટ' એ સાયબર ગુનાનું વધતું સ્વરૂપ છે, જેમાં છેતરપિંડી કરનારા

(જુઓ પાનું ૪) ▶▶

# આજે રાજનાથ સિંહ ત્ર્યંબકેશ્વરની મુલાકાતે

## તેજસ ફાઇટર જેટ કાર્યક્રમમાં હાજરી આપશે

નાશિક: હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડના નાશિક પ્રોજેક્ટમાં ઉત્પાદિત પ્રથમ તેજસ ખસ-૧અ ફાઇટર એરક્રાફ્ટ શુક્રવારે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની હાજરીમાં આકાશમાં ઉડાન ભરશે. આ ફાઇટર જેટનું ઉત્પાદન અઢી વર્ષ સુધી વિલંબિત હોવાથી વાયુસેના ચિંતિત હતી. આખરે તે ઘડી આવી. આ કાર્યક્રમની પૂર્વસંધ્યાએ, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ નાશિક આવી રહ્યા છે.

ભારતીય વાયુસેનામાં ફાઇટર એરક્રાફ્ટનું ઉત્પાદન વધારવા માટે, એચએએલએ તેના નાશિક પ્રોજેક્ટ ખાતે તેજસ એમકે-૧એ ફાઇટર એરક્રાફ્ટની ત્રીજી પ્રોડક્શન લાઇન શરૂ કરી છે. બે પ્રોડક્શન લાઇન બેંગલુરુમાં સ્થિત છે અને આયોજિત સમયપત્રક અનુસાર, વાર્ષિક ઉત્પાદન ક્ષમતા વધારવા અને શક્ય તેટલી વહેલી તકે વિમાન પહોંચાડવાનો પ્રયાસ કરી રહી છે. તેજસની ૭૫ ટકા સામગ્રી સ્વદેશી હોવા છતાં, ઉત્પાદનમાં વિલંબનું મુખ્ય કારણ એન્જિન પરની નિર્ભરતા હતી. તેજસ - એમકે-૧એની ડિલિવરી ફેબ્રુઆરી ૨૦૨૪ થી શરૂ થવાની ધારણા હતી. એચએએલએ એન્જિન માટે અમેરિકાના જીઈ એરોસ્પેસ સાથે કરાર કર્યો છે. આ કંપનીએ ૨૦૨૩-

(જુઓ પાનું ૪) ▶▶

# શિવડીમાં પિસ્તોલની ધાકે ૨.૨૯ કરોડના દાગીનાની લૂંટનો કેસ ઉકેલાયો: ફરિયાદી જ નીકળ્યો આરોપી: અન્ય ત્રણની મુંબઈ-અમદાવાદથી ધરપકડ

મુંબઈ: શિવડી વિસ્તારમાં ધોળેદહાડે કંપનીના ડિલિવરી બૉયને પિસ્તોલની ધાક દાખવીને ૨.૨૯ કરોડ રૂપિયાના દાગીનાની લૂંટનો કેસ આરએકે (રફી અહમદ કિડવાઇ) માર્ગ પોલીસે ઉકેલી કાઢી મુંબઈ અને અમદાવાદથી ચાર આરોપીની ધરપકડ કરી હતી. આ કેસમાં લૂંટની ફરિયાદ નોંધાવનારો ડિલિવરી બૉય જ આરોપી નીકળ્યો હતો, જેણે સાથીદાર સાથે મળીને લૂંટની યોજના બનાવી હતી અને વતનના બે પરિચિતને તેમાં સામેલ કર્યા હતા.

આરએકે માર્ગ પોલીસે ધરપકડ કરેલા આરોપીઓમાં ડિલિવરી બૉય શામળાભાઇ હાથીભાઇ રબારી (૩૧) સહિત ભાણારામ ભગરાજ રબારી (૨૧), લીલારામ નાગજી દેવાસી (૨૧) સહિત ચાર જણનો સમાવેશ છે. આરોપીઓ પાસેથી તમામ દાગીના હસ્તગત કરાયા હતા.

કાળાચોકી વિસ્તારમાં રહેનારો શામળાભાઇ રબારી દાગીના બનાવતી કંપનીમાં ડિલિવરી બૉય તરીકે કામ કરતો હતો. આ કંપની દ્વારા દાગીના હૉલમાર્ક કરવા શિવડી મોકલવામાં આવે છે. એ કંપનીના સિક્યુરિટી ગાર્ડ સુરેશ સિંહ તથા ડિલિવરી બૉય જોગારામે ૨.૨૯ કરોડના દાગીના હૉલમાર્ક કરવા માટે આપ્યા હતા, જે પાછા લાવવા માટે કંપનીના મેનેજર પ્રજાપતિએ શામળાભાઇને જણાવ્યું હતું. આથી શામળાભાઇ સોમવારે અન્ય ડિલિવરી બૉય જગદીશ કેરાભાઇ આલ સાથે દાગીના લેવા માટે ગયો હતો. દાગીના બેગમાં ભરીને તેઓ બાઇક પર ફેક્ટરીમાં

(જુઓ પાનું ૪) ▶▶

# હાથચાલાકીથી વૃદ્ધાના દાગીના પડાવ્યા: ૧૬૨ ગુનામાં સંડોવાયેલો આરોપી અકોલાથી ઝડપાયો

મુંબઈ: પોલીસના સ્વાંગમાં વૃદ્ધાને વાતોમાં પરોવી રાખીને હાથચાલાકીથી દાગીના પડાવનારા ૪૬ વર્ષના આરોપીને કાલાચોકી પોલીસે અકોલાથી ઝડપી પાડ્યો હતો. આરોપીની ઓળખ સજ્જાદ ગરીબશાહ ઇરાની ઉર્ફે પઠાણ તરીકે થઇ હોઇ તે ઇરાની ગેન્ગનો સભ્ય છે. આરોપી વિરુદ્ધ ૧૬૨ ગુના દાખલ હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

કાલાચોકી પોલીસ સ્ટેશનની હદમાં ૫ ઑક્ટોબરે સવારે સુમિત્રા સાંપરગ (૭૭)ને આરોપીએ રોકી હતી અને પોતાની ઓળખ પોલીસ તરીકે આપી હતી. આગળ ચોર હોવાનું જણાવીને વૃદ્ધાને તેના દાગીના કાઢી થેલીમાં રાખવાનું તેણે કહ્યું હતું. બાદમાં વૃદ્ધાને વાતોમાં પરોવી રાખી હાથચાલાકીથી આરોપીએ દાગીના પડાવી લીધા હતા. વૃદ્ધાએ આ પ્રકરણે કાલાચોકી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

દરમિયાન ગુનામાં સંડોવાયેલા આરોપીને પકડવા માટે પોલીસની ટીમ તૈયાર કરવામાં આવી હતી અને ઘટનાસ્થળ સહિત અન્ય સ્થળના ૧૫૦ જેટલા સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસવામાં આવ્યા હતા, જેના પરથી આરોપી સજ્જાદને ઓળખી કાઢવામાં આવ્યો હતો.

આરોપી સજ્જાદ અકોલાની ઇરાની વસ્તીમાં હોવાની માહિતી મળ્યા બાદ પોલીસ ટીમ ત્યાં રવાના થઇ હતી અને ત્યાંની પોલીસની મદદથી છટકું ગોઠવી સજ્જાદને તાબામાં લીધો હતો. પૂછપરછમાં તેણે ઉપરોક્ત ગુનાની કબૂલાત કરતાં તેની ધરપકડ કરવામાં આવી હતી. ■

# ૨૭૦ સ્કેવરફૂટના ફ્લેટ માટે રૂ. એક કરોડ: પાલિકાની ગરીબો માટે છે આ હાઉસિંગ સ્કીમ

મુંબઈ: મુંબઈ સહિત દેશભરમાં રિયલ એસ્ટેટ સેક્ટર આસમાને જ હોય છે. ગરીબો તો શું મધ્યમવર્ગીયો માટે પણ ઘરનું ઘર અઘરું છે. લોકોને સસ્તા ભાવે ઘર મળી રહે તે માટે કેન્દ્ર સરકાર સહિત દરેક રાજ્યની સરકાર પણ અમુક સ્કીમ્સ બહાર પાડે છે. મુંબઈમાં મ્હાડા સસતા ઘર માટે જાણીતી સરકારી એજન્સી હતી, પરંતુ છેલ્લા અમુક વર્ષોથી મ્હાડાના સૌથી સસ્તાં ઘરના ભાવ રૂ. ૫૦ લાખ આસપાસ હોય છે. ત્યારે હવે મુબંઈ મહાનગરપાલિકાએ પણ અલ્પ આવકજૂથવાળા લોકો માટે હાઉસિંગ સ્કીમ જાહેર કરી છે. આ યોજનાની જે માહિતી બહાર આવી છે તે અનુસાર ગરીબોના આ ઘરનો ભાવ રૂ. એક કરોડ સુધી પહોંચી ગયો છે.

સિડકો અને મ્હાડાની જેમ, મુંબઈ મહાનગરપાલિકાએ પહેલીવાર ૪૨૬ ફ્લેટ માટે લોટરી જાહેર કરી છે. ખૂબ જ ઓછી આવક ધરાવતા જૂથના વ્યક્તિઓ ૧૬ ઓક્ટોબરથી ૧૪ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન આ ઘરો માટે અરજીઓ સબમિટ કરી શકે છે. આ ઘરો માટે ડ્રો ૨૦ નવેમ્બરના રોજ યોજાશે. જોકે હવ પાલિકાને ખબર પડી કે ઘર બનાવવા સહેલા નથી. સસ્તા ઘર જો રૂ. એક કરોડમાં વેચવાના હોય તો તેને ક્યા ગરીબવર્ગનો સંપર્ક સાધવો તે સવાલ છે.

મહાનગરપાલિકાની આ લોટરીમાં ભાયખલામાં માત્ર ૨૭૦ ચોરસ ફૂટના ઘર માટે ૧ કરોડ ૭ લાખ રૂપિયાની વેચાણ કિંમત નક્કી કરવામાં આવી છે. બીજી તરફ, કાંજુરમાર્ગમાં ૪૫૦ ચોરસ ફૂટના ઘરની કિંમત પણ ૯૮ લાખથી ૧ કરોડ રૂપિયાની વચ્ચે છે. વેચાણ કિંમત નક્કી કરતી વખતે મહાનગરપાલિકાના અધિકારીઓએ કંઈ વિચાર

(જુઓ પાનું ૪) ▶▶

# કોંકણ રેલવે પર ૭,૭૭૬ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ

મુંબઈ: કોંકણ રેલવે પર માળખાકીય સુવિધાઓ, સિગ્નલ સિસ્ટમ અને રેલવે ટ્રેકમાં સુધારા માટે કોંકણ રેલવે વહીવટીતંત્રે લગભગ ૭,૭૭૬ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ હાથ ધર્યા છે. કોંકણ રેલવે વહીવટીતંત્રે આ પ્રોજેક્ટનો પ્રસ્તાવ રેલવે બોર્ડને મોકલી આપ્યો છે અને ભારતીય રેલવે પાસે ભંડોળની માંગ કરવામાં આવશે. જો ભંડોળ પૂરૂ પાડવામાં આવે તો, કોંકણ રેલવે પરના પડતર કામોને વધુ ગતિ મળશે. તેમજ કોંકણ રેલવેનો સંપૂર્ણ કાયાકલ્પ થશે, એમ કોંકણ રેલવેના અધ્યક્ષ અને વ્યવસ્થાપક નિર્દેશક સંતોષકુમાર ઝાએ કોંકણ રેલવેના ૩૫મા સ્થાપના દિવસે જણાવ્યું હતું.

વાશી ખાતે કોંકણ રેલવેના ૩૫મા સ્થાપના દિવસ પ્રસંગે સંતોષકુમાર ઝાએ જણાવ્યું હતું કે, કોંકણ રેલવે પરની જૂની સિસ્ટમને નવી સિસ્ટમમાં રૂપાંતરિત કરવામાં આવશે. આ ફેરફારથી કોંકણ રેલવે પર મુસાફરોની અવરજવર અને માલસામાનની હેરફેરને વેગ મળશે. તેમજ મહેસૂલ વૃદ્ધિને પણ પ્રોત્સાહન મળશે. તેના માટે રેલવે બોર્ડ પાસે ૭,૭૭૬ કરોડ રૂપિયાની માંગણી કરવામાં આવી છે અને આ ભંડોળ માર્ચ ૨૦૨૬ સુધીમાં મળવાની સંભાવના છે.

કોંકણ રેલવે પર રો-રો સેવાને મળેલા ઓછા પ્રતિસાદ પછી સાવંતવાડી, રત્નાગીરી અને સંગમેશ્વર એમ ત્રણ નવા સ્ટેશનોએ રો-રો સેવા માટે જોગવાઈ કરવામાં આવશે. તેમજ કોંકણ રેલવે માર્ગ પરના વિસ્તરણ કાર્યો માટે રેલવે મંત્રાલય પાસે ૭૭૦૦ કરોડ રૂપિયાની માંગણી કરવામાં આવી છે. ■

# રોડ રેજની ઘટના બાદ ક્લીનરનું અપહરણ: પૂજા ખેડકરનાં પિતાને આગોતરા જામીન મળ્યા

મુંબઈ: નવી મુંબઈમાં રોડ રેજની ઘટના બાદ ટ્રકના ક્લીનરનું અપહરણ કરવાના કેસમાં મુંબઈ હાઇ કોર્ટે ગુરુવારે ભૂતપૂર્વ આઇએએસ ઓફિસર પૂજા ખેડકરના પિતા દિલીપ ખેડકરના આગોતરા જામીન મંજૂર કર્યા હતા. જસ્ટિસ એન.આર. બોરકરની ખંડપીઠે આગોતરા જામીન મંજૂર કરતી વખતે દિલીપ ખેડકરને છ સપ્તાહની અંદર ટ્રકના ક્લીનર પ્રહ્લાદ કુમારને ચાર લાખ રૂપિયા આપવા અને પોલીસ કલ્યાણ ભંડોળમાં એક લાખ રૂપિયા ડિપોઝિટ કરવાના નિર્દેશ આપ્યા હતા.

નવી મુંબઈની સેશન્સ કોર્ટે આગોતરા જામીન અરજી ફગાવી દીધા બાદ ખેડકરે હાઇ કોર્ટમાં અરજી કરી હતી. દિલીપ ખેડકરે અરજીમાં પોતે નિર્દોષ હોવાનો દાવો કર્યો હતો અને કહ્યું હતું કે પરસ્પર સમજૂતીથી નિર્ણય લેવાયો હતો કે જ્યાં સુધી તેની કારને થયેલા નુકસાનનો ગેરેજ અથવા મિકેનિક દ્વારા અંદાજ ન કાઢવામાં આવે ત્યાં સુધી ક્લીનર તેની સાથે રહેશે. ખેડકરે એવા દાવો પણ કર્યો હતો કે ક્લીનરને સાથે લઇ જવા માટે ટ્રક ડ્રાઇવરે પોતે કહ્યું હતું અને

(જુઓ પાનું ૪) ▶▶

# બજારોમાં ગ્રીન ફટાકડાની માગણી વધુ

મુંબઈ: પ્રદૂષણ અને સલામતીના જોખમો અંગે વધતી જાગૃતિ વચ્ચે મુંબઈગરાઓમાં દિવાળી ઉજવવા માટે ઓછો અવાજ અને ઓછું વાયુ પ્રદૂષણ ફેલાવતા પર્યાવરણને અનુકૂળ ફટાકડા ખરીદવાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે.

દિવાળી ૨૧ ઓક્ટોબરે ઉજવવામાં આવશે અને મહાનગરના બજારો કપડાં, ફટાકડા, મીઠાઈઓ, કંદીલ વગેરે ખરીદતા ગ્રાહકોથી ઉભરાય છે. દક્ષિણ મુંબઈનો મોહમ્મદ અલી રોડ, શહેરના મધ્યમાં દાદર અને કુર્લા અને અન્ય વિસ્તારોમાં પરિવારો, ખાસ કરીને બાળકો અને તેમના માતાપિતા સાથે ફટાકડા ખરીદતા જોવા મળે છે.

એક ગ્રાહકે કહ્યું કે, અમે દર વર્ષે મોહમ્મદ અલી રોડ પરથી ૧૫,૦૦૦ થી ૨૦,૦૦૦ રૂપિયાના ફટાકડા ખરીદીએ છીએ. આ વખતે, અમે ગ્રીન ફટાકડા શોધી રહ્યા છીએ, જેથી પર્યાવરણને નુકસાન ન થાય અને અમે આનંદથી તહેવાર ઉજવી શકીએ.

આ વિસ્તારમાં ફટાકડાની દુકાન ધરાવતા એક વેપારીએ કહ્યું કે, પાછલા વર્ષો કરતા આ વર્ષે ફટાકડાની માગ વધુ છે. ગ્રાહકો ફટાકડાની નવી જાતોની માગ કરી રહ્યા છે. અમારી પાસે ૧,૦૦૦ રૂપિયા થી ૫,૦૦૦ રૂપિયા સુધીના ફટાકડા છે. લોકો સ્પાર્કલર, રૉકેટ અને એરિયલ ફટાકડા સહિત વિવિધ પ્રકારના ફટાકડા ખરીદવા માટે લાઇન લગાવી રહ્યા છે. (પીટીઆઈ)■

# મેટિની



કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

# રિસ્ક હૈ તો ઈશ્ક હૈ...

હમણાં સપ્ટેમ્બર મહિનામાં આયુષ્યના ૪૩ વર્ષ પૂર્ણ કરનાર અફલાતૂન એક્ટર રણબીર કપૂર અભિનયના નવા શિખર સર કરવા સજ્જ છે. ૨૦૦૭માં ૨૫ વર્ષની ઉંમરે સંજય લીલા ભણસાલીની રશિયન લેખક દોસ્તોયેવસ્કીની કૃતિ પર આધારિત ‘સાંવરિયા’ ફિલ્મથી શરૂઆત કરનાર અભિનેતા હવે ભણસાલીનો ફેવરિટ બની ગયો હોય એવું લાગે છે.

‘પદ્માવત’ અને ‘બાજીરાવ મસ્તાની’માં રણવીર સિંહને મુખ્ય ભૂમિકામાં ચમકાવનારા મિસ્ટર ભણસાલી હવે રણબીર કપૂરનો આગ્રહ રાખી રહ્યા છે. ફિલ્મ મેકરની નવી ફિલ્મ ‘લવ એન્ડ વોર’ તેમ જ નવીનક્કોર ફિલ્મ ‘બૈજુ બાવરા’ માટે રણવીર સિંહના નામ પર ચોકડી મારી રણબીર કપૂર પર ભણસાલીએ થપ્પો માર્યો છે. રણબીર - ભણસાલીની આ ત્રીજી ફિલ્મ છે. ફિલ્મ વર્તુળની ગપસપ અનુસાર ‘લવ એન્ડ વોર’ માટે ભણસાલીએ પહેલા રણવીર સિંહને પસંદ કર્યો હતો, પણ લીડ રોલને બદલે બીજા નંબરની -દુય્યમ ભૂમિકા ઓફર થઈ હોવાથી રણવીરે ના પાડી હતી. છેવટે એ રોલ વિકી કૌશલને ફાળે ગયો. ‘બૈજુ બાવરા’ માટે રણવીરની જગ્યાએ રણબીરની એન્ટ્રી કેમ થઈ એનું સત્તાવાર કારણ સામે નથી આવ્યું, પણ ‘રામાયણ’થી રણબીરની જે અલગ ઈમેજ બનશે એનો લાભ ‘બૈજુ બાવરા’ને મળશે એવી ગણતરી હોઈ શકે છે.

> ૪૩ વર્ષનો રણબીર કપૂર અભિનયના ઉત્તુંગ શિખર સર કરવા કારકિર્દીમાં વિવિધ જોખમ લેતા અચકાતો નથી.

રણબીર કપૂરની કરિયર પ્લેટ ઢગલાબંધ ફિલ્મોથી ભરેલી નથી, બલકે ચુનંદા ફિલ્મમેકર અને અલાયદા પાત્રથી ધ્યાન ખેંચે છે. અહીં રણબીર પિતાશ્રી રિશી કપૂરથી નોખો તરી આવે છે. રિશી કપૂરની કારકિર્દીનો પ્રારંભ રોમેન્ટિક હીરો (બોબી) તરીકે થઈ હતી. ત્યારબાદ ‘ઝહરીલા ઈન્સાન’ (ફિલ્મમાં પિતાની હત્યા કરી હીરો-હીરોઈન સાથે આત્મહત્યા કરે છે)ને બાદ કરતા રિશી રોમેન્ટિક ઈમેજને વળગી રહ્યો. જોકે, ૧૫ વર્ષ પછી રામસે બ્રધર્સની ‘ખોજ’ ફિલ્મમાં રિશીએ હત્યારાનો રોલ કર્યો, પણ ‘ઝહરીલા ઈન્સાન’ની જેમ ‘ખોજ’ પણ બોક્સ ઓફિસ પર નિષ્ફળ સાબિત થઈ હતી. ચાહકોએ આવો રોલ કરવા બદલ રિશી કપૂરના માથે માછલાં ધોયા હતા. એ સમયે નેગેટિવ રોલ કરવા બદલ એક્ટરે પસ્તાવો વ્યક્ત કર્યો હતો.


બીજી તરફ, ‘સાંવરિયા’ના ૧૫ વર્ષ પછી રણબીર કપૂરે પણ મોટું રિસ્ક લીધું. રોમેન્ટિક ઈમેજને ચીરી નાખે એવો રોલ ‘એનિમલ’માં કરવાનું તોતિંગ જોખમ લીધું. મીઠડા - સંસ્કારી નાયકની ઈમેજ હોવા છતાં અને એવા રોલમાં સારી સફળતા મળી હોવા છતાં અત્યંત હિંસાત્મક અને નારી પ્રત્યે ધિક્કાર, નફરત જેવી નકારાત્મક લાગણી ધરાવતા પાત્રને સાકાર કર્યું. અલબત્ત, રોલ સ્વીકારતી વખતે રણબીર અવઢવમાં હતો, પણ ઈમેજના પાંજરામાંથી મુક્ત થવા પ્રયોગ કરવાનું બીડું ઝડપી લીધું. ફિલ્મને જબરદસ્ત સફળતા મળી, પણ ‘રણબીર તુને યે ક્યા કિયા?’ જેવા પ્રતિભાવ સુધ્ધાં આવ્યા. જોકે, રણબીરે કોઈ પસ્તાવો વ્યક્ત ન કર્યો, ઊલટાની ફિલ્મની તરફેણ કરી અને એની સિક્વલમાં પણ કામ કરવા તૈયાર થયો છે.

‘એનિમલ’ને તગડી સફળતા મળ્યા પછી એના બીજા અંતિમ જેવા મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામના રોલને ન્યાય આપી સિને રસિકોની નજરમાં વસી જવાની કોશિશ કરવી એ પણ બહુ મોટું જોખમ જ છે. જોકે, દરેક પ્રકારની ભૂમિકા કરવી અને એમાં ખરા ઊતરવું એ અભિનેતાનું પ્રાથમિક લક્ષણ માનવામાં આવે છે. રણબીર જેવા અભિનેતા પાત્રને સાકાર કરતી વખતે અને એનું શૂટિંગ કરતી વખતે પાત્ર અનુસાર વ્યવહાર કરવાને પ્રાધાન્ય આપે છે, જેથી એ કેરેક્ટરને પોતે વધુ સારી રીતે આત્મસાત કરી શકે. ‘રામાયણ’ના શૂટિંગ દરમિયાન સાત્વિક જીવન (માંસાહાર અને શરાબ બંધ)ને પ્રાધાન્ય તેમ જ તીરંદાજી અને સંસ્કૃત ઉચ્ચારણ શીખવાની કોશિશ જેવી બાબત અભિનેતાએ આચરણમાં મૂકી હતી. ભણસાલીની ‘બૈજુ બાવરા’ માટે પસંદગી થયા બાદ અભિનેતાએ નિયમિતપણે ‘બૈજુ બાવરા’ (૧૯૫૨)ના ગીતો એનું સંગીત ઉપરાંત ૧૯૫૦ના દાયકાની ફિલ્મોના શાસ્ત્રીય ઢબના ગીત - સંગીત સાંભળવાનું શરૂ કરી દીધું છે. બૈજુનો રોલ કરવો એ પણ એક મોટું જોખમ તો છે જ. સંજય લીલા ભણસાલી ફિલ્મને વર્તમાન પરિપ્રેક્ષ્યમાં રજૂ કરશે એ વાત તો નક્કી છે, પણ સંગીતને વરેલા ગુરુ તરીકે રણબીર કેવો ઉપસી આવશે અને દર્શકો કેટલી હદે એને પસંદ કરે એ રણબીર સામે મોટું રિસ્ક તો છે જ.

સમક્ષ રહેલા વિકલ્પોમાંથી પસંદગી કરવાની દ્વિધા અને એમાં રહેલું રિસ્ક અલગ અલગ સ્વરૂપે કલાકારના જીવનમાં આવતું હોય છે. ફિલ્મમેકર અનુરાગ બસુએ રણબીરના સંદર્ભે આ બાબત પર પ્રકાશ પાડતી એક વાત કહી છે. સિને રસિકો એ વાતથી વાકેફ છે કે ‘મર્ડર’, ‘લાઈફ ઈન આ મેટ્રો’ જેવી સુંદર ફિલ્મો બનાવનાર અનુરાગ બસુ કિશોર કુમારની બાયોપિક બનાવવા ઉત્સુક છે. આ ફિલ્મ માટે તેમણે રણબીર કપૂરની વરણી કરી હોવાની ઘોષણા પણ કરી હતી. રણબીર સુધ્ધાં આ બાયોપિક કરવા થનગની રહ્યો હતો. જોકે, દરમિયાનમાં એને નિતેશ તિવારીની ભવ્ય સ્કેલ પર બે પાર્ટમાં રજૂ થનારી ‘રામાયણ’ની ઓફર આવી. રણબીર સમક્ષ બે વિકલ્પ હતા રામને સાકાર કરવા કે કિશોર કુમારની ભૂમિકા કરવી? એક મહાકાય ફિલ્મ અને સાથે એટલું જ મોટું જોખમ અને બીજી સરખામણીએ નેનો સ્કેલ અને ઓછું જોખમ. જોકે, અહીં સુધ્ધાં રણબીરે મોટું જોખમ લેવાનો નિર્ણય લીધો અને સ્ટોક માર્કેટના અઠંગ ખેલાડી હર્ષદ મહેતાના ફેમસ ડાયલોગ ‘રિસ્ક હૈ તો ઇશ્ક હૈ’ (અહીં પ્રેમની કોઈ વાત નથી, બલકે ભવ્ય સફળતા મેળવવા મોટું જોખમ લેવું જરૂરી છે એ વાત પર ભાર છે)ને અનુસરી રામનો રોલ સ્વીકાર્યો. અંગત નુકસાન થયું હોવા છતાં અનુરાગ બસુએ રણબીરના નિર્ણયને યથાર્થ ઠેરવ્યો હતો.

રણબીર એક અન્ય મોટું જોખમ પણ લેવા ધારે છે. એને ફિલ્મ ડિરેક્ટ કરવી છે. અલબત્ત, ક્યારે એ તો આવનારો સમય જ કહેશે. ■

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ





‘ધ ગોડફાધર’

# ડાયેન કીટનઃ મહોબ્બત ને મુસ્કાન...‘ઉ-લા-લા’!

---------------

*‘મને મૃત્યુ વિશે દરરોજ વિચાર આવે છે. મને એ ગમતું નથી, પણ હું એનાથી ડરતી પણ નથી.’*

--------------------------------

*‘માતૃત્વે મને સંપૂર્ણપણે બદલી નાખી છે. એ મારા જીવનનો સૌથી નાજુક ને નમ્ર બનાવનારો અનુભવ છે.’*

-----------------------------------

*‘સમય વિતતા તમે ધીમે ધીમે સમજો છો કે એક જ જીવન છે, જે ખૂબ કિંમતી છે ને એ ડરી ડરીને જીવવા માટે નથી.’*

-----------------------------------

આ કેટલાંક વાક્યમાં ડાયેન કીટનનો આખે આખો આત્મા ઝળકી ઉઠે છે. એક એવી સ્ત્રી, જે મસ્તીથી મીઠું મુસ્કુરાય છે, દિલ ખોલીને હસે પણ સાથોસાથ ઊંડું વિચારે પણ છે. દુનિયાદારીની નજરે એ જરા અજીબ છે ને સાથોસાથ પ્રેક્ટિકલ પણ છે. એનું જીવન, એની અનેક યાદગાર ફિલ્મો સમય રોમેન્ટિક કોમેડી જેવું રહ્યું, હજી ૭ દિવસ પહેલાં એટલે કે ૧૧ ઓક્ટોબર સુધી..



અમેરિકામાં લોસ એન્જેલસના સાવ સામાન્ય પરિવારમાં જન્મેલી ડાયેન હોલ, ને પછી કીટન બની. બ્રોડવેના રંગમંચ પરથી છેક હોલિવૂડ સુધી પહોંચી. ૧૯૭૨ની સદાબહાર ફિલ્મ ‘ધ ગોડફાધર’માં ચમકીને એણે એની એક આગવી ઓળખ મેળવી અને વિશ્વસિનેમાને એક નવો જ ચહેરો મળ્યોઃ

સંવેદનશીલ, સ્માર્ટ ને સાવ નોખો. એ જ ફિલ્મમાં એને મળ્યો અદ્ભુત અદાકાર અલ પચિનો, જે પછી ડાયેનની જિંદગીનો સૌથી ગહેરો ને અધૂરો અધ્યાય બનીને રહી ગયો. એમનો રોમાંસ ના લાંબો ચાલ્યો કે ના સાવ ખતમ પણ થયો!

પછી આવી ૧૯૭૭ની સૌથી અજીબ અતરંગી લેખક નિર્દેશક અભિનેતા વૂડી એલનની અદ્ભુત ફિલ્મ ‘એની હોલ’. આ ફિલ્મે ડાયેનને અભિનેત્રી તરીકે ઓસ્કાર એવોર્ડ અપાવ્યો. એટલું જ નહીં, એ ભૂમિકાએ ડાયેનને સિનેજગતમાં અમર બનાવી ને જગતને સ્ત્રીની સ્વતંત્રતા માટે નવા અર્થ પણ આપ્યા. એ ફિલ્મમાં કોસ્ચ્યુમ ડિઝાઇનરે એને રોમેન્ટિક હીરોઇન જેવો ચમકીલો ડ્રેસ આપ્યો,

પણ ડાયેનને ના ગમ્યો. બીજા દિવસે એ પોતાના ખુદનાં કપડાં પહેરીને ગઈ ઢીલું ખાખી પેન્ટ, પુરુષોની ટાઈ અને પહોળી મોટી હેટ! કારણ? ડાયેને એની હોલનું પાત્ર સમજીને કહ્યું, એની એક એવી સ્ત્રી છે જે પરફેક્ટ બનવા માગતી નથી, એ પોતાની અલગ ઓળખ સાથે જીવવા માગે છે.

આમ તો નિર્દેશક સામે આ નાનો વિરોધ હતો, પણ એણે આખી દુનિયા સામે ટિપિકલ સ્ત્રીની ઇમેજને બદલાવી નાખી. નિર્દેશક વૂડી એલને પછી માન્યું કે ડાયેન એની હોલના પાત્રને ફક્ત ભજવી નહોતી રહી...એણે એને ઘડી ને જીવંત કરી.

વુડી એલન અને ડાયેન વચ્ચેનો સંબંધ પણ બે મિત્રની કોઇ ફિલ્મી કથા જેવો હતોઃ પ્રેમ, મિત્રતા ને બુદ્ધિનો સંગમ. એ બંને વચ્ચેની સૂક્ષ્મ રમૂજ, બેઉની સહજ કોમેડી અને એમના અલગ વિચારોને આજેય લોકો યાદ કરે છે. ડાયેને વૂડી એલનની ‘સ્લીપર’, ‘મેનહટ્ટન’, ‘એની હોલ’ જેવી અનેક ફિલ્મોમાં રીતસર જાન પૂર્યો હતો. વૂડી કહે છે, ડાયેનનો ચહેરો ને હાસ્ય કોઈપણ અંધારા ઓરડાને પણ ઝગમગાવી દે એવું હતું.

ડાયેનની અલ પચિનો સાથેની પ્રેમકથા પણ એટલી જ ગહન અને કરુણ હતી. ‘ધ ગોડફાધર’ના સેટ પરથી શરૂ થયેલો સંબંધ વર્ષોથી સુધી ચાલ્યો. ડાયેન કહેતી, હું અલ પચિનો પાછળ પાગલ થઈ ગઈ હતી. એ મજેદાર, બોલકો, પરંતુ અંદરથી ખુદમાં જ ખોવાઇ ગયેલા કોઇ બાળક જેવો હતો.

૧૯૭૧થી ૧૯૯૦ સુધી અટકળો ફરી શરૂ થઇને ફરી અટકતો એવો પચિનો સાથેનો રોમાંસ વરસો સુધી ચાલ્યો. ડાયેનને લગ્ન કરવા હતા. પણ અલ પચિનો બંધનમાં બંધાવા તૈયાર નહોતો, પણ વર્ષો પછી અલ પચિનોએ કહેલું, હવે મને અફસોસ થાય છે કે મેં ડાયેન સાથે લગ્ન ન કર્યા. એ ખરેખર અદ્ભુત સ્ત્રી હતી. મારા પૈસા- કેરિયર એણે સાચવ્યા. મને તો ચેકબૂક એટલે શું એ પણ ખબર નહોતી.

૨૦૧૭માં જ્યારે ડાયેન કીટનને સમગ્ર કેરિયર માટે લાઇફટાઇમ એચિવમેંટ એવોર્ડ મળ્યો ત્યારે અલ પચિનોના હાથે મળેલો. ત્યારે પચિનોએ મંચ પર કહેલું, ડાયેન જગતની સૌથી મનમોહક સ્ત્રી છે, જેને હું ક્યારેક મળેલો. સાંભળીને હોલમાં બેઠેલા તમામ લોકો ઊભા થઈ ગયા, પરંતુ ડાયેન ફક્ત સ્મિત કરતી બેઠી રહી, જાણે વર્ષો જૂના અધૂરા ઇશ્કના અફસાનાને અંજામ મળી ગયો હોય!

ડાયેન ક્યારેય પરણી નહીં પણ બે બાળક દત્તક લીધેલા. ડાયેને ‘રેડ્સ’ કે ‘ક્રાઇમ્સ ઓફ હાર્ટ’ જેવી ગંભીર ફિલ્મો પણ કરી.‘બેબી બૂમ’માં એક સ્ત્રીનો નોકરી અને માતૃત્વ વચ્ચેનો સંઘર્ષ, ‘ફાધર ઓફ ધ બ્રાઇડ’માં એક લઘરવઘર માની અસ્તવ્યસ્તતા, ‘ધ ફર્સ્ટ વાઇવ્ઝ કલબ’માં સ્ત્રીશક્તિનો વિદ્રોહ ને ‘સમથિંગ્સ ગોટા ગિવ’માં બૂઢાપામાં પ્રેમનો નવો જ અર્થ આ બધી દરેક ફિલ્મોમાં ડાયેનના વ્યક્તિત્વની નવી જ ઝલક દેખાતી.

જીવન વિશે ઊંડું વિચારતી ડાયેને કહેલું, કોઇ આત્મવિશ્વાસ કદીયે કાયમી નથી હોતો. જ્યારે જીવન તમને તોડી નાખે છે ત્યારે એને ટુકડે ટુકડા કરીને એને ફરીથી બાંધવો પડે છે. એ વાક્ય એના જીવનનો સાર છે. ‘હેમ્પસ્ટેડ’ ફિલ્મના એક દૃશ્યના શૂટિંગ પછી કહેલું, જ્યારે દુનિયાને તમારી જરૂરિયાત ના રહે, ત્યારે તમારે જાતે તમારી જરૂરિયાત કેમ ઊભી કરવી- એ શીખવું પડે.

ડાયેન કોમેડીને પળેપળ જીવતી હતી ને એના દિલફાડ હાસ્યથી જ અમર બની. ‘ઉલાલા’ એની તકિયા કલમ. એક ટીવી શોમાં એણે હેંડસમ એંકર સ્ટીફનને અચાનક પૂછેલું, હું જો બેકસ્ટેજમાં તને આલિંગન કરી બેસું તો તું મારા પર કેસ કરશે? અને આખું ઓડિયન્સ પાંચ મિનિટ હસતું રહ્યું. તો ક્યારેક કોઇ ટોકશોમાં એ ઓચિંતી ઘૂસી જઇને હંગામો મચાવતી!

હમણાં ૧૧ ઓકટોબરના ડાયેનનાં અવસાન પછી વુડી એલનને લખ્યું, કાલ સુધી એ હતી ને હવે અચાનક આખી દુનિયા કેવી બોરિંગ લાગે છે! એના હાસ્યનો ધ્વનિ હજી મારી યાદોમાં ગૂંજે છે. અલ પચિનોએ કહ્યું, મારી જ નહીં, પણ ખરેખર આખી દુનિયા હવે ડાયેન વિના અધૂરી છે.

ડાયેન હજીયે ક્યાંક જીવે છે. કદાચ કોઈ જૂના મકાનની બારીમાં, કોઈ ફિલ્મના ફ્રેમમાં, અથવા ઓડિયન્સના દિલના ખૂણામાં. ડાયેન કીટન ગઈ, પરંતુ એની ટ્રેડમાર્ક જેવી ‘હેટ’ હજી એના ઘરમાં ખાલી ખુરશી પર મૂકેલી છે. જાણે ડાયેન પાછી આવીને સ્ટાઇલથી હેટ પહેરીને ફરીથી કહેશે,

‘ઉ-લા-લા..’ જિંદગીને એટલી ગંભીરતાથી ન લો, ડાર્લિંગ આ જસ્ટ લાઇફ છે. વધારે કંઇ નહીં. ■



સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

# માસિક આવક કરતાં માનસિક આવક વધુ હોય તો આનંદ...

ચિંતા ટળી, ટિકિટ મળી ગઈ. ‘નંદબાબા’(રસિક દવે)ની મહેરબાનીથી. ચિંતા ફ્લાઈટની હતી કે હેમખેમ નૈરોબી પહોંચાડશે કે નહીં! દુકાળમાં અધિક માસની જેમ ત્યાં સીટ પર ટાઈમ્સ ઓફ ઇન્ડિયા-અખબાર હતું અને પહેલા જ પાને હેડલાઈન હતી... ‘..વિમાન ક્રેશ.’ લગભગ ‘અશોકા’ નામ હતું. એક તો હાલકડોલક પ્લેન એમાં આવા સમાચારથી ભયનું લખલખું પસાર થઈ ગયું. બધાં માનસિક તાણ અનુભવતા બેઠાં હતાં. ટપટપ ટપકતું પાણી તો બંધ કરાવ્યું પણ ‘તાણ’ બંધ નહોતી થતી. માસિક આવક કરતાં માનસિક આવક બમણી હોય તો સફરનો આનંદ આવે પણ અહીં તો... થોડા જોક્સની એકબીજાને આપ-લે કરતાં પરાણે આનંદ મેળવતા રહ્યાં. ત્યાં એનાઉન્સમેન્ટ થયું કે આપ વિન્ડોમાંથી નીચે ‘કિલીમાન્ઝારો’ જોઈ શકશો. બધાં ટોળે વળી જોવા લાગ્યાં. આ આનંદ તાણને થોડી ઓછી કરવાવાળો હતો. ભગવાનનું નામ લેતા આખરે નીગ્રોના ગામ નૈરોબી પહોંચ્યા ત્યારે હાશકારો થયો. આવા ઘસારામાં ટિકિટ મળી ગઈ એ સફળતા મોટી હતી. સફળતા મોડી મળે તો ઉદાસ ન થાવ. નાનાં ઘર જલ્દી બની જાય પણ મહેલ બનાવવામાં સમય લાગે. બે દિવસ વીડિયો શોપવાળા ભાઈએ પ્રેમથી રહેવાની વ્યવસ્થા કરી આપી અને ટિકિટનું ટેન્શન પણ ટળી ગયું.

અમે બધાં થયેલી વ્યવસ્થા મુજબ અજીહાઉસ પહોંચી ગયાં. સિદ્ધાર્થે પોતાની મજબૂરી જણાવી. અમને વિશ્વાસમાં લઇ નીકળી ગયો હોત તો પણ અમે ક્યાં રોકી શકવાના હતા? ઘણાને સિદ્ધાર્થની વાત ગમી અને તરત કદરનાં પુલ બાંધવા મંડી પડ્યાં. બાકી કદર તો કદરદાનની થાય. કદમાં તો પડછાયો પણ માણસથી મોટો હોય છે. ખેર! હવે ત્રણ દિવસ પછી શો હતાં.

રાત્રે ડિનર પછી સિદ્ધાર્થે કહ્યું, ‘કાલે બધાં વહેલાં ઊઠી આપણે મસાઈમારા જવા નીકળી જઈશું. બીજાની ખબર નથી પણ અમારાં ત્રણેયમાં હરખનાં સ્પન્દન ફરી વળ્યાં. હવે મજા આવશે એમ મનોમન થયું, જાણે વાદળ નામના પડદા ખુલ્યા, સૂર્ય નામનું ફોકસ પડ્યું, સવાર નામનો રંગમંચ ઝળહળી ઉઠ્યો અને નવી સફરનું નાટક જાણે ચાલુ થયું, ચાલો, જીવી લઈએ.

એ રાતે ‘ટીચર્સ’નાં છેલ્લાં ઘૂંટડા મસાઈમારાનાં નામને સમર્પિત કરતાં ગટગટાવ્યા. અમે ખૂબ ઉત્સાહમાં હતાં. કદાચ સિદ્ધાર્થ કે જતીનને એટલી ઉત્સુકતા ન પણ હોય. અમે તો જવાના નામ માત્રથી જાણે ખુશીથી ભીંજાય ગયેલાં. પલાળવું અને ભીંજાવું...ફરક માત્ર એટલો છે કે જે જડ છે એ પલળે છે અને જે લાગણીશીલ હોય એ ભીંજાય છે.

બીજે દિવસે નવા જોમ સાથે અમે ‘કોમ્બી-સવારી’ શરૂ કરી. સિદ્ધાર્થ પણ પત્ની-પુત્રને લઈ મૂડમાં હતો. એની પત્નીને ફોટોગ્રાફીનો અનહદ શોખ હતો એ એની વાત પરથી જાણ્યું. એની પાસે મોટો કેમેરો હતો, જેનાથી એ મસાઈમારાની પ્રાણી- પ્રકૃતિનાં ફોટો કેદ કરી શકે. કોમ્બીમાં થોડા આગળ ગયા અને પ્રતિબંધિત એરિયા શરૂ થાય એ પહેલાં થોડા ‘મસાઈ’ લોકો દેખાયા. એ લોકોના પહેરવશનાં નામે માત્ર ‘ટારઝન’ જેવી સહેજ મોટી લંગોટી અને પગ, હાથ અને નાકમાં જાતજાતનાં ઘરેણાં.

રસિકથી રહેવાયું નહીં. નિષેધ એરિયા શરૂ નહોતો થયો એટલે એણે કોમ્બી ઊભી રખાવી. મોમ્બાસા હતી એ જ કોમ્બી હતી અને ડ્રાયવર પણ એ જેનું નામ હતું, નિકોલસન. એ ‘કેમ છો... ‘મજામાં છો’ જેવું ભાંગ્યું-તૂટ્યું ગુજરાતી બોલી શકતો. રસિક સાથે અમે પણ ઉતર્યા. રસિકે કેમેરો એક મસાઈને આપ્યો અને બીજા મસાઈ સાથે ફોટો પડાવ્યો. ફોટો તો પડ્યો પણ પછી ફિલ્લમ ઉતરી ગઈ. દૂરથી ફોટો પાડી એ મસાઈ કેમેરો લઈને દોડવા માંડયો. એની પાછળ રસિક. શ્વાસ ચડી ગયો ત્યારે માંડ આંતરી શક્યો. એ કેમેરો પાછા આપવા ૫૦ શિલિંગ માગવા માંડ્યો. છેવટે ૨૦ શિલિંગ આપી પતાવટ કરી કેમેરો પાછો લીધો ત્યારે નિરાંત થઈ.

આટલી મજલ કાપ્યાં પછી ઘણાને ‘લઘુશંકા’ કરવી હતી. ખુલ્લું મેદાન હતું. ત્યાં વોશરૂમ ક્યાંથી હોય? બધી લેડીઝોને કોમ્બીમાં બેસાડી અમે ખુલ્લામાં લઘુશંકા દૂર કરી કોમ્બીમાં બેઠા.

લગભગ ૧૦ વાગે સુંદર હોટેલ ‘કીકોરોક’ પહોંચ્યાં. ત્યાં બ્રેકફાસ્ટ કરી સવારની રાઈડ કરવાની હતી. રૂમની વહેંચણીમાં બધાં બરાબર રહ્યા પણ એક રજનીબહેન માટે એક રૂમ અલગ લેવો પડે એમ હતું. હું, સનત અને સચ્ચું, રાજુ-જસ્મીન સાવલા. રસિક-કેતકી, સિદ્ધાર્થ-પત્ની, પુત્ર. રજનીબહેને ને એકલાં રહેવામાં વાંધો નહોતો. સિદ્ધાર્થે રાતનાં નીકળતાં વાઘ-દીપડાની વાત કરી પણ મજબૂત મનોબળ ધરાવતા રજનીબહેનને પ્રોબ્લેમ નહોતો. સાચવે એનાં કરતાં સાવચેત કરે એ અંગતની રુએ એમને ચેતવી દીધાં.

રજનીબહેન શાંતારામના પત્ની...જૂની રંગભૂમિની ઘણી ચડ-ઊતર જોઈ ચૂકેલાં, હિમ્મતવાળાં. એમણે કહ્યું કે ‘મને ડર નહીં લાગે અને આમ પણ આપણા બધાના રૂમ બાજુબાજુમાં જ છે એટલે ચિંતા ઓછી.’

અમે ‘કીકોરોક’માં નાસ્તો પતાવી રાઈડ પર નીકળ્યાં. કોમ્બી એકદમ સલામત,. એની હુડનો ભાગ થોડો ઊંચો થાય એટલે તમે અંદરથી પ્રાણીઓ જોઈ ફોટા લઈ શકો.

કોમ્બીમાં નીકળ્યાં ત્યારે હોટલ તરફથી એક ગાઈડ પણ સાથે જોડાયેલ. એ નિકોલસનને બતાવતો રહેતો. ત્યાં કોઈ કોમ્બીવાળો પસાર થાય ત્યારે એણે કઈ ‘ખાસ’ જોયું હોય તો ઇન્ફોર્મ કરતો જાય કે ક્યા શું અને કેટલે દૂર છે. એકે જણાવ્યું કે થોડે દૂર એક ચિત્તો ઝાડ પર બેઠો છે. અમે ત્યાં લઈ જવા કહ્યું કે એ બધું આવતી કાલની રાઇડમાં જોવાનો શિડ્યુલ છે. અત્યારે તો હરણ, સાબર અને ચિમ્પાઝી જેવા વાંદરા દેખાતા હતા. શિયાળ અને અમુક પક્ષીઓ કોમ્બી પાસેથી પસાર થતાં અને કોમ્બી ઉભી રાખવી પડતી. આ નાની રાઈડ હતી જે પતાવી લંચટાઈમ સુધી અમારે હોટલ પર પહોંચી જવાનું હતું.

અમે ‘કીકોરોક’ પહોંચ્યા ત્યાં રૂમની બહાર રેતીમાં સિંહના પગલાનાં નિશાન દેખાયા. રજનીબહેનની હિમ્મત તૂટી, કહે, ‘હું એકલી રૂમમાં નહીં રહી શકું. રાત્રે બાર વાગ્યાં પછી આવું કઈ આવી જાય તો મારાં તો બાર જ વાગી જાય!’ ■

ડબલ રિચાર્જ

*ટીચરઃ અ ઇ ઈ ઉ બોલ ટેણિયા..*
*ટેણિયોઃ અ ઇ ઈ ઉ ઇં ક*
*ટીચરઃ ઋઋકયાં?*
*ટેણિયોઃ એ આપણા નસીબમાં જ નથી.*

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# ચાર્લી ચેપ્લિન-ઓપી નય્યરઃ કયા સંગીતકારથી પ્રભાવિત થયા?

## માસ્ટર કૃષ્ણરાવ ગણેશ ફુલંબ્રીકરએ મરાઠી ઉપરાંત હિન્દી ચિત્રપટ સંગીતમાં અનોખી છાપ પાડી અને અભિનય સુધ્ધાં કર્યો

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એવા કેટલાક ઉદાહરણ જોવા મળ્યા છે, જેમાં સંગીતકાર પોતે ગાયક સુધ્ધાં હોય. બાપ - બેટા સચિન દેવ બર્મન- રાહુલ દેવ બર્મન અને હેમંત કુમાર તેમજ કિશોર કુમાર અને સી. રામચંદ્ર તરત યાદ આવી જાય. ન્યુ થિયેટર્સના વખતમાં પંકજ મલિક આ શ્રેણીનું પ્રભાવી અને મોખરાનું નામ હતું. એ સિવાય બપ્પી લાહિરી, શંકર મહાદેવન, એ. આર. રેહમાન સુધ્ધાં આ જ પંક્તિમાં આવે. સાથે એવા જૂજ ઉદાહરણ પણ છે જેમાં સંગીતકારે ગીતકારનો રોલ પણ ભજવ્યો હોય. પ્રેમ ધવન, રવીન્દ્ર જૈન, વિશાલ ભારદ્વાજ એના ઉદાહરણ છે, પણ સંગીતકાર અભિનેતા? માથું ખંજવાળવું પડે. ગાયક - સંગીતકાર ઉપરાંત પંકજ મલિકે ફિલ્મમાં લીડ રોલ પણ કર્યા છે. લતા દીદીએ પણ મરાઠી ફિલ્મમાં કેમેરાનો સામનો કર્યો હતો. એ સિવાય એકાદ બે- ચાર ફિલ્મમાં નજીવો રોલ કર્યો હોય એમાં ખેમચંદ પ્રકાશ, આર ડી બર્મન, અનિલ બિશ્વાસ, જયકિશન, વસંત દેસાઈ, મિથુન શર્મા ઈત્યાદિનો સમાવેશ છે. આ બધા વચ્ચે એક નામ છે માસ્ટર કૃષ્ણરાવ ગણેશ ફુલંબ્રીકરનું. આગામી સોમવારે (૨૦ ઓકટોબર) તેમની ૫૦મી પુણ્યતિથિ છે એ નિમિત્તે તેમના વિશિષ્ટ યોગદાનથી વાકેફ થવાની ફરજ નિભાવીએ....

કૃષ્ણરાવએ સંગીતકાર તરીકે ચીલો ચાતર્યો હતો. મરાઠી નાટ્યસંગીતથી પ્રારંભ કર્યા બાદ ૧૯૩૪માં 'પ્રભાત ફિલ્મ કંપની'માં જોડાયા. શાંતારામ પ્રયોગશીલ ફિલ્મમેકર અને કૃષ્ણરાવ પણ સ્વરાંકનમાં કશુંક નવું કરવાના આગ્રહી હતા એટલે આ બંને વચ્ચે બહુ જલદી મેળ બેસી જવો સ્વાભાવિક હતું. વાત એમ હતી કે સંગીત પ્રધાન નાટકમાં ભક્તિ ગીત વારકરી સંગીત, લોકપ્રિય અભંગ અને આરતીની ધૂનને આધારે જ તૈયાર કરવાની પ્રથા હતી. કૃષ્ણરાવએ શુદ્ધ શાસ્ત્રીય રાગનો આધાર લઈ ભક્તિ ગીત તૈયાર કર્યા. શાંતારામે હિન્દી અને મરાઠીમાં બનાવેલી 'ધર્માત્મા' ફિલ્મમાં કૃષ્ણરાવએ ક્લાસિકલ મ્યુઝિકનો આધાર લઈ ભક્તિ ગીત તૈયાર કરતા સારો આવકાર મળ્યો.



માસ્ટર કૃષ્ણરાવ ગણેશ ફુલંબ્રીકર

ફિલ્મોમાં ભક્તિ સંગીતને નવું સ્વરૂપ મળ્યું તેનો શ્રેય માસ્ટર કૃષ્ણરાવને જાય છે.

'પ્રભાત ફિલ્મ કંપની' સાથે છેડો ફાડ્યા બાદ ૧૯૪૨માં શાંતારામએ સ્વતંત્ર ફિલ્મ નિર્માણ સંસ્થા 'રાજકમલ કલામંદિર'ની સ્થાપના કરી. આ બેનર હેઠળ કેટલીક દ્વિભાષી (મરાઠી અને હિન્દી) બનાવી જેમાં એક હતી 'ભક્તિચા મળા' (મરાઠી) અને હિન્દીમાં એ ફિલ્મનું ટાઈટલ હતું 'માલી'. શાંતારામે આ ફિલ્મના સંગીતની જવાબદારી સાથે સાવત્યા માળી - સંત શિરોમણી સાવતા મહારાજનો લીડ રોલ પણ કૃષ્ણરાવને આપ્યો હતો. કથા અનુસાર સાવતા માળીના ગામમાં પ્લેગનો રોગચાળો ફેલાય છે. કપરા સમયમાં સાવતા ફક્ત પ્રભુને શરણે રહેવાને બદલે સખત પરિશ્રમને પ્રાધાન્ય આપે છે. ઈશ્વર મંદિરમાં નહીં, માનવીના દિલમાં બિરાજે છે એવી ભાવના સાથે પરસેવો પાડી ખેતરને ફરી સમૃદ્ધ કરે છે. ફિલ્મના શૂટિંગ દરમિયાન હળથી ખેતર ખેડવું, કૂવામાંથી પાણી ઉલેચવું, બળદગાડું હાંકવું જેવા જોખમી અને પરિશ્રમ માગી લેતા દ્રશ્યો માસ્ટર કૃષ્ણરાવે ડુપ્લિકેટની મદદ નકારી જાતે જ ભજવ્યાં હતાં. અંગત જીવનમાં પણ આધ્યાત્મને પ્રાધાન્ય આપતા કૃષ્ણરાવ રોલમાં દીપી ઊઠ્યાં. ફિલ્મને ખાસ્સી લોકપ્રિયતા મળી. દૂરદૂરના ગામડામાંથી લોકો બળદ ગાડામાં બેસી મુંબઈ કે પુણે ફિલ્મ જોવા માટે આવતા હતા.

હિન્દી ફિલ્મ સંગીતમાં અનોખી છાપ પાડનારા સંગીતકાર ઓ. પી. નય્યર તેમની વિશિષ્ટ શૈલીની ધૂન માટે પ્રખ્યાત છે. એમના સ્વરાંકનમાં પગ થપથપાવવા કે પછી તાળીઓનો તાલ ઘણી વાર સાંભળવા મળે છે. તાળી કે ક્લેપનો વપરાશ કરવામાં પોતે કૃષ્ણરાવને અનુસર્યા એવી કબૂલાત નય્યર સાહેબે એક ઈન્ટરવ્યૂમાં કરી હતી. શાંતારામે હિન્દી અને મરાઠીમાં ફિલ્મ બનાવી હતી. મરાઠીમાં એનું નામ હતું 'શેજારી' જ્યારે હિન્દીમાં એનું ટાઈટલ હતું 'પડોસી'. 'પ્રભાત ફિલ્મ્સ'ના બેનરમાં બનેલી આ અંતિમ ફિલ્મમાં બંનેમાં સંગીતકાર કૃષ્ણરાવ જ હતા. આ ફિલ્મમાં ગીતકાર પંડિત સુદર્શન રચિત એક યુગલ ગીત હતું 'કૈસા છાયા હૈ આલા ઉજાલા રસિયા'. આ ગીતના સ્વરાંકનમાં લયબદ્ધ તાળીઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. હિન્દી ફિલ્મ સંગીતમાં આવો આ પહેલો પ્રયાસ હોવાનું માનવામાં આવે છે અને એ સાંભળ્યા પછી પોતાના કમ્પોઝીશનમાં તાળીઓનો ઉપયોગ આગળ વધાર્યો એવું ખુદ ઓ. પી. નય્યરએ જણાવ્યું હતું.

શાંતારામની 'આદમી' ફિલ્મ માટે માસ્ટર કૃષ્ણરાવે 'તરાર નાવ નાવ તરાર નાવ' ગીત સ્વરબદ્ધ કર્યું હતું. આ ગીતના સ્વરાંકનમાં એક પણ વાજિંત્રનો ઉપયોગ નથી કરવામાં આવ્યો અને ગીતના શબ્દો કોઈ અર્થ પણ નથી ધરાવતા. જેઝ મ્યુઝિકમાં સાંભળવા મળતા 'સ્કેટ સિંગિંગ' જેવો એ પ્રકાર હતો. 'સ્કેટ સિંગિંગ' જેઝ મ્યુઝિકનો હિસ્સો છે, જેમાં શબ્દ વગરના ઉચ્ચાર કે પછી અર્થહીન ઉચ્ચારણ કરવામાં આવે છે, જે સંગીતના વાદ્ય જેવો ધ્વનિ ઉત્પન્ન કરી શકે. સ્કેટ સિંગર સેક્સોફોન અથવા ટ્રોમ્બોન જેવા વિદેશી વાદ્યોમાંથી નીકળતા ધ્વનિ જેવા અવાજ કાઢતા હોય છે. આ વ્યવસ્થાને કારણે ગાયકો કોઈ પણ બંધન વિના વાદ્યની જેમ રજૂઆત કરી શકે છે. 'વર્લ્ડ ફિલ્મ ફેસ્ટિવલમાં' 'તરાર નાવ નાવ તરાર નાવ' ગીત વિશ્વવિખ્યાત એક્ટર અને ફિલ્મમેકર ચાર્લી ચેપ્લિને સાંભળ્યું અને બહુ ગમ્યું એટલે એની પ્રશંસા કરી હતી. ચેપ્લિન અભિનેતા હોવા ઉપરાંત એક સિંગર અને મ્યુઝિશિયન પણ હતા એટલે ગીતના સ્વરાંકનમાં ઉપયોગમાં લેવામાં આવેલી અલાયદી ટેકનિક અને કલાકારની પ્રતિભા બિરદાવી શકતા હતા અને ખાસ તો સંગીત વાદ્યના સ્થાને માનવીય અવાજનો સુંદર ઉપયોગ તેમને આકર્ષી ગયો હતો. હિન્દી - મરાઠી ફિલ્મોના આવા સંગીતકાર પર ચેપ્લિન પ્રશંસાના પુષ્પો વેરે એનાથી આપણે અજાણ તો ન જ રહેવું જોઈએ.

માસ્ટર કૃષ્ણરાવના યોગદાનથી ડો. બાબાસાહેબ આંબેડકર પ્રભાવિત થયા હતા. આંબેડકરે સંપૂર્ણ બુદ્ધ વંદના સંગીતથી મઢવાની જવાબદારી આ સંગીતકારને સોંપી હતી. કામમાં કોઈ કસર ન રહે આ એ માટે કૃષ્ણરાવે મુંબઈ જઈ પાલી ભાષાનો અભ્યાસ કર્યો હતો. સંગીત નાટક, સંગીત દિગ્દર્શન તેમજ અભિનયમાં અતુલનીય યોગદાન આપનારા ગુણી કલાકારને આજે ભાગ્યે જ કોઈ યાદ કરે છે, પણ તેમના યોગદાનથી સંગીત વધુ સમૃદ્ધ બન્યું છે એ હકીકત છે. ■

શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# આઈડેન્ટિટી ક્રાઈસીસ!

## 'નામ ગુમ જાયેગા'નો ભય કે હકીકત?

## AIના યુગમાં સ્ટાર્સની પોતાના પર્સનાલિટી રાઈટ્સ માટેની લડત


આજના સમયમાં ટેક્નોલોજી એટલી ઝડપથી આગળ વધી રહી છે કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) કોઈ પણ વ્યક્તિનો ચહેરો, અવાજ કે હાવભાવ સહેલાઈથી નકલ કરી શકે છે. અને બસ, એ જ વાતે હવે ભારતીય સિનેમાના મોટા સ્ટાર્સને સ્ટ્રેસ આવી રહ્યો છે. સ્ટ્રેસ છે પોતાની જ ઓળખ ગુમાવવાનો. હૃતિક રોશન તાજેતરમાં દિલ્હીની હાઈકોર્ટમાં ગયો છે પોતાના પર્સનાલિટી રાઈટ્સ બચાવવા એટલે કે એનું નામ, અવાજ, ચહેરો કે હાવભાવ કોઈ બીજી વ્યક્તિ કે કંપની એની પરવાનગી વગર વાપરી ન શકે. આ કેસ માત્ર હૃતિક માટે નથી, આખા ભારતીય સિનેમા માટે એક ટર્નિંગ પોઇન્ટ છે.

હૃતિકે જે અરજી કરી છે, તે માત્ર ફેક એડ કે મીમ સામે નથી. હવે સ્ટાર્સ પોતાની ઓળખને આખી ડિજિટલ દુનિયામાં સુરક્ષિત રાખવા માગે છે. સોશ્યલ મીડિયા પર હૃતિક કે દીપિકા પાદુકોણના ફેક એડ્સ ફરતા રહે છે, જેમાં એ એવા પ્રોડક્ટ્સને પ્રમોટ કરતા દેખાય છે, જેનું એમણે ક્યારેય નામ પણ નહીં સાંભળ્યું હોય!

વૈશ્વિક લેવલ પર તો આ સમસ્યા અને તેની સામેની લડત પહેલેથી જ શરૂ થઈ ચૂકી છે. હોલિવૂડ એક્ટર ટોમ હેન્ક્સે થોડા મહિના પહેલાં ચેતવણી આપી હતી કે કોઈએ AI -જનરેટેડ એડમાં એનો ચહેરો વાપર્યો છે, જેના માટે એણે ક્યારેય મંજૂરી આપી જ નથી. કિયાનુ રીવ્ઝે પોતાના ફિલ્મ કોન્ટ્રેક્ટમાં ખાસ સેક્શન ઉમેર્યો છે કે એનું પરફોર્મન્સ ડિજિટલ રીતે બદલી શકાશે નહીં. આ ઉદાહરણો બતાવે છે કે ટેક્નોલોજીના યુગમાં કલાકારની ઓળખ કેટલી મોટી પ્રોપર્ટી બની ગઈ છે.

ભારતમાં સિનેમા સ્ટાર્સ વર્ષોથી પોતાની ઇમેજ પરથી કમાણી કરતા આવ્યા છે. શાહરુખ ખાનથી લઈને આલિયા ભટ્ટ સુધી દરેકના એન્ડોર્સમેન્ટ કરોડોમાં છે, પણ હવે એ જોખમમાં છે, કારણ કે થોડા પ્રોમ્પ્ટ્સ કે કોડ લખીને કોઈ પણ ફેક શાહરુખ બનાવી શકે છે. આ ફક્ત ઈન્કમનો મુદ્દો નથી, પણ વિશ્વાસ અને નૈતિકતાનો મુદ્દો છે. જો કાલે કોઈ AI વીડિયોમાં દીપિકા પાદુકોણ કોઈ રાજકીય મેસેજ આપે જે એની વિચારસરણી સાથે મેળ જ ન ખાતો હોય તો એ માટે જવાબદાર કોણ?

હવે અહીં પર્સનાલિટી રાઈટ્સ મહત્ત્વના બને છે. એ હક કે જેમાં કોઈ વ્યક્તિ પોતાની ઇમેજ, નામ કે અવાજનો પ્રોફેશનલ યુઝ કંટ્રોલ કરી શકે. ભારતમાં હજી તેની સ્પષ્ટ કાયદાકીય કલમ નથી, પણ કોર્ટે આ હકને પ્રાયવસી અને ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી હેઠળ સ્વીકાર્યો છે. ૨૦૨૨માં અમિતાભ બચ્ચને એમના અવાજ અને ચહેરાની નકલથી ચાલતા લોટરી એડ્સ પર રોક લગાવતો એક મોટો કેસ જીતીને આ હક માટે ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ત્યારબાદ ૨૦૨૩માં અનિલ કપૂરે પણ પોતાનો ફેમસ 'ઝકાસ' શબ્દ, ચહેરો અને અવાજ કોર્ટ દ્વારા સુરક્ષિત કરાવ્યો હતો. આજ રીતે, ઐશવર્યા-અભિષેક, જેકી શ્રોફ-આશા ભોસલે-કુમાર સાનુએ પણ કોર્ટના દરવાજા ખટખટાવ્યા છે...



અનિલ કપૂર



હૃતિક રોશન-ઐશ્વર્યા રાય બચ્ચન



દીપિકા પાદુકોણ

૨૦૨૪માં એક વીડિયો વાઇરલ થયો હતો જેમાં રશ્મિકા મંદાનાનો ચહેરો કોઈ બીજાના શરીર પર લગાડીને અશ્લીલ ડાન્સ બતાવવામાં આવ્યો હતો. પછી રશ્મિકાએ ખુદ સમજાવવું પડ્યું કે એ 'ડીપફેક હતું. એ પછી કેટરિના કૈફ, કાજોલ અને અન્ય અભિનેત્રીઓએ પણ જાહેરમાં ચિંતા વ્યક્ત કરી હતી.

હવે પ્રશ્ન એ છે કે જ્યારે માણસ અને મશીન વચ્ચેની લાઇન એટલી ધૂંધળી થઈ ગઈ છે ત્યારે શું વિશ્વાસ કરી શકાય કે આપણે જે જોઈ રહ્યા છીએ તે સાચું છે?

હોલિવૂડમાં પણ આ જ તોફાન ચાલી રહ્યું છે. ૨૦૨૩માં થયેલો SAG-AFTRA હડતાળનો મોટો મુદ્દો હતો, AI રાઈટ્સ. ત્યાં પ્રોડ્યુસર્સ કોન્ટ્રાક્ટ્સમાં એવી એવી કલમ ઉમેરવા માગતા હતા કે આર્ટિસ્ટને એકવાર સ્કેન કર્યા બાદ એમનો ચહેરો આખી જિંદગી માટે ફિલ્મ્સમાં વાપરી શકાય! આ તો એક પ્રકારનું ડિજિટલ ગુલામીનું મોડેલ થયું. ઇન્ડિયામાં હજી એ સ્તર સુધી ચર્ચા થઈ નથી, પણ ખતરો સ્પષ્ટ છે.

આ ચર્ચામાં એક બીજી વાત પણ ઉમેરી શકાય. શું મૃત્યુ પામેલા સ્ટાર્સને AI દ્વારા જીવંત બતાવવા યોગ્ય છે? છેલ્લાં વર્ષોમાં મધુબાલાનો AI રીમિક્સ વીડિયો આવ્યો હતો, જેમાં એ નવા ગીત પર ડાન્સ કરતાં દેખાયાં હતાં. દર્શકોને આનંદ થયો, પણ સમીક્ષકોને લાગ્યું કે આ બિઝનેસ માટે કરવામાં આવેલી અતિશયોક્તિ છે. એથી એક નૈતિક પ્રશ્ન ઊભો થાય છે કે ટેક્નોલોજી પાસે શક્તિ છે એટલે તેનો ઉપયોગ થવો જ જોઈએ કે પછી થોડી મર્યાદા જાળવવી જોઈએ?

એડ ફિલ્મ્સની દુનિયામાં પણ આ ડર છે. નવા એડ કોન્ટ્રેક્ટમાં હવે AI usage clause ઉમેરવામાં આવે છે. 'ફેડરેશન ઑફ ઈન્ડિયન ચેમ્બર્સ ઑફ કોમર્સ (FICCI)' દ્વારા પણ સરકારને અપીલ કરવામાં આવી છે કે AI અને ડીપફેક વિરુદ્ધ સ્પષ્ટ ગાઇડલાઇન બનાવવી જોઈએ. કદાચ ભવિષ્યમાં દરેક કલાકારને પોતાની ઓળખના ડિજિટલ ઉપયોગ માટે લાયસન્સ આપવું ફરજિયાત બની જશે. જે રીતે ફિલ્મમાં કોપિરાઈટ હોય છે એમ જ લાઇસન્સ્ડ આઇડેન્ટિટીનો નવો કન્સેપ્ટ આવે તો નવાઈ ન લાગવી જોઈએ. આજથી દાયકાઓ પહેલા સ્ટાર્સને ગોસિપ મેગેઝિનથી ડર લાગતો હતો. આજે તેમને જનરેટિવ મોડલથી ડર લાગે છે. ■


### લાસ્ટ શોટ

*અભિનેતા રોબિન વિલિયમ્સ (૧૯૫૧-૨૦૧૪)ના પરિવારે સ્પષ્ટ કહ્યું છે કે એમની ઇમેજ કે અવાજને કોઈ પણ નવી ફિલ્મ કે એડમાં ૨૫ વર્ષ સુધી વાપરવો નહીં.*

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

## 'થામા'......જરા થાંબા




મેડોકનાં હોરર-કૉમેડી યુનિવર્સની ફિલ્મ 'થામા' દિવાળી પર રિલીઝ થાય છે. આને લઈને બોલિવૂડવાળા ખૂબ ઉત્સાહમાં છે.

પરંતુ, બટ... ફિલ્મનું ટ્રેલર જોઇને આ યુનિવર્સનાં ફેન્સ એટલાં બધાં ઉત્સાહિત નથી. અમુક તો એમ પણ કહે છે કે 'થામા' એ આ યુનિવર્સની સહુથી નબળી ફિલ્મ લાગે છે. એ જે હોય તે, પણ અત્યારે 'થામા'ને પ્રાદેશિક ફિલ્મો બરાબર સ્પર્ધા આપશે એ નક્કી છે.


આમ તો 'મોટી બોલિવૂડ ફિલ્મ' સામે બીજી બોલિવૂડ ફિલ્મ પણ રિલીઝ નથી થતી, પરંતુ દિવાળીનો સમય જ એવો છે કે દરેકને કણ અને મણ મળી રહેતું હોય છે. આ જ ન્યાયે 'થામા'ને અત્યારે મરાઠી, પંજાબી અને ગુજરાતી ફિલ્મો પડકારી રહી છે. ૨૧ ઓકટોબરમાં 'થામા'ની સાથે સ્વપ્નિલ જોશી અને રુચા વૈદ્યની મરાઠી ફિલ્મ 'પ્રેમાચી ગોષ્ટ-૨' પણ રિલીઝ થઇ રહી છે.

તો પંજાબી ફિલ્મ 'ગોડ્ડે ગોડ્ડે ચા-૨' પણ એ જ દિવસે રિલીઝ થશે. આ રીતે મુંબઈ અને દિલ્હી/પંજાબ સર્કિટ તો 'થામા'ને સ્પર્ધા આપશે. એની સાથે ગુજરાતમાં પણ તેને શ્વાસ લેવાની તક નથી મળવાની. આ જ દિવસે જેની આતુરતાથી રાહ જોવાઈ રહી છે એવી 'ચણિયા ટોળી' પણ ગુજરાતભરમાં રિલીઝ થાય છે. ઔર અભી તો રુકો, એક હિન્દી ફિલ્મ 'એક દીવાને કી દીવાનીયત' પણ લાઈનમાં જ છે.

આમ, હવે મોટી બોલિવૂડ ફિલ્મોની શરમ હવે કોઈ ભરતું નથી એ નક્કી છે. એમાંય જો 'થામા' નબળી ફિલ્મ નીકળી તો પત્યું!

દિવાળીના દિવસો પત્યાં પછી આ બધી ફિલ્મોને વધુ સ્ક્રિન મળી જશે અને 'થામા'ને વધુ નુકસાન થશે એ પાક્કું.

## નવાઝુદ્દીન સિદ્દીકી હાઝીર હો...



-પણ એ હાજર ન રહ્યો! પરિણામ? કેસ બંધ થઇ ગયો. ન ખબર પડી? તો જાણી લો...વાત એવી છે કે ૨૦૦૦ની સાલમાં નવાઝે પોતાનાં સગા ભાઈ સમશુદ્દીન પર ચીટિંગ કરીને અને પોતાની પૂર્વ પત્નીને ભડકાવીને એને બદનામ કર્યો હોવાનો આરોપ મૂક્યો હતો. આ આરોપ બાદ નવાઝે આ બંને ઉપર કુલ ૧૦૦ કરોડ રૂપિયાનો માનહાની અને માનસિક ત્રાસનો દાવો માંડ્યો હતો.

હવે, કોર્ટમાં તમે કેસ કરો કે તમારા ઉપર કોઈ કેસ કરે, તારીખ પડે એટલે હાજરી તો પુરાવી પડે ને? બસ, નવાઝે આ જ ભૂલ કરી. આ પાંચ વર્ષમાં જેટલી પણ તારીખ પડી નવાઝ કે એનો વકીલ એક પણ તારીખમાં હાજર ન રહ્યાં. પરિણામે કોર્ટ પણ કંટાળી અને આખો કેસ જ રદ્દ કરી દીધો. આમ, અત્યારે તો એમ કહી શકાય કે નવાઝુદ્દીન સિદ્દીકીનાં બાવાનાં બે ય બગડ્યા. ન તો એ પોતાના જ ભાઈ અને પૂર્વ પત્ની પર પોતે લગાવેલા આરોપ સિદ્ધ કરી શક્યો કે ન તો એને કોર્ટ તરફથી કોઈ રાહત મળી. પેલા ૧૦૦ કરોડ રૂપિયા તો હજી આ નુકસાનમાં આપણે ગણ્યા જ નથી હોં!

## બિજલાનીને બીક લાગે છે...



સંગીતા બિજલાની, નામ તો સુના હોગા! એ અત્યારે સખ્ખત ડરી ગઈ છે. ના, ના 'જૂનું દર્દ' પાછું નથી આવ્યું. વાત એમ છે કે સંગીતાનું એક ફાર્મ હાઉસ પુણે નજીક પવાનામાં આવેલું છે. ગત જૂન મહિનામાં જ્યારે આ ફાર્મ હાઉસ બંધ હતું ત્યારે કેટલાંક લૂંટારાઓ તેમાં અંદર ઘુસી ગયાં હતાં. આ લૂંટારાઓએ આ ફાર્મ હાઉસમાંથી ૫૦ હજાર રૂપિયા કેશ લૂંટી એટલું જ નહીં, બધો સામાન વેર-વિખેર કરી નાખ્યો.

આવો અનુભવ પહેલી વખત થયો હોવાથી સંગીતા ખૂબ ડરી ગઈ છે. તેના કહેવા અનુસાર આ તેનું બીજું ઘર છે અને આ ઘર સાથે આવું પણ થઇ શકે એ જોઇને તેને ધ્રુજારી છૂટી ગઈ છે. પોલીસે પણ સંગીતાને ન્યાય આપવાની ખાતરી આપી છે.પોલીસના જણાવ્યા અનુસાર એ વિસ્તારમાં સેલિબ્રિટીઝનાં ફાર્મ હાઉસ હોવા ઉપરાંત અનેક સિનિયર સિટિઝન્સ પણ નિવૃત્તિ ગાળવા ત્યાં આવતાં હોય છે. આથી, બિજલાની સાથે અન્યોની સુરક્ષા વિષે પણ આ ઘટનાએ પ્રશ્નો ઊભાં કરી દીધાં છે.

જોકે, વાત અહીં અટકતી નથી. બિજલાનીએ પોતાની સુરક્ષા માટે હવે ગન માટેનું લાઈસન્સ પણ માગ્યું છે. તેને ડર છે કે ભવિષ્યમાં જો તેની હાજરીમાં જો આવી ઘટના થશે તો? ■


કટ એન્ડ ઓકે...



***HRX** ફિલ્મ્સનાં બેનર હેઠળ હૃતિક રોશનની પહેલવહેલી વેબસિરીઝ એમેઝોન પ્રાઈમ પર જોવા મળશે, પરંતુ તેમાં હૃતિક જોવા નહીં મળે.*

## પ્રકરણ-૩૪

અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઈમ કથા...




યોગેશ સી પટેલ

'તમે વગર વાંકે મને બદનામ કરી દીધો છે... મારું પોલિટિકલ કરિયર દાવ પર લાગી ગયું છે!' વિધાનસભ્ય ગુલાબરાવ જાંભુળકર ગુસ્સાની સાથે નર્વસ જણાતા હતા.

ડ્રગ્સ તસ્કર સલ્લુ સાથે સાઠગાંઠના વિરોધી પક્ષ નેતા ગજાનન બાપટે કરેલા આરોપો પછી મીડિયા જાંભુળકર પાછળ આદું ખાઈને પડી ગઈ હતી. જાંભુળકરનું ડ્રગ્સ કનેક્શન જોડવામાં આવતું હતું. આ બધાથી કંટાળેલા જાંભુળકર ખુલાસો કરવા તેમના પીએ પ્રસન્ન ચૌધરી સાથે જાતે પોલીસ સ્ટેશને આવ્યા હતા.

સિનિયર ઈન્સ્પેક્ટર અશોક ગાયકવાડે ઈન્સ્પેક્ટર ચંદ્રેશ ગોહિલને પોતાની કૅબિનમાં બોલાવી લીધો હતો, જ્યાં જાંભુળકર સાથે ચર્ચા ચાલુ હતી.

'હું એ ભલામણ પત્ર વિશે કંઈ જાણતો નથી. મારી બેદરકારી માત્ર એટલી છે કે મેં આ ચૌધરી પર ભરોસો રાખીને વાંચ્યા વિના પત્ર પર હસ્તાક્ષર કરી દીધા!' જાંભુળકરે સ્પષ્ટતા કરી.

'તમે સલ્લુને નથી ઓળખતા?' ગોહિલે કરેલા પ્રશ્નથી જાંભુળકર ઉશ્કેરાયા.

'કેટલી વાર કહું કે હું એ સલ્લુ... બલ્લુને નથી ઓળખતો અને ક્યારેય તેને મળ્યો પણ નથી!'

'તમે બેદરકારીથી પત્ર સાઈન કર્યાની વાત કરતા હતા... એ અંગે પ્રકાશ પાડશો?' જાંભુળકરને શાંત પાડવા ગાયકવાડે વાત વાળી લીધી.

'હંમેશ મુજબ લેટર ટાઈપ કરાવીને ચૌધરી લાવ્યો હતો. મેં વિશ્વાસ રાખી સાઈન કરી, બસ!'

'એનો મતલબ આ ચૌધરીની સલ્લુ સાથે દોસ્તી હતી?' ગોહિલે ચૌધરી તરફ જોતાં કહ્યું.

ખુરશી પર બેઠાં બેઠાં પણ ચૌધરીનાં અંગ હલતાં હતાં કે પછી આકરા સવાલથી તે ધ્રૂજી ઊઠ્યો એ જાણવું મુશ્કેલ હતું.

'નહીં... સા'બ! મૈં ભી ઉસે નહીં જાનતા. મૈંને તો ગરીબ કો મદદ કરને કી મુરાદ સે યહ કિયા!' ચૌધરી હિન્દીમાં જ વાત કરી શકતો.

'મતલબ? કરોડો કા ડ્રગ્સના ધંધા કરનેવાલા ગરીબ!' ગોહિલે ટોણો માર્યો.

'ઉસ વક્ત મૈં નહીં જાનતા થા કી સલ્લુ ડ્રગ્સ કા ધંધા કરતા હૈ. ઔર મુઝે તો ડૉક્ટર પાઠક... આયુષ પાઠક કા લેટર કે લિયે ફોન આયા થા!' ચૌધરીએ નવો ધડાકો કર્યો.

'ડૉક્ટર પાઠકને બતાયા થા કિ ડૉક્ટર મંદિરાને યે પેશન્ટ કો ફાઈનાન્શિયલ હેલ્પ કરને બોલા હૈ!' ચૌધરીની માહિતી પરથી ફરી શંકાની સોય ડૉ. મંદિરા તરફ વળી.

'ડૉક્ટર મંદિરા સે આપને ખુદ બાત કી થી?' ગોહિલનો મહત્ત્વનો સવાલ.

'નહીં... મેરી ઉનસે કોઈ બાત નહીં હુયી થી!'

'આ પણ સાવ ગધેડો છે, ઑફિસર!' ચૌધરી તરફ આંગળી ચીંધતાં જાંભુળકર બોલ્યા.

જાંભુળકરે અધિકારીઓ સમક્ષ ગધેડો કહી અપમાન કરતાં ચૌધરીનાં અંગ ફરી વાંકાંચૂંકાં થવા લાગ્યાં.

'પૂરતી ચકાસણી વિના ઓવર કોન્ફિડન્સથી કામ કરે છે!' જાંભુળકરે કહ્યું.

'ઓવર કોન્ફિડન્સ નહીં... સર. ડૉક્ટર પાઠક કે સાથ અચ્છી પહચાન હૈ ઈસલિયે ભરોસા કિયા ઔર કોઈ જાંચપડતાલ નહીં કી!' રહેવાયું નહીં એટલે ચૌધરીએ ચોખવટ કરી.

'ડૉક્ટર પાઠક આપ કે પહચાનવાલે... રિસ્તે મેં લગતે હૈ!' ગાયકવાડે નસ દબાવી.

'નહીં... રિસ્તે મેં નહીં, લેકિન વહ મેડિકલ કેમ્પ ઔર ચૅરિટી મેં કોઈ પ્રોગ્રામ કરતે હૈ તબ મુલાકાત હોતી હૈ!' ચૌધરી વાતને ફેરવવા લોચા વાળતો હોવાનું લાગ્યું.

'ઠીક હૈ...' ગોહિલ કંઈ બોલે તે પહેલાં જાંભુળકરે કહ્યું:

'મારી વિનંતી છે કે તમે એક વાર મીડિયા સામે આ ખુલાસો કરી દો... એટલે મીડિયા મારું નામ સંડોવવાનું બંધ કરી દે!'

'જય મહારાષ્ટ્ર... આમ્હી નાહી ભ્રષ્ટ!' કહીને ચૌધરી સાથે જાંભુળકર કૅબિન બહાર નીકળ્યા.

* * * *

'આ તબક્કે આટલો હોબાળો મચાવવાની જરૂર નથી... થોડી રાહ જોઈએ. બની શકે કે વાત આગળ વધે જ નહીં!' ડૉ. સંયમ ઈમાનદાર સમજાવી રહ્યા હતા.

'પોલીસના હાથ અમારી નજીક તો પહોંચી ગયા... હવે શું ગળા સુધી પહોંચવાની રાહ જોવી છે, જેથી ગળું દબાવી દે!' ડૉ. વિશ્વાસ ભંડારી આવેશમાં બોલી રહ્યા હતા.

'માહિતી લેતી વખતે થોડી પૂછપરછ થતી હોય છે... એમાં આટલા ડરવાની જરૂર નથી!' ડૉ. ઈમાનદારે કહ્યું.

પોલીસ પૂછપરછ પછી ડૉ. ભંડારી અને ડૉ. મંદિરા ગુસ્સામાં હતાં. પોલીસ પર દબાણ લાવીને હવે પછી પૂછપરછ ન થાય એ માટે ડૉ. ઈમાનદાર સાથે મીટિંગ ગોઠવી હતી. ડૉ. ઈમાનદાર પોલીસ ડૉક્ટર તરીકે ઓળખાતા હતા.

'તમને ફરક નથી પડતો, ડૉક્ટર, તમારો વારંવાર પોલીસ સાથે પનારો પડતો હોય છે!' ડૉ. મંદિરાએ ચર્ચામાં ઝુકાવ્યું.

'અમારે અમારી ઈમેજ જાળવવાની છે... તમે તો જાણો છો કે પોલીસ મળવા આવે તોય બધા શંકાની નજરે જોતા થઈ જાય છે... કોઈ ગુનો કર્યા વિના જ અમને સજા મળશે!' ડૉ. મંદિરાએ ચિંતા વ્યક્ત કરી.

'આપણે આ બધામાં ઈન્વોલ્વ નથી તો પછી ચિંતા શા માટે કરવી? પોલીસનું કામ જ છે બધા પર શંકા કરવાનું!' ડૉ. કુશલ સહાણેએ પણ અભિપ્રાય આપ્યો.

જાણીતા હાર્ટ સ્પેશિયલિસ્ટ ડૉ. સહાણે ડૉ. ઈમાનદારના મિત્ર હતા અને તેમની હૉસ્પિટલમાં પ્રેક્ટિસ પણ કરતા હતા.

'હું પણ તો એ જ કહું છું કે પોલીસને તેનું કામ કરવા દો... જરૂર પડ્યે આપણે યોગ્ય નિર્ણય લઈશું!' ડૉ. ઈમાનદારે મામલો શાંત પાડવા કહ્યું.

'આ બધી ચર્ચા બંધ કરો અને એ નક્કી કરો કે હવે આપણે શું કરવાનું છે?' ક્યારના બધાની વાતો સાંભળી રહેલા ડૉ. મૃત્યુંજય હિરેમઠે કહ્યું.

'શું કરવાનું એટલે? આપણે યુનિયનની મદદ લઈને ડૉક્ટરોની હડતાળ જાહેર કરીશું!' ડૉ. ભંડારીએ ફરી આવેશમાં કહ્યું.

'પહેલાં હું પોલીસ સાથે વાત કરી જોઉં છું... પછી હડતાળનું વિચારીશું.' ડૉ. ઈમાનદારે સૂચવ્યું.

'પણ પોલીસ સ્ટેશનમાં થયું શું કે તમે મોટો ઇશ્યૂ બનાવી રહ્યા છો?' આખરે ડૉ. આયુષ પાઠકે પૂછ્યું.

'એક નહીં, અનેક સવાલોથી અમને ઘેરવાનો પ્રયાસ કર્યો છે... એમાં ડ્રગ્સ તસ્કર સલ્લુને ઑપરેશનની ફી માટે ભલામણ પત્રનો પણ સવાલ સામેલ હતો!' ડૉ. મંદિરાએ ઇરાદાપૂર્વક ડૉ. પાઠક તરફ જોતાં કહ્યું.

'એ પત્ર માટે તો મેં જ વિધાનસભ્ય જાંભુળકરના પીએ ચૌધરીને ફોન કર્યો હતો!' હવે ડૉ. પાઠકની ચિંતા વધી.

'જાણવા મળ્યું છે કે જાંભુળકર આજે જાતે ચૌધરી સાથે પોલીસ સ્ટેશને ગયા હતા... કદાચ પત્ર અંગે ખુલાસો કરવા.' ડૉ. હિરેમઠે ડૉ. પાઠકની ચિંતા વધારી.

'કોઈ દરદીની મદદ કરવી ગુનો છે? મેં ડ્રગ્સ તસ્કર નહીં, દરદીને આર્થિક મદદ કરવા વિનંતી કરી હતી!' ડૉ. પાઠકે કપાળે હાથ મૂકતાં કહ્યું.

> **પોલીસના હાથ અમારી નજીક તો પહોંચી ગયા... હવે શું ગળા સુધી પહોંચવાની રાહ જોવી છે, જેથી ગળું દબાવી દે!**

પછી ધીરે ધીરે તેમનો હાથ ગળા પર ગયો: 'મેં ભલામણ પત્ર માટે કૉલ કર્યો હતો... લાગે છે, હવે પોલીસનો ગાળિયો મારા ગળે જ ભેરવાશે!'

* * * *

વિધાનસભ્ય જાંભુળકર ગયા પછી કેસને લગતી અમુક ચર્ચા પતાવ્યા છતાં ગોહિલ ખુરશીમાંથી ઊઠવાનું નામ નહોતો લેતો એનું ગાયકવાડને આશ્ચર્ય હતું. ખુરશીમાં બેઠાં બેઠાં જ એસીની ઠંડકમાં થોડો આરામ કરવાનું ગાયકવાડ વિચારતા હતા, પણ ગોહિલને કૅબિન બહાર જવાનું કઈ રીતે કહેવાય? વારંવાર ગોહિલ અને દીવાલ પર લગાડેલી ઘડિયાળને જોઈ ગાયકવાડ અવઢવમાં હતા.

'કોઈ ગડમથલમાં છે, ગોહિલ?' ગોહિલ ટાઈમ પાસ કરવા એસીમાં બેસી રહે એવો નહોતો એટલે ગાયકવાડે જ વાત છેડી.

'ના... તમને એવું શેના પરથી લાગ્યું?' ગોહિલે અચરજથી પૂછ્યું.

'ચૂપચાપ બેઠો છે તો મને લાગ્યું, કોઈ ગંભીર વિચાર કરી રહ્યો છે!'

'એવું કંઈ નથી... હું ડૉક્ટર માજીવડેની રાહ જોઉં છું!' ગોહિલે ખુલાસો કર્યો.

'કૂપરવાળા ડૉક્ટર ભાવિક માજીવડે? અહીં આવી રહ્યા છે?' ગાયકવાડને ફરી આશ્ચર્ય થયું.

મુંબઈ મહાનગરપાલિકા સંચાલિત કૂપર હૉસ્પિટલના સિનિયર ડૉક્ટરોમાંના એક હતા ડૉ. માજીવડે. પોસ્ટમોર્ટમ ડિપાર્ટમેન્ટના હેડ પણ ખરા. આરેના કેસમાં લાશોનું પોસ્ટમોર્ટમ કરનારી ટીમનું નેતૃત્વ કરતા હતા. કામની વ્યસ્તતાને કારણે ફાજલ ચર્ચા માટે તેમની પાસે સમય નથી હોતો. અત્યારે ડૉ. માજીવડે ગોહિલને મળવા છેક આરે આવવાના હતા!

'હું પછી ઉપર કૅબિનમાં હતો ત્યારે તેમનો કૉલ આવ્યો હતો... અને હમણાં ફરી મેસેજ આવ્યો કે રસ્તામાં છે... પાંચ-દસ મિનિટમાં પહોંચી જશે એટલે મેં તેમને અહીં જ મળવાનો મેસેજ કર્યો છે.'

પછી વિવેક દેખાડતાં ગોહિલે કહ્યું: 'સૉરી... મેં તમને પૂછ્યું નહીં... તમારી કૅબિનમાં જ આપણે મળીએ તો કોઈ વાંધો નથીને?'

'અરે, ના યાર! આ તો ડૉક્ટર ખુદ આવી રહ્યા છે એનું મને અચરજ છે!' ગાયકવાડે મનની વાત કરી.

'ડૉક્ટરને કામ માટે કાંદિવલી જવાનું છે એટલે તેમણે મને કહ્યું કે તમને મળતો જાઉં!'

ગાયકવાડે 'ઓકે' કહ્યું ત્યારે દરવાજે ટકોરા મારી કોન્સ્ટેબલ નામદેવ દળવી કૅબિનમાં આવ્યો.

'સર... ડૉક્ટર માજીવડે આવ્યા છે.'

'તો પૂછવા શું આવ્યો... એમને અંદર મોકલ!' ગાયકવાડે કહ્યું.

'ઓ હો... બબ્બે મહારથી એક સાથે!' કૅબિનમાં પ્રવેશતાં જ માજીવડેએ ટીખળ કર્યું.

'અહીં રથ જ નથી તો મહારથી શેના, ડૉક્ટરસાહેબ!' ખુરશી પર બેસવાનો ઇશારો કરતાં ગોહિલે પણ એવી જ અદામાં કહ્યું.

'એટલે?' હસતાં હસતાં માજીવડેએ પૂછ્યું.

'અમારી બોલેરો કદમ લઈ ગયો છે. જમીનમાંથી શબ મળ્યાં એ સ્થળે નિરીક્ષણ માટે જાઉં છું, કહીને ટીમ લઈને ગયો છે!' ગોહિલે હાસ્ય સાથે કહ્યું.

'અચ્છા... તો રથ યુનિટ સોળમાં ગયો છે!' ડૉ. માજીવડેએ આંખ મિચકારી.

'અમારું પણ એવું જ છે... એક ટીમ પેટ્રોલિંગ પર છે, જ્યારે કામત બોરીવલીમાં નૅશનલ પાર્ક ગયો છે... વન વિભાગના અધિકારીને મળવા.' ગાયકવાડે તેમની ટીમ વિશે કહ્યું.

'વન વિભાગ? જંગલમાં ફરી જમીન ખોદવાના છો?' માજીવડેને આશ્ચર્ય થયું.

'ના... ના. ડૉક્ટરસાહેબ... તમે નવી રામાયણ ઊભી ન કરો! ખોદવાનો તો હવે વિચાર જ ન થાય, જોડવાનો જ વિચાર કરવાનો છે!' ગાયકવાડ ઉતાવળે બોલ્યા.

'એ તો દીપડાએ આતંક મચાવી રાખ્યો છે એટલે પાંજરું ગોઠવવાની કામગીરી વહેલી કરાવવા કામત ત્યાં ગયો છે!' ગાયકવાડે સ્પષ્ટતા કરી.

'તમે જોડવાની વાત કરી એ શું?' ડૉ. માજીવડે ન સમજ્યા.

'બધી કડી જોડવાના પ્રયત્ન ચાલી રહ્યા છેને... ગાયકવાડસાહેબ એની વાત કરે છે!' જવાબ ગોહિલે આપ્યો.

'અરે... હા. કોઈ સફળતા મળી કે નહીં તમારા કેસમાં?'

'એના જ પ્રયાસ ચાલુ છે. બધી ઘટનાઓ વેરવિખેર લાગે છે... તેને જોડતી કડીઓ નથી મળતી!' ગોહિલે ચિંતા વ્યક્ત કરી.

'હું પણ એ વિશે જ વાત કરવા આવ્યો હતો.' ડૉ. માજીવડેની વાતથી ગોહિલ અને ગાયકવાડ બેઠાં બેઠાં જ ટટ્ટાર થઈ ગયા.

'ફોરેન્સિક નિષ્ણાતો સાથે મારી મીટિંગ થઈ હતી. તેમણે વિચિત્ર અભિપ્રાય આપ્યો. તેમના કહેવા મુજબ કોઈની બન્ને કિડની તો કોઈનું લિવર.. કોઈનું હાર્ટ ગુમ છે.'

ફાટી આંખે ગોહિલ અને ગાયકવાડ ડૉક્ટરને જોતા હતા.

'તમે સમજ્યા, હું શું કહેવા માગું છું?' ડૉ. માજીવડેએ પૂછ્યું, પણ ગોહિલ-ગાયકવાડમાંથી કોઈએ પ્રતિભાવ ન આપ્યો.

ડૉ. માજીવડેએ જ બોલવા માંડ્યું: 'લાશમાંથી માનવજીવન માટે જરૂરી અવયવો ગાયબ છે... એટલે કે કોઈને જીવન આપવા માટે આ લોકોના જીવ લેવામાં આવ્યા છે!'

'વ્હૉટ?'

'હા... તમારે તપાસ માટે બીજો મોરચો માંડવો પડશે!' ડૉ. માજીવડેએ અણસાર આપ્યો.

'અહીં તો મોરચા જ મોરચા છે, ડૉક્ટરસાહેબ!' ગાયકવાડે કહ્યું.

'...પણ આ મોરચે તમારી ઘણી કસોટી થશે, ઑફિસર! ફોરેન્સિક નિષ્ણાતનો અભિપ્રાય છે કે આ લોકોનાં શરીરમાંથી અવયવો એટલા પ્રોફેશનલ રીતે કાઢવામાં આવ્યાં છે કે...'

'કે... શું?'

'આ માનવ અવયવોની તસ્કરીનું રૅકેટ જણાય છે!' (ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

**વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

### ભાષા વૈભવ...

મરાઠી-ગુજરાતીની જોડી જમાવો

| A | B |
|---|---|
| कांडी | ખભો |
| काँजी | કદાચ |
| काँध | પ્રવાહી પદાર્થ |
| काय | દીવાસળી |
| काश | શરીર |

### ઓળખાણ પડી?

'મહાભારત' સિરિયલમાં દૂર્યોધનનો રોલ કરનારા એક્ટરની ઓળખાણ પડી? અમિતાભ બચ્ચનના 'કુલી' ફિલ્મના શોટથી નામ ચર્ચિત બન્યું હતું.



અ) ગજેન્દ્ર ચૌહાણ બ) પુનિત ઈસ્સાર ક) પંકજ ધીર ડ) નીતિશ ભારદ્વાજ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ દ | સ્તા | ૨ વે | ૩ જ | | ૪ ચો | ૫ ગ | ર | ૬ દ | ૭ મ |
| ર | | ૮ ગ | ગ | ૯ ન | | ડ | | ૧૦ મ | હા |
| ૧૧ ખા | ર | વા | | ૧૨ કા | પા | | ૧૩ ક | | ન |
| સ્ત | | ૧૪ ન | ૧૫ ગ | ર | સે | વ | ક | | ગ |
| | ૧૬ આ | | ૧૭ ર | વા | ના | | ૧૮ ડ | ગ | ર |
| | ૧૯ ક | ૨૦ ચ | ક | ચ | | ૨૧ વિ | ભૂ | | પા |
| ૨૨ અ | સ્મિ | તા | | ક | | ૨૩ પ | સ | | લિ |
| ૨૪ વા | ક | | ૨૫ ચ | | ૨૬ ક | ર્યા | | ૨૭ ફાં | કા |
| ચ | | ૨૮ સ | મ | ૨૯ ચો | ર | સ | | ક | |
| ૩૦ ક | ર | મ | ક | થ | ની | | ૩૧ ગાં | ડી | વ |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | ૫ | ૬ | | ૭ |
| ૮ | | | | | ૯ | | | | |
| | | ૧૦ | | | | | ૧૧ | ૧૨ | |
| ૧૩ | ૧૪ | | | | | ૧૫ | | | |
| | ૧૬ | | | ૧૭ | | | | ૧૭-અ | ૧૮ |
| ૧૯ | | | ૨૦ | | | ૨૧ | ૨૨ | | |
| ૨૩ | | | | | | | | | |
| ૨૪ | | | ૨૫ | | | ૨૬ | | ૨૭ | |
| | | ૨૮ | | | | | | ૨૯ | ૩૦ |
| ૩૧ | | | | | ૩૨ | | | | |

**આડી ચાવી**

૧. મુક્તિ, છૂટકો (૪)
૪. રણપ્રદેશ (૫)
૮. જુલાબ (૨)
૯. મશ્કરી (૩)
૧૦. વધ કરવાની જગા, કતલખાનું (૪)
૧૧. શોભા, તેજ, ભપકો (૩)
૧૩. શુદ્ધ, તદ્દન (૪)
૧૬. શક, સંવત (ખ્રિસ્તી કે હિજરી) (૨)
૧૭. ગૂઢ, ઇન્દ્રિયાતીત, ભવિષ્ય (૩)
૧૭અ. ઓછું, ખરાબ (૨)
૧૯. સંગીતનું સાધન (જો.છૂ.) (૨)
૨૦. છેડેથી વાળેલો ખીલો (૨)
૨૧. એકદમ નવું (૪)
૨૩. વીતક કથા (૬)
૨૪. ચણોઠી જેટલું કદ કે વજન (૨)
૨૫. પૈસો (અં.) (૨)
૨૬. પરવાનો, અધિકાર પત્ર (૩)
૨૯. અદાલતના હુકમ માટેની અરજી (૨)
૩૧. હાલકડોલક (૪)
૩૨. બાળક તો --- જ હોય (૫)

**ઊભી ચાવી**

૧. નાટક દ્વારા આવેગોનું શમન (૪)
૨. મચકોડ (૨)
૩. અધમ પુરુષ (૪)
૪. શાંતિ, સુખચેન, આરામ (૩)
૫. હવે તમે --- આપો તો હું જાઉં (૨)
૬. મને બલિનો --- ના બનાવો (૩)
૭. દોજખ, જહન્નુમ (૩)
૧૦. ચહેરો, સૂરત (૩)
૧૨. નાજુકાઇ (૪)
૧૪. રસભરી (૫)
૧૫. શાંત પડવું કે પાડવું તે (૩)
૧૭. કહેવું અશક્ય હોય તેવું (૫)
૧૮. મૃત્યુ (૩)
૧૯. મરાઠીમાં વેવિશાળને --- કહે (૫)
૨૦. આજ્ઞા, ફરમાન (૩)
૨૨. વેણ, પ્રતિજ્ઞા, સંખ્યા (૩)
૨૬. માશૂક, પ્રિયા, પ્રેયસી (૩)
૨૭. સમુદ્રો (૩)
૨૮. મોટો, મુખ્ય, ઉપરી (૨)
૩૦. ટળવુંનું આજ્ઞાર્થ (૨)

### ગુજરાત મોરી મોરી રે

સાત વર્ષ પહેલા આવેલી મરાઠી ફિલ્મની ગુજરાતી રીમેક 'નટસમ્રાટ'માં હિરોઈનની ભૂમિકા કઈ અભિનેત્રીએ કરી હતી એ જણાવો.

અ) પિંકી પરીખ બ) આરોહી પટેલ
ક) સુપ્રિયા પાઠક ડ) દીપિકા ચિખલિયા

### જાણવા જેવું

રાજશ્રી પ્રોડક્શન્સની ફિલ્મોમાં કામ કરી 'રામાયણ' ટીવી સિરિયલમાં ભગવાન રામનો રોલ કરી અમાપ લોકપ્રિયતા મેળવનાર અરુણ ગોવિલ પ્રત્યે જાહેર જીવનમાં પણ રામ જેવો ભાવ રાખવામાં આવતો હતો. અરુણ ગોવિલને સિગારેટનું વ્યસન હતું, પણ એક વાર પ્રશંસકે જોઈ લીધા બાદ એવા કટુ વચનો કહ્યાં કે સિગારેટનું વ્યસન છૂટી ગયું.

### સુડોકુ-૯૧૧૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | | ૪ | ૮ | | ૬ | | |
| | ૪ | | ૭ | ૩ | | | | ૨ |
| ૧ | ૭ | ૨ | | ૯ | | | | |
| | ૫ | ૭ | ૯ | | | | | ૧ |
| | | ૧ | ૨ | | ૬ | ૪ | | |
| ૪ | | | | | ૭ | ૯ | ૫ | |
| | | | | ૨ | | ૧ | ૬ | ૯ |
| ૯ | | | | ૭ | ૪ | | ૮ | |
| | | ૫ | | ૬ | ૯ | | ૩ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૧૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૯ | ૪ | ૫ | ૬ | ૭ | ૨ | ૮ | ૧ |
| ૮ | ૨ | ૬ | ૯ | ૩ | ૧ | ૭ | ૪ | ૫ |
| ૭ | ૫ | ૧ | ૮ | ૪ | ૨ | ૩ | ૬ | ૯ |
| ૧ | ૩ | ૭ | ૨ | ૮ | ૬ | ૯ | ૫ | ૪ |
| ૫ | ૮ | ૯ | ૪ | ૧ | ૩ | ૬ | ૨ | ૭ |
| ૪ | ૬ | ૨ | ૭ | ૫ | ૯ | ૮ | ૧ | ૩ |
| ૯ | ૪ | ૫ | ૩ | ૨ | ૮ | ૧ | ૭ | ૬ |
| ૬ | ૭ | ૮ | ૧ | ૯ | ૫ | ૪ | ૩ | ૨ |
| ૨ | ૧ | ૩ | ૬ | ૭ | ૪ | ૫ | ૯ | ૮ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

૩૫ વર્ષ હિન્દી ફિલ્મોમાં વિવિધ પ્રકારની ભૂમિકા કરનારાં અભિનેત્રી આશા પારેખે કઈ ટીવી સિરિયલનું નિર્માણ - દિગ્દર્શન કર્યું હતું ?

અ) હમ પાંચ બ) ચંદ્રકાંતા ક) કરમચંદ ડ) કોરા કાગઝ

### નોંધી રાખો

એક વાત કાયમ યાદ રાખજો કે સુખ તો સવાર જેવું હોય છે જે માંગવાથી નથી મળતું, પણ જાગવાથી અવશ્ય મળી રહે છે.

### માઈન્ડ ગેમ

૧૯૪૦ના દાયકામાં કઈ અભિનેત્રીએ ફિલ્મમાં સીતાનો રોલ કર્યો હતો એ આપેલા વિકલ્પોમાંથી શોધીને જણાવો.

અ) લીલા મિશ્રા બ) શોભના સમર્થ
ક) દુર્ગા ખોટે ડ) સુલોચના

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| हंगामा | તોફાન |
| हँसोड | મશ્કરો |
| हकलाना | તોતડાવું |
| हकूमत | શાસન |
| हलकारा | ટપાલી |

ઓળખાણ પડી? કુલભૂષણ ખરબંદા

માઈન્ડ ગેમ અમર પ્રેમ

ચતુર આપો જવાબ માથું ખંજવાળો આજા નચલે

ગુજરાત મોરી મોરી રે વીર માંગડાવાળો

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) ભારતી બુચ (૪) તાહેર ઔરંગાબાદવાલા (૫) શીરીન ઔરંગાબાદવાલા (૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૭) મુલરાજ કપૂર (૮) રશીક જુથાણી - કેનેડા - ટોરંટો (૯) પુષ્પા પટેલ (૧૦) સુભાષ મોમાયા (૧૧) લજિતા ખોના (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) હર્ષા મહેતા (૧૪) કિરીટ છેડા (૧૫) શ્રદ્ધા આશર (૧૬) મીનળ કાપડિયા (૧૭) મહેશ સંઘવી (૧૮) જ્યોતિ ખાંડવાલા (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) જયવંત પદમશી ચિખલ (૨૪) મહેશ દોશી (૨૫) વિપીન શાહ (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) અરવિંદ કામદાર (૨૮) કમલ માતલિયા (૨૯) નૂતન વિપીન શાહ (૩૦) વિણા સંપટ (૩૧) ભાવના કર્વે (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) અંજુ ટોલિયા (૩૪) મહેન્દ્ર લોઢાવિયા (૩૫) ડાયના સંતોકે (૩૬) નીતા દેસાઈ (૩૭) ગિરીશ બાબુબાઈ મિસ્ત્રી (૩૮) નયના ગિરીશ મિસ્ત્રી (૩૯) જ્યોત્સના ગાંધી (૪૦) હિનાબેન દલાલ (૪૧) ઈનાક્ષીબેન દલાલ (૪૨) રમેશભાઈ દલાલ (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) ધીરેન્દ્ર મુલરાજ (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** ૧) સૌગંદ - રાજ સિપ્પી, ૨) ફૂલ ઔર કાંટે - કુકુ કોહલી, ૩) રજનીગંધા - બસુ ચેટરજી, ૪) વિકી ડોનર -શૂજીત સરકાર, ૫) ઇશકઝાદે - હબીબ ફૈઝલ, ૬) હિમાલય પુત્ર - પંકજ પરાશર, ૭) રેફયુજી - જે પી દત્તા

**ક્વિઝ (બ)** ૧) જલતે હૈ જિસકે લિયે તેરી આંખો કે દીયે ઢૂંઢ, ૨) મૈં યહાં તું વહા ઝીંદગી હૈ કહાં, તું હી તું હૈ સનમ, ૩) જીધર દેખું તેરી તસ્વીર નઝર આતી હૈ તેરી સુરત, ૪) મુજે રાત દિન બસ મુજે ચાહતી હો, કહો ના કહો, ૫) જબ આયે તેરી યાદ મૂડ કે જાતિ નહીં સજના અબ, ૬) તન્હા દિલ ગભરાતા હૈ મીઠાં દર્દ જગાતા હૈ, ૭) નીંદ ઉડ જાયે તેરી ચૈન સે સોને વાલે યે દુઆ માગતે ખાન

**ફિલ્મનામા**
**નરેશ શાહ**

# કર્મયુદ્ધ : ઓટીટી પર મહા (ભારત) સાગા




'શરાફત કે કપડેં ઉતરતે હૈ તો સબ સે જ્યાદા મઝા શરીફો કો હી આતા હૈ!' આવો 'ડર્ટી પિકચર' ફિલ્મનો ડાયલોગ માનવ મનના તળિયામાં પડેલા શાશ્વત ગંદવાડ તરફ ઇશારો કરે છે. દંભ, ઇર્ષા, ખૂન્નસ, બદલાની ભાવના, પછાડી દેવાની પ્રકૃતિ માણસ માત્ર માઇન્ડ બિલ્ટ હોય છે. પણ જાહેરમાં એ વિવેક-દંભનો મુખવટો પહેરીને ફરતાં હોય છે, પરંતુ અંગત લોકો સામે એ ઉઘાડો થઇ જતો હોય છે. તેથી જ એ સનાતન સત્ય રહ્યું છે કે અંગતજનો જ આસ્તીનનો સાપ બનતાં હોય છે.

ડિઝની-હોટસ્ટાર પર જોવા મળતી ડિરેક્ટર રવિ (ગૌતમ) અધિકારીની વેબ સિરીઝ 'કર્મયુદ્ધ' આ જ સચ્ચાઇ તળે ઘેરી લાલ લાઇન દોરી આપે છે. 'કર્મયુદ્ધ' આજનું મહાભારત છે અને એ જોતી વખતે તમને શ્યામ બેનેગલની 'કલયુગ' (૧૯૮૧) અને પ્રકાશ ઝાની 'રાજનીતિ' (૨૦૧૦)ની સતત યાદ અપાવતી રહે છે, છતાં કહેવું પડશે કે 'કર્મયુદ્ધ' આ બન્ને ફિલ્મ કરતાં મોટા ગજાની અને વિવિધ પડળ (લેયર) ધરાવતી મહાગાથા સમી વેબસિરીઝ છે.

કલકત્તા, બંગાળના ઉચ્ચ ઔદ્યોગિક, 'રોય-ઘરાના'માં અંદરોઅંદર ચાલતી ખટપટ, છિનાઝાપટી, પાવર-પ્રેમના કારણે ખેલાતાં પ્રપંચ અને ષડયંત્રોને ડિરેક્ટર રવિ અધિકારી (ઢીચ પતંગે ફેઇમ) એ ખૂબસૂરતીથી ફિલ્માવ્યાં છે. એમ કહી શકાય કે ડિરેક્ટર કેરિયરના આરંભે જ અઘરી પરીક્ષા આપીને ફૂલ્લી પાસ થયા છે. કૌટુંબિક-કકળાટ આમ પણ ભારતીય માનસને ગળથૂથીમાં મળે છે અને એમાંય રિચી-રિચ એમ્પાયરમાં (અંબાણીઓને કોણે યાદ કર્યા?) ખટરાગ થાય ત્યારે એ વધુ રસદાર બની જતો હોય છે... સ્વર્ગસ્થ ઉદ્યોગપતિ યશ રોય છોડી ગયેલા એમ્પાયરની સંપૂર્ણ બાગડૌર પોતાના હાથમાં રાખવા માટે તેમના બન્ને પુત્ર ભીષમ રોય અને વર્ધાન રોય વચ્ચે વૈમનસ્ય પ્રસરી ગયું છે. જોકે વર્ધાન રોય એક અકસ્માત પછી 'વેજીટેબલ અવસ્થા' (કોમા જેવી કન્ડિશન)માં હોવાથી તેની પત્ની ઇન્દ્રાણી રોયે જેઠ સામે છૂપો જંગ શરૂ કરી દીધો છે.

હાથીઓની લડાઇમાં વૃક્ષોનો ખો નીકળે તેમ ભીષમ રોય અને ઇન્દ્રાણી રોય વચ્ચેની લડાઇમાં સતત ઘણાં બધાંનો કચ્ચરઘાણ નીકળતો જાય છે અને પહેલાં જ એપિસોડથી આપણને ખબર પડી જાય છે કે, રોય ગ્રૂપ ઓફ ઇન્ડસ્ટ્રીઝની એક સાઇટ પર કામ કરતાં ચાલીસ વર્કરોને અંધાધૂંધ ગોળીબારથી ખતમ કર્યા પછી આગ લગાવીને ફૂંકી મારવામાં આવ્યા છે. બંગાળ પોલીસ તેને નક્સલીઓનું પરાક્રમ ગણાવી દે છે પણ ઇન્દ્રાણી રોય આ ઘટનાનો પોતાની તરફેણમાં લાભ ઉઠાવવાના પેંતરા શરૂ કરે છે. હત્યાકાંડ મોટો હોવાથી દિલ્હીથી ઇન્ટેલિજન્સ બ્યૂરો તેની તપાસ માટે કલકત્તા પહોંચ્યું છે તો ... દૂર આસામમાં ચાના બગીચા ધરાવતા ગુરુ શાસ્ત્રીને પણ તેમાં રસ પડયો છે. આ હત્યાકાંડમાં પોતાનું નામ આવતા બંગાલના નકસલીઓ ય ઉશ્કેરાયેલાં છે તો કોલેજના યુવા નેતા પણ પરિજનો ગુમાવનારાઓના ચાલીસ પરિવારના સપોર્ટમાં આવી ગયા છે. આ યુવાનોનો નેતા ગુરુ શાસ્ત્રીનો દીકરો સમર શાસ્ત્રી છે. જેનો મિત્ર ઇન્દ્રાણી રોયનો જ પુત્ર અભિમન્યુ રોય પણ છે...

આ આખા ધમસાણમાં 'ડેમોક્રેસી' નામની ચેનલનો હેડ આદેશ બાગચી પણ છે, જે ઈન્દ્રાણી રોયની ફેવરમાં 'બ્રેકિંગ ન્યૂઝ અને વ્યૂઝ' આપતો રહે છે તો આસામમાં રહેતા ગુરુ શાસ્ત્રી માટે પ્રસિદ્ધ ન્યૂઝ-બ્લોગર ફિઝા અયુબી પોતાના પોઈન્ટ-ઑફ વ્યૂહ અને સ્કૂપ અપલોડ કરતી રહે છે...

'કર્મયુદ્ધ' વેબ-સિરીઝમાં અનેક મોરચા અને દરેક મોરચાના પોતપોતાના યુદ્ધ ચાલે છે અને સ્ક્રીન-પ્લે-ડાયલોગ રાઈટર સરીમ મોમિને તેને એક માળામાં પરોવવાની કોશિશ કરી છે એટલે પ્રથમ એક-બે એપિસોડમાં દર્શકને તેમાં ગૂંથાવવા માટે પરિશ્રમ કરવો પડે છે પણ એ ડિરેક્ટરની કાબેલિયત જ છે કે તેણે વાતને અત્યંત કૂનેહપૂર્વક પેશ કરી છે. રવિ અધિકારીનો પ્લસ પોઈન્ટ એ રહ્યો છે કે તેને સતીશ કૌશિક (ભીષમ રોય), પોલી ડેમ (ઈન્દ્રાણી રોય), ચંદન રોય સન્યાલ (આદેશ બાગચી), તારા આલિશા બેરી (ફિઝા અયુબી) અને આશુતોષ રાણા (ગુરુ શાસ્ત્રી) જેવા તગડા કલાકારો મળ્યા છે. આશુતોષ રાણાને વરસો પછી સ્ક્રીન પર ઓરિજિનલ ગેટઅપ (ક્લીન શેવ્ડ)માં જોવાની મજા આવે છે તો રાજેશ ખટ્ટર (વર્ધાન રોય) એ વેબસિરીઝના નેવું ટકા પાર્ટમાં પથારીમાં પડ્યા રહેવાનો કરેલો સાહસિક અભિનય પણ નોંધનીય છે.

પાંચ કલાક (ત્રણસો એક મિનિટ) અને આઠ એપિસોડની 'કર્મયુદ્ધ' અધિકારી બ્રધર્સના હેપી ડિજિટલ હાઉસ તરફથી ડિજિટલ ડેબ્યુ જેવી વેબસિરીઝ છે પણ તેને મહાગાથાની જેમ પેશ કરવામાં આવી છે. કલકત્તાના લોંગ શોટ, હાવરા બ્રિજ પરની કાર ચેઈઝ, રોય ગ્રૂપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના કોર્પોરેટ હાઉઝના પંદર ફૂટ ઊંચા કાચના દરવાજા, ભીષમ રોયના ટેબલ પર રહેતાં પિત્તળના ચિતા સહિતના મોંટાજ 'કર્મયુદ્ધ'ને અવ્વલ દરજ્જો બક્ષે છે તો ઉમદા કલાકારો પાસેથી ધાર્યું કામ લેવાની ડિરેક્ટરની સૂઝબૂઝ અને રાઈટરે આપેલા ટર્ન એન્ડ ટ્વિસ્ટ 'કર્મયુદ્ધ' ને એકદમ રોમાંચક બનાવે છે અને છેલ્લે, ફરી યાદ કરાવવાનું કે મોટાભાગની વેબસિરીઝની જેમ 'કર્મયુદ્ધ'ની મહિલા પોલીસ ઓફિસર અહીં પણ સમલિંગી જ દેખાડવામાં આવી છે. ■

# ક્વિક ફિલ્મી ક્વિઝ

**નીલા સુનીલ મહેતા**

## ક્વિઝ (અ)

**આ કલાકારોની પ્રથમ ફિલ્મ કઈ હતી તથા એના દિગ્દર્શક કોણ હતા જાણો છો?**



૧) અક્ષય કુમાર
૨) અજય દેવગન
૩) અમોલ પાલેકર
૪)આયુષ્યમાન ખુરાના
૫) અર્જુન કપૂર
૬) અક્ષય ખન્ના
૭) અભિષેક બચ્ચન

## ક્વિઝ (બ)

**આ ફિલ્મોમાં ફોન પર ગવાતું ગીત કયું છે?**



૧) સુજાતા
૨) બાગબાન
૩) મહાન
૪) સંઘર્ષ
૫) ડ્રિમ ગર્લ
૬) ત્યાગી
૭) જુઆરી

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

**મનોરંજનનું મેઘધનુષ**
**ઉમેશ ત્રિવેદી**

# આયુષ્યમાન ખુરાનાઃ
## 'હટ કે' ફિલ્મ કરી સફળતા મેળવી પણ હવે છ વર્ષથી 'હીટ'ની આશા



'હટ કે' ફિલ્મ કરવા માટે જાણીતા એવાં આયુષ્યમાન ખુરાનાની રશ્મિકા મંદાના સાથે મલ્ટિસ્ટારર ફિલ્મ 'થમ્મા' આજે રિલીઝ થઈ રહી છે. આયુષ્યમાનની મોટાભાગની ફિલ્મો સોલો હીરો ફિલ્મ હોય છે. આ વખતે તેણે રોમાન્ટિક કોમેડી અને હોરરના મિશ્રણ સમી ફિલ્મ પસંદ કરી છે. 'થમ્મા'ની સ્ટારકાસ્ટમાં રશ્મિકા મંદાના, સત્તમી ગૌડા, ડાયના પેન્ટી, નવાઝુદ્દીન સિદ્દીકી, અપારશક્તિ ખુરાના, સંજય દત્ત, પરેશ રાવળ અને વરુણ ધવનનો સમાવેશ થાય છે.

આયુષ્યમાન ખુરાનાનું સાચું નામ નિશાંત ખુરાના છે. તેણે અભિનયની શરૂઆત ટેલિવિઝનથી કરી હતી અને પછી તે ફિલ્મોમાં પ્રવેશ્યો છે. બોલિવૂડમાં તે એક અભિનેતા અને ગાયક તરીકે લોકપ્રિય છે. ૧૪ સપ્ટેમ્બર ૧૯૮૪માં ચંદીગઢમાં જન્મેલા આયુષ્યમાને ૨૦૦૪માં ટેલિવિઝનના રિયાલિટી શો 'એમટીવી રોડીઝ'માં ભાગ લીધો હતો. ત્યાર પછી તેણે થોડો સમય ટી.વી. શોના સંચાલક તરીકે કામ કર્યું હતું.

સન ૨૦૧૨માં આવેલી 'વિકી ડોનર' ફિલ્મથી તેણે બોલિવૂડમાં પદાર્પણ કર્યું છે. પહેલી જ ફિલ્મમાં સફળતા મળ્યા પછી તેણે 'હટ કે' વિષયોવાળી ફિલ્મો પસંદ કરવા માંડી અને તેમાં તેને ભરપૂર સફળતા મળવા લાગી. ૨૦૧૨થી ૨૦૧૯ સુધી તેણે અનેક સફળ ફિલ્મો આપી. આમાંની મોટાભાગની ફિલ્મો સોલો હીરો તરીકેની હતી. 'દમ લગા કે હૈઈશા' (૨૦૧૫), 'બરેલી કી બરફી' (૨૦૧૭), 'શુભ મંગલ સાવધાન' (૨૦૧૭), 'બધાઈ હો' (૨૦૧૮), 'ડ્રીમ ગર્લ' (૨૦૧૯), 'બાલા' (૨૦૧૯), જેવી ફિલ્મોમાં તેને ખૂબ સફળતા મળી, પણ ૨૦૧૯ પછી તેને જોઈએ એવી સફળતા મળી નથી.

૨૦૨૦માં તેની અમિતાભ બચ્ચન સાથેની 'ગુલાબો-સિતાબો' આવી. પછી 'શુભ મંગલ જ્યાદા સાવધાન' પણ તેજ વર્ષે રિલીઝ થઈ, પણ આ બંને ફિલ્મો ફ્લોપ ગઈ. ૨૦૨૧માં 'ચંદીગઢ કરે આશિકી'માં પણ તેને જોઈતી સફળતા ન મળી. ૨૦૨૨માં તેણે એક્શન ફિલ્મો પર હાથ અજમાવી જોયો, પણ લોકોને તે ન ગમી તેમાં 'અનેક' અને 'એન એક્શન હીરો'નો સમાવેશ થાય છે. આ દરમિયાન જ તેની રકુલપ્રીત સિંહ સાથેની 'ડોક્ટર જી' આવી. તેય બોક્સ ઓફિસ પર ધબાય નમઃ થઈ.

૨૦૨૩માં 'ડ્રીમ ગર્લ-ટુ' આવી. એમાં અનન્યા પાંડે, પરેશ રાવળ, અન્નુ કપૂર, અસરાની અને વિજય રાજ જેવાં કલાકારો હતાં. ૨૦૧૯માં તેની 'ડ્રીમ ગર્લ'ની આ સીક્વલ હતી. તેમાં તેને સફળતા મળી.

૨૦૧૮નું વર્ષ આયુષ્યમાન ખુરાના માટે મહત્ત્વનું સાબિત થયું હતું. આ વર્ષે તેની તબુ સાથેની થ્રીલર ફિલ્મ 'અંધાધૂન' રિલીઝ થઈ હતી અને લોકોએ તેને ઉમળકાભેર આવકારી હતી. ૨૦૧૮માં જ 'બધાઈ હો' કોમેડી ફિલ્મ રજૂ થઈ હતી. એમાં 'લાઈમલાઈટ'માં ગજરાજ રાવ અને નીના ગુપ્તા આવી ગયા હતા, પણ આયુષ્યમાન ખુરાના અને સાન્યા મલહોત્રાને પણ લોકોએ યાદ રાખ્યા હતા.

૨૦૦૪થી ટેલિવિઝન પર પદાર્પણ કરનારા આયુષ્યમાન ખુરાનાએ ૨૦૧૧ સુધી એમટીવી પર સંચાલક તરીકે અનેક કાર્યક્રમો કર્યા હતા. પણ બોલિવૂડમાં પદાર્પણ કર્યા પછી તે ટેલિવિઝન પર પાછો નથી ફર્યો.

**OTTનું હોટસ્પોટ**

## ૧૮ ઑક્ટોબરથી ૨૪ ઑક્ટોબર
## ભારત-ઓસ્ટ્રેલિયા વન-ડે સિરીઝ અને ઈન્ડિયન આઈડલ-૧૬મી સિઝનનું આકર્ષણ...

આજકાલ ક્રિકેટના રસિયાઓ માટે 'દિવાળી' ચાલી રહી છે. રવિવાર, તા. ૧૯એ તેમાં સૌથી મોટો તહેવાર છે. જિયો હોટસ્ટાર-સોની લીવ પર રવિવારે એક સાથે બે મેચ જોવા મળશે. તેમાં પહેલી મેચ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની 'વન-ડે'ની સીરિઝની પહેલી મેચ છે, જેમાં રોહિત શર્મા અને વિરાટ કોહલીનું પુનરાગમન કેટલું સાર્થક નિવડે છે એ જોવા મળશે અને તે જ દિવસે ભારતની મહિલા ટીમ અત્યારે વન-ડે વર્લ્ડ કપમાં ભાગ લઈ રહી છે, તેની ખૂબ જ મહત્ત્વની મેચ ઇંગ્લેંડની મહિલા ક્રિકેટ ટીમ સાથે છે.

**જિયો હોટસ્ટારઃ** અક્ષયકુમાર, કરણ જોહર, મનીષ મલહોત્રા અને મલાઈકા અરોરાના સંચાલન હેઠળ 'પીચ ટુ ગેટ રીચ' નામનો કાર્યક્રમ શરૂ રહ્યો છે. તેમાં નવીન જિંદાલ, ધ્રુવ શર્મા, ગૌરવ દાલમિયા, ગૌરવ ડુગ્ગર જેવા ઉદ્યોગપતિ પણ ભાગ લેશે.

'જિયો હોટસ્ટાર' પર જ ૧૯ ઓક્ટોબરથી 'ઈન્ડિયન આઈડલ'ની ૧૬મી સિઝન શરૂ થવાની છે, જેમાં જજ તરીકે વિશાલ દદલાની, બાદશાહ અને શ્રેયા ઘોષાલ નજરે ચડશે. જોકે શોના સંચાલક તરીકે અત્યારે આદિત્ય નારાયણના સ્થાને તેનાં પિતા ઉદિત નારાયણનું નામ બોલાઈ રહ્યું છે. સંગીતના ચાહકોને તો શનિ-રવિ 'જલસો' પડી જવાનો છે.

**ઝી ફાઈવઃ** ઈન્સ્પેક્ટર વિશ્વાસ ભગત પર આધારિત ફિલ્મ 'ભગવત ચેપ્ટર-વનઃ રાક્ષસ'નું પ્રસારણ શરૂ થઈ ચૂક્યું છે. એમાં ઈન્સ્પેક્ટર ભગવતની ભૂમિકામાં અર્શદ વારસીની સાથે જીતેન્દ્રકુમાર અને આયેશા કુડસકર દેખાશે. રાહુલ બોઝ અને રિતુપર્ણા સેનગુપ્તા અભિનિત 'મેડમ સેનગુપ્તા'નું પણ પ્રસારણ શરૂ થયું છે.

**નેટફ્લિક્સઃ** આ અઠવાડિયામાં એનિમેશન ફિલ્મ 'ધ ટ્વિસ્ટ'. ઉપરાંત 'ધ પરફેક્ટ નંબર' અને 'ધ ડિપ્લોમેટની સિઝન-થ્રી' ચાલુ થઈ રહી છે. ■

**ફોકસ**
**ડી. જે. નંદન**

# નાની ફિલ્મોની મોટી કમાણી!




આ વર્ષે ભારતીય સિનેમામાં ઓછા બજેટવાળી ફિલ્મોએ બાજી મારી લીધી. ઓછા બજેટની ફિલ્મો કે જેમાં વાર્તા સારી હોય કે જે દર્શકોને જકડી રાખે. આવી ફિલ્મોએ બોક્સ ઓફિસ પર ધૂમ કમાણી કરી અને સાથે સાથે દર્શકોના મન પર પણ રાજ કર્યું. એના પરથી એ અંદાજો લગાડી શકાય કે, દર્શકોને મસાલા ફિલ્મો કરતા એવી ફિલ્મો જોઈએ છે કે જે હૃદયને સ્પર્શી જાય.

ફિલ્મ 'સય્યારા'ની વાત કરીએ તો માત્ર ૪૫ કરોડમાં બનેલી ફિલ્મ છે જેમાં અહાન પાંડે અને અનિતા પડ્ડા છે. આ નવા કલાકારોએ તો સફળતાનાં રેકોર્ડ બનાવ્યા છે જે કોઈ મોટી બજેટવાળી ફિલ્મ ન બનાવી શકે. આ ફિલ્મ અત્યાર સુધીમાં ૪૫૦ કરોડનો બિઝનેઝ કરી ચુકી છે. આ ફિલ્મની સફળતાએ એ પુરવાર કર્યું કે, ભવ્ય સેટવાળી કે મોટા બજેટની ફિલ્મ કરતા સારી વાર્તા અને સારા સંગીતવાળી ફિલ્મો દર્શકો પસંદ કરે છે. ૧૫ કરોડમાં બનેલી 'મહાવતાર નરસિમ્હા'એ ભારતમાં ૨૮૮ કરોડનો વકરો કર્યો હતો. અશ્વિન કુમાર દ્વારા નિર્દેશિત એનિમેટેડ ફિલ્મ છે .

૨૦૨૫માં સૌથી વધારે બિઝનેઝ કરનારી તમિલ ફિલ્મ 'ટૂરિસ્ટ ફેમિલી' છે. આ ફિલ્મમાં એમ. શશીકુમાર, સિમરન, મિથૂન જયશંકર અને કમલેશ જગન મુખ્ય ભૂમિકામાં છે. ટૂરિસ્ટ ફેમિલીની વાર્તા એક શ્રીલંકા સ્થિત એક તમિળ પરિવાર પર આધારિત છે. જે શ્રીલંકામાં આર્થિક સંકટ ભોગવ્યા બાદ ઉજ્જવળ ભવિષ્ય માટે ભારત આવે છે. માત્ર ૭ કરોડ રૂપિયામાં બનેલી આ ફિલ્મે દુનિયાભરમાં ૧૦૦ કરોડથી પણ વધારે કમાણી કરી છે. પહેલા જ દિવસે 'ટૂરિસ્ટ ફેમિલી'એ ૨.૩૫ કરોડ રૂપિયાની શાનદાર કમાણીથી શરૂઆત કરી હતી. આ ફિલ્મ ૫ અઠવાડિયા સુધી લગાતાર બોક્સ ઓફિસ પર પોતાની પકડ બનાવવામાં સફળ રહી હતી. આ ફિલ્મે આ વર્ષની ૨૦૨૫ની સૌથી વધારે કમાઈ કરવાવાળી ફિલ્મ 'છાવા 'ને પણ પાછળ પાડી દીધી હતી. વિકી કૌશલની આ ફિલ્મે લગભગ ૮૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી હતી, અને આ ફિલ્મ માત્ર ૯૦ કરોડ રૂપિયામાં બની હતી. આ ફિલ્મે ૮૦૦ કરોડ રૂપિયાનો પ્રોફિટ મેળવીને ખૂબ જ નામ કર્યું હતું.

આ ફિલ્મો સિવાય 'હાઉસફુલ-૫' જેવી અન્ય બોક્સ -ઓફિસ હિટ ફિલ્મો દુનિયાભરમાં માત્ર ૩૦૦ કરોડ રૂપિયા જ કમાવી શકી હતી. જોકે આ ૨૨૫ કરોડ રૂપિયાના મોટા બજેટમાં બનેલી ફિલ્મ હતી, જે આશા પ્રમાણે પ્રોફિટ રળી શકી નથી. સલમાન ખાનની 'સિકંદર' પણ આ જ કેટેગરીમાં આવે છે. આમિર ખાનની સિતારે ઝમીં પર ફિલ્મે પણ સારું પર્ફોર્મન્સ આપ્યું છે. હિન્દી ફિલ્મ ભૂલચૂક માફ જે માત્ર ૪૫ કરોડમાં બની હતી, પરંતુ બોક્સ-ઓફિસ પર એણે ૯૦ કરોડ રૂપિયાથી પણ વધુ કમાણી કરી.

આ વર્ષે મોટા બજેટની અનેક ફિલ્મોને લઈને એવી અટકળો લગાવવામાં આવી હતી કે એ ફિલ્મો બોક્સ-ઓફિસ પર હિટ સાબિત થશે. જોકે પ્રોડ્યૂસર્સ-ડિરેક્ટર્સની સાથે દર્શકો પણ નિરાશ થયા હતા. અક્ષય કુમારની સ્કાય ફોર્સ ભલે દેશભક્તિની ફિલ્મ હોય, પરંતુ કઈ ખાસ કમાણી નથી થઇ. સની દેઓલની જાટ પણ બ્લોકબસ્ટર ન બની.

એવામાં એટલું કહી શકાય કે નિર્માતા-નિર્દેશક માટે પણ આ એક બોધપાઠ છે કે તેઓ સ્ટાર-પાવરને બદલે સ્ટોરી પર ધ્યાન આપે. ભલે ફિલ્મ ઓછા બજેટની હોય, પરંતુ સ્ટોરી સારી હોવી જોઈએ. આ વાતને રિજનલ સિનેમા સારી રીતે જાણે છે. બોલિવૂડ પણ આ વાતને જલદી સમજો લે તો સારું છે. ■

# અભિષેક અને સ્મૃતિ સપ્ટેમ્બરના સર્વોત્તમ ક્રિકેટર

## આઇસીસીનો પુરસ્કાર ભારતીય ઓપનરને મળ્યો!





દુબઈઃ ભારતના બે યુવાન સ્ટાર ઓપનર અભિષેક શર્મા અને સ્મૃતિ મંધાના સપ્ટેમ્બરમાં સર્વોત્તમ પર્ફોર્મ કરવા બદલ પોતપોતાની કૅટેગરીમાં આઇસીસી પ્લેયર ઑફ ધ મન્થનો પુરસ્કાર જીત્યા છે.

ભારતના આ બન્ને ક્રિકેટર સપ્ટેમ્બરમાં રમી ચૂકેલા તમામ ક્રિકેટરોમાં સર્વશ્રેષ્ઠ રમ્યા હતા. અભિષેકે એશિયા કપમાં અને મંધાનાએ વર્લ્ડ નંબર-વન ઑસ્ટ્રેલિયા સામેની વિમેન્સ વન-ડે સિરીઝમાં સર્વોત્તમ પર્ફોર્મ કર્યું હતું. ભારતના કોઈ પુરુષ અને મહિલા ક્રિકેટરે એકસમાન મહિનામાં આઇસીસીનો આ પુરસ્કાર મેળવ્યો હોય એ દુર્લભ ઘટના કહી શકાય.

પચીસ વર્ષીય અભિષેકે એશિયા કપમાં સાત મૅચમાં સૌથી વધુ ૩૧૪ રન કર્યા હતા. એ સ્પર્ધામાં ૪૪.૮૫ તેની બૅટિંગ-ઍવરેજ હતી અને ૨૦૦.૦૦ તેનો સ્ટ્રાઇક-રેટ હતો.

તેણે પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટનો પુરસ્કાર જીતી લીધો હતો. તે ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં વર્લ્ડ નંબર વન બૅટ્સમૅન છે અને તેણે આઇસીસીના હાઈએસ્ટ રેટિંગ મેળવ્યા હતા. આઇસીસીના પુરસ્કાર માટે અભિષેક ઉપરાંત કુલદીપ યાદવ અને ઝિમ્બાબ્વેનો બ્રાયન બેનેટ પણ દાવેદાર હતા.

૨૯ વર્ષીય સ્મૃતિ મંધાના મહિલાઓની વન-ડેમાં વર્લ્ડ નંબર-વન બૅટર છે. તેના ઉપરાંત પાકિસ્તાનની સિદ્રા અમીન અને સાઉથ આફ્રિકાના તૅઝમીન બ્રિટ્સ મહિલાઓના આ આઇસીસી પુરસ્કાર માટે દાવેદાર હતી.

સપ્ટેમ્બરમાં ચાર વન-ડેમાં ૭૭.૦૦ની સરેરાશે કુલ ૩૦૮ રન કરનાર મંધાનાએ ઑસ્ટ્રેલિયા સામેની વન-ડે સિરીઝમાં ૫૦ બૉલમાં સેન્ચુરી પૂરી કરી હતી જે ભારતીય વિક્રમ છે. ■

# વિરાટે ઑસ્ટ્રેલિયા જતાં પહેલાં મોટા ભાઈને ૮૦ કરોડ રૂપિયાની સંપત્તિના હક આપી દીધા

નવી દિલ્હીઃ બૅટિંગ-લેજન્ડ વિરાટ કોહલી ઘણા સમયથી ક્રિકેટ ન રમતો હોય ત્યારે પત્ની અનુષ્કા તેમ જ બન્ને સંતાનો (પુત્રી વામિકા તથા પુત્ર અકાય) સાથે મોટા ભાગે લંડનમાં જ રહેતો હોય છે એટલે તેણે હવે મોટા ભાઈ વિકાસ કોહલીને જનરલ પાવર ઑફ ઍટર્ની (જીપીએ) આપી દીધા છે કે જેથી સંપત્તિની બાબતમાં સરકારી કે કાનૂની ફેંસલા સંબંધમાં સહીસિક્કા કરવા માટે વિરાટે વારંવાર હેરાન ન થવું પડે.

વિરાટ હાલમાં ઑસ્ટ્રેલિયાના પ્રવાસે ગયો છે અને ત્યાં જતાં પહેલાં (૧૪મી ઑક્ટોબરે) તેણે સંપત્તિના હક મોટા ભાઈને આપ્યા હતા. વિરાટે ગુરુગ્રામમાં પોતાની જે પ્રોપર્ટી છે એ સંબંધમાં જીપીએ મોટા ભાઈ વિકાસને આપી દીધા હોવાનું જાણવા મળ્યું છે.






વિરાટે ગુરુગ્રામમાં ડીએલએફ સિટી ફેઝ-વનમાં પોતાનો લગભગ ૮૦ કરોડ રૂપિયાની કિંમતનો જે આલીશાન બંગલો છે એના જીપીએ મોટા ભાઈને આપ્યા છે. વિરાટે તેમને માત્ર જીપીએ આપ્યા કે પછી આ પ્રોપર્ટીની માલિકી તેમને સોંપી દીધી એની ચર્ચા ક્રિકેટપ્રેમીઓમાં થઈ રહી છે. ગુરુગ્રામમાં વિરાટનો એક લક્ઝુરિયસ ફ્લૅટ પણ છે અને એ પણ વિકાસ કોહલી સંભાળશે.

મુંબઈમાં પણ વિરાટનો એક આલીશાન ફ્લૅટ છે. એ ઉપરાંત તેની બીજી પ્રોપર્ટીઓ પણ છે અને દેશમાં અનેક શહેરોમાં વિરાટની વન-એઇટ કૉમ્યૂન નામની રેસ્ટોરાં પણ છે. ■

# ભારતીય ક્રિકેટરોની ફ્લાઇટ પરોઢિયે ચાર વાગ્યે પર્થ પહોંચી, જાણો કઈ કઈ તકલીફ થઈ

નવી દિલ્હી/પર્થઃ ભારતના મેન ઇન બ્લુની ઑસ્ટ્રેલિયા સામેની પ્રથમ વન-ડેને માંડ બે દિવસ બાકી છે એ પહેલાં ભારતીય ખેલાડીઓએ ઑસ્ટ્રેલિયા પહોંચતાં પહેલાં ઘણી તકલીફ વેઠવી પડી હતી અને એનું સૌથી મોટું કારણ એ હતું કે તેમની ફ્લાઇટ ખૂબ મોડી પડી હતી. ભારતીય ખેલાડીઓ બુધવારે વહેલી સવારે દિલ્હીની હોટેલમાંથી રવાના થઈને ઍરપોર્ટ પર પહોંચ્યા હતા અને ગુરુવારે પરોઢિયે પર્થમાં તેમની ફ્લાઇટનું લૅન્ડિંગ થયા બાદ ચાર વાગ્યે તેમણે પર્થની હોટેલમાં ચેક-ઇન કર્યું હતું. તેમની ફ્લાઇટ ચાર કલાક મોડી થઈ હતી. એ ફ્લાઇટ વિલંબમાં મુકાવાને કારણે સિંગાપોરમાં પણ તેમની ફ્લાઇટનું રીશેડ્યૂલિંગ કરવું પડ્યું હતું.

ભારતીય ટીમના પ્રથમ બૅચના ખેલાડીઓ ગુરુવારે પરોઢિયે ચાર વાગ્યે પર્થ પહોંચ્યા હતા જેમાં વિરાટ કોહલી, રોહિત શર્મા, કૅપ્ટન શુભમન ગિલ, કેએલ રાહુલ, શ્રેયસ ઐયર, યશસ્વી જયસ્વાલ, વૉશિંગ્ટન સુંદર, અર્શદીપ સિંહ, નીતીશ કુમાર રેડ્ડી, હર્ષિત રાણા અને પ્રસિદ્ધ ક્રિષ્નાનો સમાવેશ હતો.

પ્રથમ બૅચના ખેલાડીઓ પછી બીજી ફ્લાઇટમાં પર્થ પહોંચેલા બીજા બૅચમાં હેડ-કોચ ગૌતમ ગંભીર, સ્પિનર કુલદીપ યાદવ, અક્ષર પટેલ, સામેલ હતા. રોહિત અને કોહલીએ બૅટિંગ પ્રૅક્ટિસ શરૂ કરી દીધી હતી.

### સિરીઝનું શેડ્યૂલ

(૧) રવિવાર, ૧૯મી ઑક્ટોબરઃ પ્રથમ વન-ડે, પર્થ, સવારે ૯.૦૦ વાગ્યાથી (૨) ગુરુવાર, ૨૩મી ઑક્ટોબરઃ બીજી વન-ડે, ઍડિલેઇડ, સવારે ૯.૦૦ વાગ્યાથી (૩) શનિવાર, ૨૫મી ઑક્ટોબરઃ ત્રીજી વન-ડે, સિડની, સવારે ૯.૦૦ વાગ્યાથી ■

# પાકિસ્તાન વર્લ્ડ કપની લગભગ બહાર

કોલંબોઃ અહીં બુધવારે મહિલાઓનાં વન-ડે વર્લ્ડ કપમાં વરસાદને કારણે મૅચ અનિર્ણીત રાખવામાં આવતાં ઇંગ્લૅન્ડની ટીમ શરમજનક પરાજયથી બચી ગઈ હતી અને પોઈન્ટ્સ ટેબલમાં એણે મોખરાનું સ્થાન મજબૂત બનાવી લીધું હતું, જ્યારે બીજી તરફ પાકિસ્તાનની ટીમ ઐતિહાસિક વિજયથી વંચિત રહેવા ઉપરાંત હવે સેમિ ફાઇનલ માટેની રેસની લગભગ બહાર થઈ ગઈ છે.

મંગળવારે વરસાદને કારણે કોલંબોમાં શ્રીલંકા અને ન્યૂ ઝીલૅન્ડની મૅચ વરસાદને લીધે રદ કરવામાં આવતાં બુધવારની મૅચ વિશે પણ એવો જ ડર હતો. ભૂતપૂર્વ વર્લ્ડ ચેમ્પિયન ઇંગ્લૅન્ડ અને પાકિસ્તાનની મૅચ મેઘરાજાની મહેરબાનીને કારણે અધવચ્ચે અનિર્ણીત જાહેર કરવામાં આવી હતી. એ વખતે પાકિસ્તાનને ડકવર્થ-લુઇસ પદ્ધતિ અનુસાર ૩૧ ઓવરમાં જીતવા માટે ૧૧૩ રનનો નવો લક્ષ્યાંક મળ્યો હતો, પણ પાકિસ્તાનનો સ્કોર ૬.૪ ઓવરમાં વિના વિકેટે ૩૪ રન હતો ત્યારે ફરી વરસાદ પડતાં મૅચ પડતી મૂકવામાં આવી હતી અને બન્ને ટીમને એક-એક પોઇન્ટ અપાયા હતા. પાકિસ્તાને બાકીની ત્રણેય લીગ મૅચ જીતવા ઉપરાંત ભારત સહિત અન્ય ટીમોનાં પરિણામો પોતાની તરફેણમાં રહે એવી પ્રાર્થના કરવી પડશે. ■

# ઑસ્ટ્રેલિયા સેમિની લગોલગ

વિશાખાપટનમઃ ઑસ્ટ્રેલિયાએ અહીં ગુરુવારે મહિલાઓના વર્લ્ડ કપમાં બાંગ્લાદેશને ૧૫૧ બૉલ અને ૧૦ વિકેટ બાકી રાખીને હરાવી દીધું હતું અને સેમિ ફાઇનલમાં એન્ટ્રી લગભગ કરી લીધી હતી. બાંગ્લાદેશે નવ વિકેટે ૧૯૮ રન કર્યા બાદ વર્લ્ડ નંબર-વન ઑસ્ટ્રેલિયાએ કૅપ્ટન અલીઝા હિલી (૧૧૩ અણનમ, ૭૭ બૉલ, વીસ ફોર) અને ફૉબે (૮૪ અણનમ, ૭૨ બૉલ, એક સિક્સર, બાર ફોર)ની ઓપનિંગ જોડીએ ૨૪.૫ ઓવરમાં ૨૦૨ રન બનાવી લીધા હતા. શુક્રવારે કોલંબોમાં વરસાદના માહોલ વચ્ચે શ્રીલંકા અને સાઉથ આફ્રિકા વચ્ચે મુકાબલો થશે. ■

# અર્જુનની એક વિકેટ, ધર્મેન્દ્રસિંહ જાડેજાની સાત

પોર્વોરિમઃ ગોવાએ રણજી ટ્રૉફીમાં ગુરુવારે બીજા દિવસે પ્રથમ દાવમાં ૫૬૬ રન કર્યા હતા જેના જવાબમાં ચંડીગઢની ટીમ ૩૪ રનમાં એક વિકેટ ગુમાવી બેઠી હતી. ગોવા વતી અભિનવ તેજરાણા (૨૦૫) અને લલિત યાદવે (૨૧૩) ડબલ સેન્ચુરી કરી હતી. સચિનના પુત્ર અર્જુન તેન્ડુલકરે ચંડીગઢની જે એકમાત્ર વિકેટ પડી એ લીધી હતી.

રાજકોટમાં કર્ણાટકનો પ્રથમ દાવ ૩૭૨ રને પૂરો થયો હતો, જેમાં પડિક્કલના ૯૬ રન હાઇએસ્ટ હતા. સૌરાષ્ટ્રના સ્પિનર ધર્મેન્દ્રસિંહ જાડેજાએ ૧૨૪ રનમાં સાત વિકેટ લીધી હતી. પછીથી સૌરાષ્ટ્રએ ચિરાગ જાનીના ૯૦ રનની મદદથી ચાર વિકેટે ૨૦૦ રન કર્યા હતા.

**અન્ય મૅચોમાં શું બન્યું?:**

(૧) શ્રીનગરમાં મુંબઈના ૩૮૬ રનના જવાબમાં જમ્મુ/કાશ્મીરે કૅપ્ટન પારસ ડોગરાના ૧૧૨ નૉટઆઉટની મદદથી સાત વિકેટે ૨૭૩ રન કર્યા હતા. (૨) અમદાવાદમાં આસામના ૩૧૦ રનના જવાબમાં ગુજરાતે અભિષેક દેસાઈના ૮૦ નૉટઆઉટ અને આર્ય દેસાઈના ૭૯ નૉટઆઉટની મદદથી વિના વિકેટે ૧૬૬ રન કર્યા હતા. (૩) કોઇમ્બતુરમાં ઝારખંડે કૅપ્ટન ઇશાન કિશનના ૧૭૩ રનની મદદથી ૪૧૯ રન કર્યા બાદ તમિળનાડુએ માત્ર ૧૮ રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. ■

## વેપાર વાણિજ્ય

# સાર્વત્રિક સુધારા વચ્ચે એસએમઈ આઈપીઓ ઈન્ડેક્સ ગબડ્યા!

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ સાર્વત્રિક સુધારાના હવામાનમાં એસએમઈ આઈપીઓ સિવાય બધા જ ઈન્ડેક્સ વધ્યા હતા, જેમાં રિયલ્ટી, એફએમસીજી અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ શેરો સૌથી અધિક વધ્યા હતા અને માર્કેટ કેપમાં રૂ.૩.૧૭ લાખ કરોડનો વધારો નોંધાયો હતો.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૨૯ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૪૭ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૮૫ ટકા વધ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૧૧ ટકા ઘટ્યો હતો. સેન્સેક્સની ૨૮ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૨ સ્ક્રિપ્સ ઘટી હતી.

ગુરુવારે બીએસઈ સેન્સેક્સ ગત બુધવારના ૮૨,૬૦૫.૪૩ના બંધથી ૮૬૨.૨૩ (૧.૦૪ ટકા) પોઈન્ટ્સ વધ્યો હતો. સેન્સેક્સ ૮૨,૭૯૪.૭૯ ખૂલીને નીચામાં ૮૨,૭૯૧.૩૫ સુધી અને ઊંચામાં ૮૩,૬૧૫.૪૮ સુધી જઈને અંતે ૮૩,૪૬૭.૬૬ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૬૩.૭૮ લાખ કરોડથી રૂ. ૩.૧૭ લાખ કરોડ વધીને રૂ. ૪૬૬.૯૫ લાખ કરોડ રહ્યું હતું.

બધા સેક્ટરલ ઈન્ડાયસીસ વધ્યા હતા, જેમાં મુખ્યત્વે બીએસઈ રિયલ્ટી ૧.૮૭ ટકા, એફએમસીજી ૧.૭૪ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૫૧ ટકા, બેન્કેક્સ ૧.૨૭ ટકા, ઓટો ૧.૧૫ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૧.૦૫ ટકા, કોમોડિટીઝ ૦.૭૬ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૭૪ ટકા, મેટલ ૦.૬૯ ટકા અને એનર્જી ૦.૬૨ ટકા વધ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૩૩૪ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૩૩૩૭ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૮૭૦ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૨૭ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૩૩ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૫૩ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૨૧૫ સ્ટોક્સને ઉપલી જ્યારે ૧૭૫ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ગુરુવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૩૧૦.૪૭ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૬૫૨ સોદામાં ૧,૮૫૭ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૪૯,૨૬,૯૫૯ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૬,૪૫,૯૬,૨૬૬.૪૯ કરોડનું રહ્યું હતું. ■

# સેન્સેક્સ ૮૬૨ પોઇન્ટ ઊછળ્યો, નિફ્ટીએ ૨૫,૫૫૦ની સપાટી વટાવી ચાર મહિનાની ઊંચી સપાટીને સ્પર્શ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક સકારાત્મક આર્થિક ડેટા, સારા કોર્પોરેટ પરિણામ અને એફઆઇઆઇની વેચવાલી અટકવાના આશાવાદ વચ્ચે સાર્વત્રિક લેવાલીનો ટેકો મળતાં સેન્સેક્સ ૮૬૨ પોઇન્ટ ઊછળ્યો હતો, જ્યારે નિફ્ટી ૨૫,૬૦૦ વટાવીને પાછો ફર્યો હતો. નિફ્ટી ૫૦ હવે તેના બાવન સપ્તાહના ઉચ્ચતમ સ્તરથી ૧૦૦ પોઈન્ટથી પણ ઓછા અંતરે છે. બીએસઇના કુલ ટ્રેડેડ ૨૩૭૭ શેરમાં સુધારો અને ૧૮૧૦ શેરના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે ૧૪૭ શેર મૂળ સ્થાને પાછાં ફર્યા હતા.

સેન્સેક્સ ગુરુવારે ૮૬૨.૨૩ પોઈન્ટ અથવા ૧.૦૪ ટકા વધીને ૮૩,૪૬૭.૬૬ પોઇન્ટ પર બંધ થયો, જ્યારે નિફ્ટી ૫૦ ૨૬૧.૭૫ પોઈન્ટ અથવા ૧.૦૩ ટકા વધીને ૨૫,૫૮૫.૩૦ પોઇન્ટની સપાટી પર બંધ થયો. નિફ્ટી હવે તેના બાવન સપ્તાહના ઉચ્ચતમ સ્તર ૨૫,૬૬૯.૩૫થી માત્ર ૮૪ પોઈન્ટ દૂર છે.

આ સત્રમાં બીએસઇ પર લિસ્ટેડ બધી કંપનીઓનું માર્કેટ કેપિટલાઇઝેશન ૨.૩૨ લાખ કરોડ રૂપિયા વધીને ૪૬૬.૮૯ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચ્યું છે. બીએસઈ મિડકેપ ઇન્ડેક્સ ૦.૩ ટકા વધ્યો અને સ્મોલકેપ ઇન્ડેક્સ ૦.૪ ટકા વધ્યો. પાછલા બે સત્રમાં સેન્સેક્સ ૧,૫૦૦ પોઈન્ટથી વધુ વધ્યો છે, જ્યારે નિફ્ટી ૧.૭૦ ટકા વધ્યો છે.

કોટક મહિન્દ્રા બેન્ક ૨.૬૭ ટકા વધીને ટોપ ગેઇનર રહ્યો હતો. એક્સિસ બેન્ક, અદાણી પોર્ટ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, રિલાયન્સ ઇન્ડલસ્ટ્રીઝ, ટાટા મોટર્સ અને એચડીએફસી બેન્ક સેન્સેક્સના અન્ય ટોચના વધનારા શેર હતા. જ્યારે ઇનર્ટલ અને ઇન્ફોસિસ ટોપ લુઝરમાં રહ્યા હતા. નિફ્ટીમાં સૌથી વધુ વધારો નેસ્લે ઇન્ડિયા, ટાટા કન્ઝ્યુમર, ટાઇટન કંપની, કોટક મહિન્દ્રા બેંક, એક્સિસ બેંકમાં થયો હતો, જ્યારે એચડીએફસી લાઇફ, શ્રીરામ ફાઇનાન્સ, સન ફાર્મા, જિયો ફાઇનાન્સિયલ અને ઇટર્નલમાં થયો હતો.

પીએસયુ બેંક સિવાય, જે ૦.૪ ટકા ઘટ્યો હતો, બાકીના તમામ ક્ષેત્રીય ઇન્ડેક્સ ગ્રીન ઝોનમાં બંધ થયા હતા, જેમાં ઓટો, બેંક, કન્ઝ્યુમર ડ્યુરેબલ, રિયલ્ટી એફએમસીજી, ઓઇલ અને ગેસ ૦.૫૦ ટકાથી ૧.૭૦ ટકા વધ્યા હતા. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે કોટક બેન્ક ૨.૬૭ ટકા, ટાઈટન ૨.૬૩ ટકા, એક્સિસ બેન્ક ૨.૩૩ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૯૭ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૮૨ ટકા, રિલાયન્સ ૧.૬૯ ટકા, તાતા મોટર્સ ૧.૫૯ ટકા, એચડીએફસી બેન્ક ૧.૫૪ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૫૩ ટકા અને ટ્રેન્ટ ૧.૪૮ ટકા વધ્યા હતા, જ્યારે ઈન્ફોસિસ ટેકનોલોજી ૦.૦૮ ટકા અને ઈટર્નલ ૧.૭૩ ટકા ઘટ્યા હતા.

ઇન્ફોસિસે ત્રીસ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ પૂરા થયેલા બીજા ક્વાર્ટરમાં ૧૩.૨ ટકાના વધારા સાથે રૂ. ૭,૩૬૪ કરોડના કોન્સોલિડેટેડ ચોખ્ખા નફો નોંધાવ્યો છે. કંપનીએ વર્ષ પહેલાના સમાન સમયગાળામાં રૂ. ૬,૫૦૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. સપ્ટેમ્બર ૨૦૨૪ના ક્વાર્ટરમાં રૂ. ૪૦,૯૮૬ કરોડ સામે, આ ક્વાર્ટર દરમિયાન કામગીરીમાંથી આવક ૮.૬ ટકા વધીને રૂ. ૪૪,૪૯૦ કરોડ થઈ છે.

વિપ્રોનો કોન્સોલિડેટેડ નફો ૧.૨૦ ટકા વધીને રૂ. ૩,૨૪૬ કરોડ નોંધાયો છે, જે બજારની અપેક્ષા કરતા નીચો રહ્યો છે. નેસ્લે ઇન્ડિયાનો બીજા ક્વાર્ટરનો સ્ટેન્ડઅલોન ચોખ્ખો નફો ૨૪ ટકા ઘટીને રૂ. ૭૫૩ કરોડ થયો હતો, જોકે આવક ૧૦ ટકા વધી હતી. ઝોમેટો પેરેન્ટ્સનો ઇટર્નલનો નફો વાર્ષિક ધોરણે ૬૩ ટકા ઘટીને રૂ. ૬૫ કરોડ નોંધાયો છે. ઝી એન્ટરટેઈનમેન્ટનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો ૬૩ ટકા ઘટીને રૂ. ૭૬ કરોડ રહ્યો છે અને આવક બે ટકા ઘટી છે.

નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા છ મહિનામાં એમરાલ્ડ ફાઇનાન્સનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૧૨૦ ટકા વધ્યો છે. સ્ટેન્ડઅલોન ધોરણે કુલ આવક ૭૬.૭૮ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૯.૬૩ કરોડ, વાર્ષિકએબિટા ૯૦.૩૧ ટકાના વધારા સાથે રૂ. ૮.૩૪ કરોડ, અને ચોખ્ખો નફો ૧૨૦.૬૧ ટકા વધીને રૂ. ૫.૬૧ કરોડ નોંધાયો હતો.

રુબીકોન રિસર્ચના શેર ૨૮ ટકાના મજબૂત પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા છે, જ્યારે કેનેરા રોબેકો એએમસીના શેર પાંચ ટકા પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા. ડ્યુરોલેક્સે સેબી પાસે ડીઆરએચપી જમા કરાવ્યું છે. નેલ્સે ઇન્ડિયાએ બીજા ક્વાર્ટરના પરિણામમાં ચોખ્ખો નફામાં ઘટાડો નોંધાવ્યો હોવા છતાં તેના શેરમાં કરંટ જોવા મળ્યો હતો. ઇટર્નલના નફામાં પણ ઘટાડો થયો હોવા છતાં તેના શેરમાં હલચલ રહી હતી. ઇન્ડિયા ઓવરસીઝ બેન્કે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૫૮ ટકાના વધારા સાથે રૂ. ૧૨૨૬ કરોડનો નફો નોંધાવ્યો છે.

પ્રાઇમરી માર્કેટમાં હજુ પણ ઘણા ભરણા કતારમાં છે. મંગળવારે એલજીના ૫૦ ટકા પ્રીમિયમ સાથેના જોરદાર લિસ્ટિંગથી ઉત્તેજના ફેલાઇ છે, પરંતુ તાજેતરમાં ઘણી કંપનીના નવા શેર ડિસ્કાઉન્ટમાં લિસ્ટેડ થયા હોવાથી પ્રાઇમરી માર્કેટમાં ચિંતા પણ સર્જાઇ છે. ઓમ ફ્રેઇટ ફોરવર્ડર્સના શેર પાછલા બુધવારે ઇશ્યૂ ભાવ સામે લગભગ ૪૦ ટકાના જોરદાર ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા છે. આ અગાઉ ગ્લોટીસના શેર પાછલા સપ્તાહના મંગળવારે તેના ઇશ્યુ ભાવ સામે ૩૫ ટકાના જોરદાર ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટ થયા હતા અને એ જ સાથે ફેબટેક ટેકનોલોજીસના શેર ઇશ્યૂ ભાવ સામે ૨.૬૮ ટકાના ડિસ્કાઇઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. જોકે, બુધવારે એડવાન્સ એગ્રોલાઇફના શેરમાં ઇશ્યુ ભાવ સામે ૧૪ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. ■

# ખાંડમાં માગ અને ગુણવત્તાનુસાર મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૨૦થી ૩૮૫૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં માગ તથા માલની ગુણવત્તાનુસાર મિશ્ર વલણ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંમાં નીચલા મથાળેથી રૂ. ચારનો સુધારો અને ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ ખપપૂરતી રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૫નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે ખપપૂરતી માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના સુધારા સાથે રૂ. ૩૯૮૬થી ૪૦૪૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના સુધારા અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૦૩૨થી ૪૦૯૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ મર્યાદિત રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૫નો ઘટાડો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૮૫થી ૩૯૧૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૧૫થી ૩૯૫૫માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. ■

# ચાંદી વધુ ₹ ૫૯૧૭ તૂટી, સોનામાં ₹ ૭૫૭ની આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા અને ચીન વચ્ચેનાં ટ્રેડ વૉરની ચિંતા હેઠળ આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં સલામતી માટેની માગ જળવાઈ રહેતાં ભાવમાં સુધારાતરફી વલણ જળવાઈ રહ્યું હતું, જ્યારે ચાંદીમાં પીછેહઠ જળવાઈ રહી હોવાના અહેવાલો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓમાં સામસામા રાહ જોવા મળ્યા હતા, જેમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૫૪થી ૭૫૭ની આગેકૂચ જળવાઈ રહી હતી. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો વધુ ૧૩ પૈસા મજબૂત થયો હોવાથી આયાત પડતરમાં ઘટાડો થવાથી વિશ્વ બજારની સરખામણીમાં ભાવવધારો મર્યાદિત રહ્યો હતો. તેમ જ આજે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૫૯૧૭ની પીછેહઠ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧.૬૯ લાખની અંદર ઊતરી ગયા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ચાંદીમાં નરમાઈ આગળ ધપતાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલીનું દબાણ જળવાઈ રહેવાની સાથે ઔદ્યોગિક વપરાશકારોની પણ વધુ ભાવઘટાડાના આશાવાદે લેવાલી ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૫૯૧૭ ઘટીને રૂ. ૧,૬૮,૦૮૩ના મથાળે રહ્યા હતા. જોકે, આજે જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પણ નિરસ રહી હતી. વધુમાં આજે સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે ભાવમાં આગેકૂચ જળવાઈ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૫૪ના સુધારા સાથે રૂ. ૧,૨૬,૯૬૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૫૭ વધીને રૂ. ૧,૨૭,૪૭૧ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સોનામાં સ્ટોકિસ્ટો અને રોકાણકારો સહિત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી.

આજે લંડન ખાતે સોનામાં રોકાણકારોની સલામતી માટેની માગને ટેકે આરંભમાં હાજર સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા વધીને ઔંસદીઠ ૪૨૩૫.૪૧ ડૉલર આસપાસ અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ૧.૨ ટકા વધીને ૪૨૫૨.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ વધુ ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૫૨.૮૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

હાલના તબક્કે રોકાણકારોની નજર વિશ્વના બે મોટા અર્થતંત્રો અમેરિકા અને ચીન વચ્ચેનાં વેપારો પર મંડાયેલી છે. ગઈકાલે અમેરિકી અધિકારીએ ચીન દ્વારા મહત્ત્વના ખનીજોની નિકાસ પર મૂકેલા નિયંત્રણોને વૈશ્વિક પુરવઠા ચેઈન સામેના ખતરા તરીકે ગણાવ્યા હોવાથી વૈશ્વિક આર્થિક સલામતી માટેની ચિંતા સપાટી પર આવતા સોનામાં સલામતી માટેની માગ વધતાં તેજી આગળ વધી રહી હોવાનું વિસ્ડમ ટ્રીનાં કૉમોડિટી સ્ટ્રેટેજિસ્ટ નિતેશ શાહે જણાવતાં ઉમેર્યું હતું કે હાલમાં વૈશ્વિક સોનાના ભાવ ઔંસદીઠ ૪૨૦૦ ડૉલરથી ઉપરની સપાટી જાળવી રાખે તેવી શક્યતા નકારી ન શકાય.

આ ઉપરાંત સોનાની તેજીને અમેરિકી ગવર્મેન્ટ શટ ડાઉન, ફેડરલ રિઝર્વ દ્વારા વધુ રેટ કટ કરવામાં આવે તેવો આશાવાદ, એક્સચેન્જ ટ્રેડેડ ફંડો તેમ જ કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલી ઉપરાંત ડૉલર ઈન્ડેક્સની નબળાઈનો પણ ટેકો મળી રહ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

નોંધનીય બાબત એ છે કે હાલ સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ટ્રેડરો ફેડરલ રિઝર્વ આગામી ઑક્ટોબર અને ડિસેમ્બરની બન્ને નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી અનુક્રમે ૯૮ ટકા અને ૯૫ ટકા શક્યતા વ્યક્ત કરી રહ્યા છે. ■

# ડૉલર સામે રૂપિયામાં ૧૩ પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ આગળ ધપી હોવાના અહેવાલ તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં જોવા મળેલા સુધારાતરફી વલણ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ૬૮.૬૪ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના એક્સચેન્જના અહેવાલ ઉપરાંત સંભવિતપણે રિઝર્વ બૅન્કનો હાજર બજારમાં હસ્તક્ષેપ જળવાઈ રહેતા આજે સતત બીજા સત્રમાં ડૉલર સામે રૂપિયામાં આગેકૂચ જળવાઈ રહી હતી અને વધુ ૧૩ પૈસાના સુધારા સાથે ૮૭.૯૫ના મથાળે બંધ રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૮.૦૮ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૭.૭૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૯૫ અને ઉપરમાં ૮૭.૬૮ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૩ પૈસાના સુધારા સાથે ૮૭.૯૫ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૭૩ પૈસા મજબૂત થયો હતો. આમ છેલ્લાં બે સત્રમાં ૮૬ પૈસાનો સુધારો જોવા મળ્યો છે.

એકંદરે આજે ડૉલર ઈન્ડેક્સની નરમાઈ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં લેવાલી અને રિઝર્વ બૅન્કનો શક્યતઃ બજારમાં વ્યૂહાત્મક ધોરણે હસ્તક્ષેપ રહેતાં રૂપિયામાં સુધારો જોવા મળ્યો હોવાનું એચડીએફસી સિક્યોરિટીઝનાં વિશ્લેષ દિલીપ પરમારે જણાવતાં ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૭.૬૦થી ૮૮.૭૦ની રેન્જમાં જોવા મળે તેવી શક્યતા જણાય છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૧ ટકા ઘટીને ૯૮.૫૪૮ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૮૬૨.૨૩ પૉઈન્ટનો અને ૨૬૧.૭૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, આજે બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩૬ ટકા વધીને બેરલદીઠ ૬૨.૧૨ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■



દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો છે તેમ તેમ જૂનાગઢ શહેરના બજારોમાં ખરીદી માટે લોકોની ભારે ભીડ જોવા મળી રહી હતી. દિવાળી નિમિત્તે લોકો કપડાં, ઘરવખરી અને અન્ય ચીજવસ્તુઓની ખરીદી કરવા માર્કેટમાં ઉમટી પડ્યા હતા. માંગનાથ પંચાટળી અને મહાત્મા ગાંધી રોડ જેવા શહેરના મુખ્ય વ્યાપારી વિસ્તારોમાં ખરીદી માટે લોકોની ભીડ જામી હતી. (તસવીરઃ હરેશ સોની, જૂનાગઢ)

# તમામ પ્રધાનોના રાજીનામાને વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ સામૂહિક નિષ્ફળતા ગણાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આજે પ્રધાનમંડળનું વિસ્તરણ થશે. આ પહેલા રાજ્યના રાજકારણમાં ભારે ખળભળાટ મચાવતી ઘટનામાં મુખ્ય પ્રધાને રાજ્યના તમામ પ્રધાનોના રાજીનામા લઈ લીધા હોવાના મીડિયા અહેવાલોથી રાજકીય ગલિયારોમાં ગરમાવો આવ્યો હતો.

આ સામૂહિક રાજીનામાની ઘટના પર વિસાવદરથી આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા પ્રતિક્રિયા આપી હતી. તેમણે આ પગલાને પ્રધાનમંડળની ભયંકર નિષ્ફળતા તરીકે ગણાવી હતી. એક નિવેદનમાં તેમણે જણાવ્યું, રાજ્યના પ્રધાનમંડળના તમામ પ્રધાનોના એકસાથે રાજીનામા લઈ લેવાનો સ્પષ્ટ અર્થ એ છે કે આ તમામ મંત્રીઓ પોતપોતાના કામમાં સદંતર નિષ્ફળ ગયા છે.

રાજીનામા આપનાર તમામ પ્રધાનોએ કોઈપણ પ્રકારની દલીલ કર્યા વગર ચૂપચાપ રાજીનામા આપી દીધા તેનો અર્થ પણ એવો થાય છે કે પ્રધાનો પોતાની નિષ્ફળ કામગીરી અંગે સહમત છે. જે વ્યક્તિઓ સરકારના પ્રધાન તરીકે નાકામ-નિષ્ફળ રહ્યા હોય તેવા વ્યક્તિઓ ધારાસભ્ય તરીકે જનતાનું શું કામ કરી શકશે? પ્રધાન તરીકેની વિશાળ સત્તા હોવા છતાં પણ જે વ્યક્તિઓ સરકારને ખુદને સંતોષ થાય એવું કામ કરી શક્યા નથી અને મૂંગામોઢે રાજીનામા આપવા પડ્યા છે એવા વ્યક્તિઓને ધારાસભ્ય તરીકે જનતાને શું ઉપયોગી બની શકશે? આવા નિષ્ફળ વ્યક્તિઓને જનતાની ઉપર ધારાસભ્ય તરીકે થોપી બેસાડવા જોઈએ નહીં. આથી ગુજરાતની જનતા વતી મારી માગણી છે કે, મૂંગા મોઢે રાજીનામું આપનાર તમામ નિષ્ફળ પ્રધાનોને ધારાસભ્ય પદેથી પણ દૂર કરવામાં આવે અને તેમના ધારાસભ્ય પદ પરથી રાજીનામું લેવામાં આવે. ■

# ભાવનગરમાં યુવાનની હત્યાના બનાવમાં સસરા અને પત્નીને પોલીસે ઝડપી લીધા



(તસવીરઃ વિપુલ હિરાણી)



(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના હાદાનગર વિસ્તારમાં સરા જાહેર યુવાનની છરીના ઘા ઝીંકી પત્ની અને સસરાએ નિર્મમ હત્યા કરી હતી. આ બનાવ અંગે પોલીસે બન્ને આરોપીની ધરપકડ કરી હતી.

ભાવનગર શહેરના હાદાનગર વિસ્તારમાં રહેતા સુરેશભાઈ શરદભાઈ રાઠોડ (ઉં. ૪૫)ના લગ્ન ૧૮ વર્ષ પહેલા મનસુખભાઈ નટુભાઈ પરમારની દીકરી મીનાબેન સાથે થયા હતા. બાદ અવાર નવાર ઝઘડો થવાના કારણે મીનાબેને તેના પતિ સામે છુટાછેડાનો કેસ દાખલ કરાવ્યો હતો, જે બાબતે મામલો બીચકતા બે દિવસ પહેલા બપોરના સમયે બન્ને પિતા, પુત્રીએ પ્લાનિંગ બનાવી દેસાઈનગર નજીક સુરેશભાઈ પર જીવલેણ હુમલો કરી હત્યાં કરી નાસી છૂટ્યા હતા. બનાવ અંગે બોરતળાવ પોલીસે બન્ને પિતા પુત્રી વિરુદ્ધ ગુનો નોંધી સસરા મનસુખભાઈ અને પત્ની મીનાબેનની ધરપકડ કરી હતી. ■

# કચ્છ સહિત રાજ્યભરના શિક્ષકો દિલ્હીના જંતરમંતર મેદાન આગામી ૨૪મી નવેમ્બરે ધરણા યોજશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વર્ષ ૨૦૧૦ પહેલાંના શિક્ષકોને ટેટની ફરજિયાત પરીક્ષા આપવાના નિર્ણય અને વર્ષ ૨૦૦૫ બાદ નિમણુંક પામેલા તમામ શિક્ષકોને જૂની પેન્શન સ્કીમના લાભની માગણી સાથે આગામી ૨૪મી નવેમ્બરે રાજધાની દિલ્હીના જંતરમંતર ખાતે સમગ્ર રાજ્યની સાથે સાથે કચ્છના શિક્ષકો ધરણા યોજશે.

આ અંગે રાજ્યસંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, તાજેતરમાં શિક્ષક પાત્રતા કસોટી ટેટ પર સુપ્રીમ કોર્ટ દ્વારા આદેશ કરવામાં આવ્યો હતો, જેમાં આરટીઈ-૨૦૦૯ તથા એન.સી.ટી.ઈ.નાં જાહેરનામા મુજબ વર્ષ ૨૦૧૦ પહેલાં નિમણૂક પામેલા શિક્ષકોને ટેટ પરીક્ષામાંથી મુક્તિ આપવામાં આવી હતી જે સુપ્રીમકોર્ટ દ્વારા રદ કરવામાં આવી છે જેનાથી ૨૦૧૦ પહેલાંના તમામ શિક્ષકોને ટેટ પાસ કરવાની ફરજ પડશે તેમજ તેમને ઉચ્ચતર પગાર ધોરણનો પણ લાભ પણ મળશે નહીં જેથી કરીને અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ અને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા તબક્કાવાર આંદોલનનો કાર્યક્રમ આપવામાં આવ્યો હોવા છતાં સરકારે કોઈ પ્રતિક્રિયા ન આપતાં અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘના નેજા હેઠળ આગામી તા. ૨૪મી નવેમ્બરના રોજ સોમવારે દિલ્હીના આઇકોનિક જંતરમંતર મેદાન ખાતે એક દિવસીય ધરણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. આ ધરણા કાર્યક્રમમાં ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાંથી મોટી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહેનારા હોવાનું દિગ્વિજયાસિંહ જાડેજાએ ઉમેર્યું હતું. ■

# ભુજમાં કોલેજીયન યુવતીની સરાજાહેર કરપીણ હત્યાના ચકચારી કેસમાં સહઆરોપી યુવકના જામીન નામંજૂર

ભુજઃ બે મહિના અગાઉ ભુજના એરપોર્ટ રિંગરોડ પર આવેલી સંસ્કાર સ્કૂલ એન્ડ કોલેજમાં બીસીએમાં અભ્યાસ કરતી, મૂળ ગાંધીધામની અને ભુજની ભાનુશાલી હોસ્ટેલમાં રહેતી સાક્ષી જેઠાલાલ ખાનિયાની તેણીના એક તરફી પ્રેમી એવા મોહિત મુળજી સિધેશ્વરા (ઉ.વ ૨૨) નામના યુવકે કોલેજના સંકુલની બહાર સરાજાહેર છરી વડે ગળું કાપીને કરેલી હત્યાના રાષ્ટ્રીય સ્તરે ચકચારી બનેલા કેસમાં હત્યારા મોહિત સિદ્ધપુરા સાથે આવેલા સહઆરોપી જયેશ જયંતીજી ઠાકોરના નિયમિત જામીન નામદાર અદાલતે નામંજૂર કર્યા હતા.

હત્યાના બનાવની ટૂંક વિગતો મુજબ, મુળ ગાંધીધામની ૧૯ વર્ષીય સાક્ષીએ આરોપી મોહિતના મોબાઈલ નંબર બ્લોક કરી દેતાં ગિન્નાયેલા મોહિત અને જયેશ મોટરસાઇકલ પર અંજારથી ભુજ આવ્યા હતા અને કોલેજમાં રજા પડ્યા બહાર આવેલી સાક્ષીના ગળાના ભાગે છરીના ઘા મોહિતે મારીને તેણીનું ઢીમ ઢાળી દીધું હતું. કથિત રીતે મોહિતને આ જઘન્ય અપરાધ કરતો રોકવાના પ્રયાસમાં પ્રયાસમાં સહઆરોપી જયેશ જયંતીજી ઠાકોરને પીઠ પર હત્યારાએ તીક્ષ્ણ હથિયાર વડે ઘા મારી દેતાં તેને પણ ઈજાઓ પહોંચી હતી.

ચાર્જશીટ દાખલ થતાં સહઆરોપી જયેશ ઠાકોરે નિયમિત જામીન મેળવવા અદાલતમાં અરજી કરતા તે સેશન્સ જજ ડી.પી.મહિડાની અદાલતમાં ચાલી જતાં આરોપી જયેશની જામીન અરજી રદ કર્યા હતા તેમ ફરિયાદી પક્ષે હાજર રહેલા મુખ્ય જિલ્લા સરકારી વકીલ એચ.બી.જાડેજાએ જણાવ્યું હતું. ■

# ચકચારી મુંદરા કસ્ટોડિયલ ડેથ કેસમાં રાજ્યની વડી અદાલત બાદ હાઈ કોર્ટે પણ પોલીસ મથકના સીસીટીવી ફૂટેજની માગ નકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ રાષ્ટ્રીય સ્તરે ચર્ચાસ્પદ બનેલા કચ્છના મુંદરા ખાતેના પોલીસ મથકના જાન્યુઆરી ૨૦૨૧ના કસ્ટોડિયલ ડેથ કેસમાં મુખ્ય આરોપીઓ પૈકીના શક્તિસિંહ યોગેન્દ્રસિંહ ગોહીલ દ્વારા દાખલ કરવામાં આવેલી પોલીસ મથકના સીસીટીવી ફૂટેજની માગણીને રાજ્યની વડી અદાલતે પણ નકારી કાઢી હતી.

કસ્ટડીમાં બંધક બનાવી, ત્રણ યુવક પર અમાનુષી અત્યાચાર ગુજારવાની આ ઘટના બની તે અન્વયેના જાન્યુઆરી-૨૦૨૧ના કેટલાક ખાસ દિવસોના સીસીટીવી ફૂટેજની માગણી આરોપી શક્તિસિંહ ગોહિલ દ્વારા કરાઈ હતી. સ્થાનિકે અધિક સેશન્સ અદાલતે આ માગણી ગ્રાહ્ય ન રાખતાં આ મુદ્દો હાઈ કોર્ટ સમક્ષ લઈ જવાયો હતો. હાઈ કોર્ટના ન્યાયાધીશ આર. પી. વાછાણીએ બંને પક્ષને સાંભળી વિગતવારના કારણોસર આ ફોજદારી રિવિઝન અરજી નામંજૂર કરી હતી. આ પ્રકારની અરજીઓ કેસની ટ્રાયલમાં વિલંબ ઊભો કરી રહી છે, તો અગાઉ થયેલી આવી અરજીઓ અને તે સંદર્ભે પોલીસ અમલદારના અહેવાલ સહિતના મુદ્દા કેન્દ્રમાં રાખીને હાઈ કોર્ટે અરજી નામંજૂર કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, મુંદરા પોલીસે ચોરીનું આળ નાખીને ત્રણ ગઢવી સમાજના યુવકોની ગેરકાયદે અટક કરી, પોલીસ કસ્ટડીમાં ગોંધી રાખીને અમાનુષી ત્રાસ આપતાં બે યુવકોના કમકમાટીભર્યા મૃત્યુ થયાં હતાં.

છેલ્લા ત્રણ વર્ષથી ચાલુ આ કેસમાં પુરાવા અને દલીલો પૂર્ણ થઈ ચૂકી છે. કેસ માત્ર આઠથી દસ નંબરના આરોપીઓની દલીલ પણ બાકી છે, તો દેશની સર્વોચ્ચ અદાલતે પણ અગાઉ આ માગણી ઠુકરાવી દીધી છે. હાઈ કોર્ટની સુનાવણીમાં સરકાર પક્ષે ધારાશાસ્ત્રી એચ. એ. પટેલ અને ફરિયાદ પક્ષે કે. આર. દવે અને આર. કે. દવે સાથે ભુજના વરિષ્ઠ ધારાશાત્રી ડી. વી. ગઢવી સાથે વાય. વી. વોરા, એ. એન. મહેતા, એચ. કે. ગઢવી અને એસ. કે. ગઢવી હાજર રહ્યા હતા. ■

# ગિરનારની લીલી પરિક્રમાની તૈયારીઓ શરૂ, જૂનાગઢ કલેક્ટરે ખાસ બેઠક યોજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીરનારના જંગલમાં દર વર્ષે યોજાતી પવિત્ર લીલી પરિક્રમાને લઈને જૂનાગઢ જિલ્લા કલેક્ટર કચેરીએ ખાસ બેઠક યોજાઈ હતી. કલેક્ટર કચેરી ખાતે વહીવટી તંત્રના તમામ વિભાગો, ભવનાથ ક્ષેત્રના સાધુ-સંતો અને રાજકીય આગેવાનો ઉપસ્થિતિમાં આ બેઠક યોજાઈ હતી. ગિરનારના જંગલમાં આગામી તારીખ બે નવેમ્બરથી પાંચ નવેમ્બર દરમિયાન ચાર દિવસીય લીલી પ્રરિક્રમા યોજાશે. જૂનાગઢ કલેક્ટર અનિલ રાણાવસિયાએ લીલી પરિક્રમા દરમિયાન શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાનમાં રાખવા માટે સૂચનો આપવામાં આવ્યાં હતાં.

કલેક્ટરે વન વિભાગને તાત્કાલિક અસરથી ગિરનાર રૂટ પરના રસ્તાઓનું સમારકામ કરવા માટે આદેશ આપ્યો હતો. પરિક્રમાર્થીઓની સુરક્ષા માટે જૂનાગઢ પોલીસ વિભાગ દ્વારા યોગ્ય બંદોબસ્તની વ્યવસ્થા અંગે પણ ખાસ ચર્ચા કરવામાં આવી હતી. પરિક્રમામાં શ્રદ્ધાળુઓના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે આરોગ્ય વિભાગને પૂરતા પ્રમાણમાં ડોકટરો, દવાઓનો જથ્થો અને એમ્બ્યુલન્સની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે પણ કહેવામાં આવ્યું હતું. આ સાથે પૂરતા પાણીના પોઇન્ટ્સ ઊભા કરવા અને આકસ્મિક ઘટનાઓનો સામનો કરવા માટે ફાયર વિભાગને પણ જાણ કરવામાં આવી હતી.

જૂનાગઢ મહાનગરપાલિકાને જૂનાગઢ શહેરના રસ્તાઓનું સમારકામ કરવા માટે સૂચના આપી હતી. લીલી પરિક્રમામાં આવતા શ્રદ્ધાળુઓ માટે જૂનાગઢ એસટી વિભાગ ૩૦ જેટલી વધારાની મીની બસો દોડાવશે. આ સાથે પરિક્રમા ૨ નવેમ્બરથી શરૂ થતી હોવાના કારણે ભક્તો પહેલાથી આવીને ભીડ ના કરે તે માટે પણ ભવનાથના સંત ઇન્દ્રભારતી બાપુએ અપીલ કરી હતી. ઉપરાંત સુરક્ષાના ભાગ રૂપે ભાવિકોને જાહેર કરાયેલા રૂટ પર જ પરિક્રમા કરવા માટે અપીલ કરવામાં આવી હતી. ■

# ભાવનગરના વેપારીનું અપહરણ કરી ₹ ૫૦ લાખની ખંડણી માંગનારા બે આરોપી ઝડપાયા

(તસવીરઃ વિપુલ હિરાણી)




ભાવનગરઃ શહેરના ચિત્રા વિસ્તારમાં રહેતા સાડીના એક વેપારીનું અપહરણ કરી તેના છૂટકારા બદલ રૂ. ૫૦ લાખની ખંડણી માગનાર ભાવનગર અને રાજકોટના શખ્સને પોલીસે રાજકોટ થી ઝડપી લીધા હતા. જ્યારે રાજકોટના ત્રણ અન્યને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી.

આ આ બનાવની વિગતો એવી છે કે ભાવનગર શહેરના ચિત્રા વિસ્તારમાં મસ્તરામ બાપા મંદિર પાસે આવેલી હાટકેશ્વર સોસાયટીમાં રહેતા કમલેશગીરી ગોસ્વામી પોતે સાડીના વેપારી છે. ગત તા. ૧૧મીથી તેઓ સંપર્ક

વિહોણા બન્યા હતા. દરમ્યાનમાં ગત તા.૧૩મીએ પરિવારજનો પર અપહરણકારોનો ફોન આવ્યો હતો

અને કમલેશગીરી ગોસ્વામી તેના કબજામાં હોવાનું જણાવી તેની મુક્તિ માટે રૂપિયા ૫૦ લાખની ખંડણી માગવામાં આવી હતી. આથી પરિવારજનો હતપ્રભ બની ગયા હતા. ભારે ગડમથલના અંતે ભાવનગર જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયને ફોન કરી પરીવારજનોએ હકીકત જણાવી હતી. બનાવની ગંભીરતાને ધ્યાને લઈ એસ.પી. દ્વારા લોકલ ક્રાઈમ બ્રાંચના પીઆઈ એ.આર.વાળાને તાકિદે સૂચના આપી અને વેપારીની મુક્તિ માટે તથા આરોપીને ઝડપી લેવા કાર્યવાહી કરવા જણાવ્યું હતું. આથી એલસીબી પીઆઈના માર્ગદર્શન હેઠળ સ્ટાફ કામે લાગ્યો હતો. દરમિયાનમાં પોલીસને જાણકારી મળી હતી કે અપહરણકારો એ વેપારીને રાજકોટ ખાતે ગોંધી રાખ્યા છે. આથી પોલીસ ટીમ રાજકોટ દોડી જઈ અને વેપારી કમલેશગીરી ગોસ્વામીને મુક્ત કરાવ્યા હતા, જ્યારે સ્થળપરથી અપહરણકાર ગોપાલભાઈ બોઘાભાઈ બાંબા (રે. માલધારી સોસાયટી ભાવનગર હાલ નારી) અને કાનાભાઈ રાજેશભાઈ ટોળીયા (રહે. થોરાળા મેઈન રોડ રાજકોટ)ને ઝબ્બે કર્યા હતા. તપાસ દરમિયાન આ ગુનામાં ભરત હમીરભાઈ ટોળીયા, દિનેશભાઈ તથા કાના પટેલ (રહે તમામ રાજકોટ)ના નામ ખૂલ્યા હતા, જેઓને ઝડપી લેવા તજવીજ હાથ ધરવામાં આવી હતી. ભાવનગરની એલસીબી પોલીસે ગણતરીની કલાકોમાં જ અપહરણ કરનાર આરોપીઓને રાજકોટથી ઝડપી લીધા હતા. ■

# કચ્છમાં અલગ અલગ અકસ્માતની ઘટનાઓમાં ચાર લોકોનાં મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લાના ધોરીમાર્ગો પર બનેલી અલગ-અલગ માર્ગ અકસ્માતોની દુર્ઘટનાઓમાં ચાર લોકોએ દુર્ઘટનાગ્રસ્ત બની જીવ ગુમાવ્યો હતો. ગાંધીધામ, નખત્રાણા, માધાપર અને મુંદરા વિસ્તારનાં આ બનાવોએ જિલ્લામાં શોક અને ચિંતાનું મોજું ફેલાવી દીધું હતું. પોલીસે તમામ કેસોમાં અલગ-અલગ ગુના દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

ગાંધીધામ તાલુકાના પડાણા નજીક બે બાઈક વચ્ચે અકસ્માતમાં સિનુગ્રાના ગોવિંદ કરમણ આહીર નામના યુવકનું મોત થયું હતું, જેથી કાર ચાલક વિરુદ્ધ મૃતકના નાના ભાઇ રણધીર આહીરે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. નખત્રાણાના જતાવીરાથી મોટી વિરાણી મોટરસાઇકલ પર જતા મોટી વેડહારના સોઢા સવાઇસિંહ ખેતશીને અજ્ઞાત વાહન સાથે અકસ્માત નડતાં ગંભીર ઇજાના પગલે તેઓનું મૃત્યુ થયું હતું. ઉક્ત બંને અકસ્માતો અંગે સંબંધિત પોલીસ મથકો દ્વારા કેસ નોંધવામાં આવ્યા અને વાહનચાલકો સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

ધુણાઇ-દહીંસરા માર્ગ પર ૨૭ વર્ષીય પાર્થ દીપક સુનેસરાનું માર્ગમાં આડા ઉતરેલા સાંઢ સાથે ટકરાઈ જતાં ગંભીર ઇજાના લીધે મોત થયું હતું. જ્યારે મુંદરાના ધ્રબમાં અદાણી પોર્ટ એક્ઝીમ યાર્ડમાં કન્ટેનર ટ્રેઇલરમાં માલ ચડાવતી વખતે નીચે ઉતરેલા ટ્રેઇલર ચાલક એવા મેજરસિંઘ ગુરુબચનસિંઘ શીખનું કલ્માર મશિનના અડફેટ આવતા કમકમાટીભર્યું મોત થયું હતું. ■

# દોઢ દાયકા પુરાણા દુષ્કર્મ કેસમાં ભચાઉના નરાધમ યુવકને ૧૦ વર્ષની સખ્ત કેદની સજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ૧૬ વર્ષ અગાઉ પૂર્વ કચ્છના ભચાઉ શહેરમાં પડોશમાં રહેતી એક સગીરાને લગ્ન કરવાની લાલચ આપી, અપહરણ કરી તેણી સાથે દુષ્કર્મ આચરવાના જે-તે સમયે ભારે ચર્ચાસ્પદ બનેલા ગુનામાં ભચાઉની નામદાર સેશન્સ કોર્ટે આરોપી યુવકને ૧૦ વર્ષની સખ્ત કેદ સાથે ૧૦ હજાર રૂપિયાનો દંડ ફટકારતો ચુકાદો આપ્યો હતો.

કેસ અંગે પ્રાપ્ત માહિતી મુજબ,ગત ૧૦-૧૧-૨૦૦૮ના રોજ આધોઈ પોલીસ મથકમાં હાજી હાસમ સમા નામના યુવક વિરુદ્ધ ભચાઉમાં રહેનારી સગીરાનું લગ્નની લાલચે ઘરમાંથી અપહરણ કરીને દુષ્કર્મ આચરવાનો ગુનો નોંધાયો હતો. આ ગુનામાં અનામત રાખેલો ચુકાદો જાહેર કરીને ભચાઉના ત્રીજા અધિક સેશન્સ જજ અંદલીપ તિવારીએ હાસમ સમા (રહે. હિંમતપુરા, ભચાઉ)ને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬ હેઠળ દોષી ઠેરવી ૧૦ વર્ષની સખ્ત કારાવાસની સજા ફટકારી હતી. હાસમ સમા અન્ય એક ગુનામાં આજીવન કેદની સજા પામેલો છે અને હાલ તે રાજકોટ જેલમાં પાકા કામના કેદી તરીકે સજા કાપી રહ્યો હોવાનું આ કેસમાં મદદનીશ સરકારી વકીલ તરીકે રહેલા ડી.એસ. જાડેજા અને એમ.આર.જાડેજાએ જણાવ્યું હતું. ■

# પૂર્વ કચ્છના ગાંધીધામ સંકુલમાં પ્રચંડ ભેદી ધડાકાથી લોકોમાં કુતૂહલ-ગભરાટ ફેલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પાકિસ્તાન પ્રેરિત આતંકવાદ વિરુદ્ધ ભારતનું ઓપરેશન સિંદૂર ૨.૦ ટૂંક સમયમાં ફરી શરૂ કરવાની થઇ રહેલી વાતો વચ્ચે કચ્છના ઔદ્યોગિક પાટનગર એવા ગાંધીધામ સંકુલમાં બુધવારની બપોરના અરસામાં પ્રચંડ ભેદી ધડાકાથી લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો.આ ધડાકો એટલો પ્રચંડ હતો કે આ સંકુલના લોકો ગભરાઈને મકાનોની બહાર આવી ગયા હતા. ભેદી ધડાકો ગાંધીધામ, આદિપુર, અંજાર, કિડાણા, કંડલામાં પણ સંભળાયો હોવાનું બહાર આવ્યું હતું અને લોકોએ સોશ્યલ મીડિયા ઉપર ધડાકા અંગેના મેસેજ વાયરલ કર્યા હતા. આ વિસ્ફોટ બાદ અમુક લોકોએ આકાશમાં ધુમાડા સાથે નીચે કોઈ વસ્તુ પડતાં જોઈ હોવાની પણ અફવા ફેલાઈ હતી.

દરમ્યાન, જાણકારોના મતે આકાશમાંથી પસાર થયેલાં ફાઈટર પ્લેનની ઝડપના કારણે આ અવાજ પેદા થયો હોવાની શક્યતા વ્યક્ત કરી હતી.

હાલ પાકિસ્તાન સાથેના તંગદીલીભર્યા સંબંધોને અનુલક્ષીને આકાશમાં ભારતીય વાયુદળના લડાકુ વિમાનો ચક્કર લગાવી રહ્યાં છે. આવા જ કોઈ ફાયટર જેટની ગતિમાં વધારા-ઘટાડાના લીધે આ ધડાકો ઉદ્‌ભવ્યો હોઈ શકે છે. ઉડ્ડયનક્ષેત્રના નિષ્ણાતોના દાવા મુજબ અવાજની ગતિ કરતાં વધુ ગતિ ધરાવતાં સુપરસોનિક ફાયટર જેટના કારણે ઘણીવાર હવાનું પ્રચંડ દબાણ સર્જાતું હોય છે જે બર્સ્ટ થતાં આ પ્રકારનો ધડાકો થતો હોય છે. જે 'સોનિક બૂમ' તરીકે ઓળખાય છે. અલબત્ત ભૂતકાળમાં ભૂગર્ભીય હલચલના લીધે ખાવડા,ભચાઉ, કંથકોટ, લખપત જેવા વિસ્તારોમાં આ પ્રકારના પ્રચંડ ભેદી ધડાકા થયા હોવાના બનાવો બની ચૂક્યા છે. ■